[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

(પ્રત [illegible])

[illegible]

[illegible] ૧૯૪૫—[illegible] ૧૮૮૯

[illegible]

[illegible]

૩૫૫૨

कुवल्यानंद कृष्णकारिका-

નું

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર, રચનાર

રાજેશ્રી. વહાલજી વિ. લક્ષ્મીરામ દવે.

ન્યાયાધિશ. વળા.

—(०)—

કાવ્ય રત્ન નિતિ વ્યવહારિક ધર્મો, ઋતુસંહાર વગેરેનાં કર્ત્તા અને રસમંજરીનું ભાષાન્તર રચનાર.

प्रसिद्धकरनार.

કુંવરજી વિ. વર્દ્ધમાન શાહ.

ધરાંગધ્રા.

(પ્રત ૫૦૦)

નડિયાદ "સત્યસાગર" પ્રેસ.

સંવત ૧૯૪૫—સન ૧૮૮૯

કિમ્મત બાર આના.

अर्पण पत्रिका.

રા. રા. નૃસિંહપ્રસાદ હરિપ્રસાદ.

મુ. જુનાગઢ.

આર્યા વર્ત્તનાં અર્વાચિન સુધારકોનાં અગ્રેસરહોઈ
વિદ્યા આદિ દેશોન્નત્તિનાં ઉજવળ કાર્યમાં પર-
મોત્સાહિત્ત બની મન ધનથી આપના અ-
પ્રતિહત પ્રશંસ નિય પ્રયાસને લીધે
આ અનુપમ ગ્રંથ આપને
સાદર અર્પણ કરૂં છું.

હું

કુંવરજી.

પ્રસ્તાવના.

મારા "કાવ્યરત્ન" નામના ગ્રંથમાં છેલો ભાગ અલંકારનો આપવા પછી એ વિષય ઉપર પૂર્ણ વિસ્તારથી લખવાની મારી ઘણા દીવસથી જીજ્ઞાસા હતી. સન ૧૮૭૬ ના અગષ્ટમાં હું વડોદરે ગયો તે વખત એક વિદ્વાન મિત્રની મારફત સંસ્કૃત **चंद्रावलोकसहित कुवलयानंदकारिका** નામનો ગ્રંથ એક પ્રભાશંકર નામના વિદ્વાન અહસ્ત હસ્તક પ્રખ્યાત શાસ્ત્રી યજ્ઞેશ્વર પાસેથી મેં મેળવ્યો. ને એ લઈ હું મારી રજાના દીવસો ભોગવવા વઢવાણ આવ્યો.

રજા પુરી થયા અવલ મારે મારી નોકરી ઉપર હાજર થવાની જરૂર થવાથી કાંઇ વળાદરબાર શ્રીના રાજપ્રકરણી કામે મુંબઇ જવું થયું ત્યાંથી બે અઢી મહીને આવી થોડા રોજ પ્રકૃતી સારી નહીં રહી તેથી બે ત્રણ મહીના બીજા કામમાં ગુંથાઓ. સને ૧૮૮૭ના મે માસમાં આ અલંકારોનું ભાષાન્તર કરવુ શરૂ કર્યું. આશરે ત્રણેક માસમાં તે કામ ઘણી મુશીબતે પુરૂં કીધું. એકતો બીન વસીલદાર અને પરજ્ઞાતિ હોવાથી નોકરી ઉપર બરાબર હાજર થવાની હું જરૂર ધારતો તેમાં કોઇ કોઈ વખત ફુરસદ પામતો તે માત્ર ઓફીસમાંથી સાંજ વખતે ઊઠવા પછી પામતો એ વખતમાં બને તેટલું સમજીને લખી લેતો.

વળા (વલભી) પાસે "પછેગામ" કરી એક ગામછે તેમાં પ્રશ્નોરા બ્રાહ્મણ રહેછે એ ગામનો એક ઈશ્વર ગૌરીશંકર નામનો પંડીત જે દેશી વૈદક તેમજ સંસ્કૃતમાં ઊંચુ જ્ઞાન ધરાવે છે તેની સહાયતાથી પુરૂં કીધું.

પુરૂ થવા પછી સારૂ લખવાનો મેં વિચાર કીધો તેવામાં પાછું મારે દરબારી કામ પ્રસંગે મુંબઇ જવું થયું અને ત્યાં આશરે ત્રણેક મહીના રહ્યો—તે પછી પાછો વળી આવ્યો અને ધીમે ધીમે સાફ લખી પુરૂં કર્યું અને પછી વિદ્વાનોની શેવામાં અભિપ્રાય વાસ્તે મુકવાની મારી ઈચ્છા થઇ તે પ્રમાણે એક વિદ્વાન મિત્ર મારફત હું તેઓની શેવામાં મોકલુંછું જેને વાસ્તે મારી ચુક હોય તે ક્ષમા કરી નિષ્પક્ષપાતપણે તેઓ પોતાનો પુરતો અભિપ્રાય આપશે એવી સંપૂર્ણ આશા રાખુંછઉં.

આ ગ્રંથમાં મેં મારી બુદ્ધિનો વધારો કર્યો નથી પણ જ્યાં યોગ્ય લાગ્યું ત્યાં વધારાના શ્લોકો મેં પડતા મુકયા છે.

આ શ્લોકો શ્રંગાર રસની વાણીથી જોકે ભરપુર છે તો પણ તેનો ભાવાર્થ આડે મારગે ન જાય તેમજ ગ્રંથ બગડી ન જાય તેથી મૂળ પ્રત પ્રમાણે મારે ઘણા શ્લોકોનો અર્થ એવોજ રાખવાની તથા લખવાની જરૂર જણાણી છે.

વાંચનાર વિદ્વાનો મારા ઉપર જારટીકા નહીં કરતાં આ ગ્રંથ ઉપર પોતાની અંતઃકરણની પ્રિતી ભાવ બતાવશે એવી હોંશ હું રાખુંછું.

વાલજી વી. લક્ષ્મીરામ.

वळ्यानंद कृष्णाकारिका

मंगळाचरण.*

ઇંદ્રવજ્રાવૃત.

જે સૃષ્ટિને પોષણ આપી પાળે, જેની ક્રિયાથી ક્રમ[1] તંત્ર ચાલે,
તે સૃષ્ટિ કર્ત્તા સુખ સર્વ થાપો, આનંદ આનંદ અપાર આપો. ૧

માલિનિ વૃત.

અમરિ કબરિ ભારે, પુષ્પ સુગન્ધ સારૂ,
ભમરિ કરતિ ઉડે નાદ ગુન્જાર ચારૂ;
ચરણ કમળ ગાજે, પાર્વતિનુંજ જેથી,
કિલવિષ સહુ થાજો દૂર એને નમેથી. ૨

ટીકા—અમરીદેવાંગનાઓનાં કબરી—ચોટલાઓમાં ફુલો ગુંથેલા છે તેની સુગન્ધને લીધે ભમરીઓ ચોટલાતરપ ફરતી ગુન્જાર—ગણુગણાટનો અવાજ મનને પ્રિય લાગે તેવો કરી રહી છે. તે સહીત જે પાર્વતીનું ચરણ કમળ તેમાં નમન કરવાથી પાપ દુર

---

* મંગળાચરણ ત્રણ પ્રકારનાં હોય છે. ૧ આશીર્વાદાત્મક ૨ નમસ્કારાત્મક ૩ વસ્તુ નિરદેશાત્મક. જેમાં આશીર્વાદ આપ્યો હોય તેને આશીર્વાદત્મક કહે છે. જેમાં દેવ અથવા ઇશ્વરને નમસ્કાર કર્યો હોય તે નમસ્કારાત્મક અને જેમાં જે ગ્રંથ કરવાનો હોય તેનોજ પ્રારંભ મંગળાચરણમાં આવે તેને વસ્તુ નિરદેશ કહે છે.

૧ કુદરતના ધોરણનો તંત્ર.

થાજો–આ શ્લોકમાં દેવાંગનાઓ એવા ચોટલા સહિત નમે છે, એમ ગ્રન્થકર્ત્તાએ ભાવ આણી કુક્તિ બતાવી છે.

દોહરો.

લક્ષ અને લક્ષણ થકી, ભેદ વિશેષ વિવેક;
બાળક બોધ થવા કર્યો, અલંકાર અભિષેક. ૩

ટીકા—અલંકાર શિખ્યા વિના ભાષામાં બુદ્ધિ જ્ઞાન બાળપણ જેવું હોય છે, તેથી બાળક શબ્દ વાપર્યો છે. લક્ષ એટલે અલંકાર ઉદાહરણ એને લક્ષણ એટલે તેને નિયમે કરી તેનું સ્વરૂપ બતાવવું તે.

અલંકાર—રસ વ્યંગાદિથી ભિન્ન છતાં શબ્દાર્થનાં વિષયનો બીજી રીતનો ચમત્કાર ઉત્પન થાય તેને અલંકાર કહે છે.

૧—જ્યાં ઉપમાન અને ઉપમેયની સદ્રશ્ય શોભા ઉત્પન થાય તેને ઉપમા કહે છે. જે ઠેકાણે ઉપમાન અને ઉપમેય કવિના મનમાં સ્વભાવિક રીતે કાંઇ પણ વ્યંગાર્થ કાઢવા શિવાય એક સરખી રીતે પ્રકાશ થઇ શોભે તે ઠેકાણે ઉપમા કહેવાય છે ઉપમા અલંકાર સર્વ અલંકારમાં પ્રસિદ્ધ છે તેથી તેને પહેલો લખ્યો છે.

ઉદાહરણ. **ઉપજાતિ વૃત.**

પરાક્રમીને પુરૂષાર્થ સારૂં, છુપું રહ્યું છે ન છપાવ્યું તારૂં;
હે કૃષ્ણ કિર્ત્તિ તુજ હંસીજેવી, આકાશ ગંગા મળિન્હાયતેવી. ૪

હે કૃષ્ણ તારૂં પ્રાક્રમ ને પુરૂષાર્થ સારાં છે તેથી છપાવી રાખ્યાં છુપાં રહી શકતાં નથી, તારી જે કીર્તી છે તે હંસી જેમ આકાશ ગંગામાં ન્હાય છે તેમ ત્હારી કીર્તી પણ તેમાં ન્હાય છે.

એવી રીતની ઉપમા હોય તેને પૂર્ણોપમા કહે છે. ઉપમામાં મુખ્ય ચાર વસ્તુ જોઈએ ૧ ઉપમાન ૨ ઉપમેય ૩ ધર્મને ૪ વાચક. ઉપલા દ્રષ્ટાંતમાં હંસીએ ઉપમાન, કીર્તીએ ઉપમેય. આકાશ ગંગામાં

ન્હાવું એ ધર્મ અને જેવી એ ઉપમા વાચક શબ્દ છે.

બીજું ઉદાહરણ. ઉપજાતિવૃત.

જે શંકરે ચંદ્ર લલાટ રાખી, ગળે ગૃહ્યું વીષ ન દીધું નાખી;
તેવા ગુણી આ ગુણ દોષ ગન્ઠે, ગુણો વખાણે ધરિદોષ કંન્ઠે. ૫

શંકરે જેમ ચંદ્રને મુસ્તકમાં રાખ્યો છે ને ઝેરને ગળે રાખ્યું છે પણ બહાર કાઢતા નથી તેમ ગુણી પુરૂષો ગુણના વખાણ કરી ધારણ કરે છે અને દોષને કહી બતાવતા નથી પણ ગળાની માંહ્ય રાખે છે એમાં પન્ડિતોએ ઉપમેય. શંકર એ ઉપમાન ચંદ્ર, વિષ, અને ગુણદોષને ધારણ કરવા એ સ્વભાવિક ધર્મને તેની જે રીત તે ઉપમા લાયક છે.

જ્યાં ઉપમાન ઉપમેય ધર્મ અને વાચક એ ચારેમાંથી એક અથવા બે કે ત્રણ ઓછાં હોય છે ત્યાં લુપ્તોપમા કહેવાયછે. એના આઠ પ્રકાર થાય છે. ૧ વાચકલુપ્તા. ૨ ધર્મલુપ્તા. ૩ ધર્મ વાચક લુપ્તા ૪ વાચકોપમેયલુપ્તા ૫ ઉપમાન લુપ્તા ૬ વાચકોપમાનલુપ્તા ૭ ધર્મોપમાન લુપ્તા ૮ ધર્મોપમાન વાચક લુપ્તા. એમાં પહેલાં ચારમાં ઉપમાન હોય છે અને બાકીના ચારમાં આવતું નથી.

૨—અનન્વય—જ્યાં ઉપમેયને પોતાના શિવાય બીજી વસ્તુની ઉપમા આપી શકાતી નથી તેને અનન્વય કહે છે.

ઉદાહરણ. ભુજંગીવૃત.

ઉનાળે ખરા તાપથિ શાન્તિ લાવી, સમીસાંજ ટાણે સુવું બારે આવી;
અહોની અતિકાન્તિ આકાશ જોઈ, શશી તે શશીના બિજું તુલ્ય કોઈ. ૬

ટીકા—બીજા ગ્રહો ઘણા કાન્તિ વાળાછે પણ ચંદ્ર તેતો ચંદ્રજ તેની યોગ્ય બીજું કોય નથી. બીજું દ્રષ્ટાન્ત.

ઉપજાતિ વૃત.

આકાશ આકાશ ન યોગ્ય કોઇ, નિધી નિધીનાં નિધી યોગ્ય કોઇ;
લંકાપતી રામનું યૂદ્ધ તેવું, દિસે ન કોઈ મુજ મન એવું. ૭

પહેલા ઉદાહરણમાં તે કાન્તિના ધર્મ ચંદ્ર સરખોજ કહ્યોછે ને બીજા ઉદાહરણમાં આકાશ અને સાગરની વિશાળતાને આકાશ સાગર તૂલ્ય ગણાય છે. રામ રાવણના યૂદ્ધને તો તે યુદ્ધ ધર્મજ યોગ્ય ગણ્યું છે.

૩. **ઉપમેયોપમા**—જ્યાં ઉપમાન અને ઉપમેયની પરસ્પર ઉપમા અપાય ત્યાં ઉપમેયોપમા કહેવાય છે.

ઉદાહરણ. દોહરો.

તારામાં જે ધર્મ છે તે પરિપૂરણ અર્થ,
અર્થ વળિ તૂજ ધર્મછે, તું બહુ વિધ સમર્થ. ૮

એમાં ધર્મછે તે અર્થ–દ્રવ્ય છે અને દ્રવ્ય છે તેજ ધર્મછે એ પરસ્પર ઉપમા આપી છે.

બીજું ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

આકાશ અમ્બુ નભ અમ્બુ જેવો, ઇન્દૂદિસે હંસજ હંસ તેવો,
તારા કુમૂદો કૂમુદોજ તારા, દેખાય તે એક બીજાંજ સારા. ૯

એમાં આકાશને પાણી સાથે અને પાણીને આકાશ સાથે સરખાં ગણ્યાંછે. ચંદ્રને હંસ અને હંસને ચંદ્ર જેવાં ગણ્યાંછે તારાને કુમુદના ફુલ જેવાં તથા કુમુદને તારા જેવાં ગણ્યાંછે.

ઉપેંદ્રવજ્રાવૃત.

ગિરી દિસે આ ગજ રાજ જેવો, વળી દિસે આ ગજ ગીરિ જેવો;
ઝરા ગિરીના મદ ધાર જેવા, વહે મદો તે ગિરિ ઝર્ણું જેવા. ૧૦

આ પર્વતછે તે ગજ રાજ–હાથી જેવોછે ને હાથી પર્વત જે-

વોછે. પર્વતનાં ઝરણુ હાથીના મદના ઝરણુ જેવાંછે અને હાથીના મદનાં ઝરણુ તે પર્વતનાં ઝરણુ જેવાંજ છે.

૪—જ્યાં ઉપમાનને ઉપમેય કરી વર્ણવે ત્યાં પ્રતિપાલંકાર થાય છે ઉપમાનને પ્રતીપ-એટલે ઉલટું વર્ણવે તેથી પ્રતિપાલંકાર કહે છે.

ઉદાહરણ. ઊપજાતિવૃત.

સરોજછે આ તુજ નેત્ર જેવું, શશી દિસેછે તુંજ મૂખ જેવું;
નિમગ્ન નાઇ તુજ પ્રેમ ગાને આનંદ પામું પરિપુર્ણ માને. ૧૧

આ કમળછે તે તારા નેત્ર જેવાંછે અને ચંદ્રમાછે તે તારા મુખ જેવોજ છે. હે સ્ત્રી તારા પ્રેમમાં હું નાઇને નિમગ્ન થઇ પરિપુરણ માનથી આનંદને પામું છું. એમાં કમળ ઉપમાન છે તેને ઊપમેય વર્ણવ્યું અને નેત્ર ઉપમેય છે તેને ઉપમાન વર્ણવ્યું છે. તેમજ ચંદ્રને મુખને પણ કર્યુંછે.

બીજું ઉદાહરણ. સવૈયો.

જે નયનોનિ સમાન સરોજ ગયું વરષાઋતુમાં જળ માંહીં;
જે મુખની પડછાંય અનુસરતો શશીતે વળી વાદળ માંહીં;
જે ગતિ તારી અનુસરી હંસ હતા સર તીર તમામ તજાવ્યું;
રે તુજ સાદ્રશ્યનોજ વિનોદ ખમી નવ દૈવથી કાંઇ શકાયું. ૧૨

હે સ્ત્રી તારાં નેત્ર સમાન હું કમળને ગણતો તે વર્ષા રૂતુમાં પાણીમાં બુડયાં, તારાં મુખની છાંયાને અનુસરતો ચંદ્ર તેને વાદળમાં ઢાંક્યો, તારી ગતિને અનુસરે તેવી હંસની ચાલ તે તળાવનું તટ છોડી ક્યાંઇ ચાલ્યા ગયાં છે. વાસ્તે હું શું કહું તારા સાદ્રશ્ય પદાર્થથી હું વિનોદ પામતો તે પણ દૈવથી ન ખમાયું.

૫. જ્યાં ઉપમાન ને ઉપમેયથી વર્ણન કરતાં ઉપમેયનો અ-

નાદર થાય અને ઉપમાન ને ઉત્તકૃષ્ટ કરાય ત્યાં પણ પ્રતિપાલંકાર જાણવો.

ઉદાહરણ. ઉપેંદ્રવજ્રાવૃત.

થયું થયું પૂરણ પ્રીય મારી, ધરે ગરૂરી મુખ કાન્તિ તારી;
હજુ રહ્યોછે પણ ચંદ્રતેવો, રખે તું રાખે મન ગર્વ એવો. ૧૩

હે પ્રીય તારા મુખની કાન્તિનો તું ગર્વ રાખેછે તો હવે થઇ રહ્યું. પણ રખે એમ ધારતી હજી ચંદ્ર પણ તેવો કાન્તીવાન છે.

ઉપજાતિવૃત.

હે ભદ્ર નારી કયમ ગર્વ માંડે, નેત્રો વિષેનો નવ કો ઉપાડે;
નળીન નાશી નથીરે ગયાં જો, સરોવરોમાં ખિલિ તે રહ્યાં જો. ૧૫

હે ભદ્ર-રૂડી નારી કોઇ ન ઉપાડી શકાય તેવો તારા નેત્રાનો ગર્વતું કેમ માંડેછે, નળીન જે કમળો તે હજુ કાંઈ નાશ નથી પામ્યાં મતલબ કે તારાં નેત્રથી ગ્લાનિ નથી પામ્યાં પણ સરોવરોમાં હજી ખીલી રહ્યાંછે, તે ન માનતી હુતો જો.

ख. જ્યાં વર્ણ્ય પદાર્થને ઉપમેયના લાભે કરીને બીજાનો અનાદર થાય ત્યાં પણ પ્રતિપાલંકાર કહેવાય છે.

ઉદાહરણ. વસતંતિલકાવૃત.

હે મૃત્યુ કેમતું હજી ક્રુરગર્વ ધારે, તારા સમીપણ સ્ત્રીઓ રહિછે વિચારે;
રેતું નથી જગતમાં અભિમાન કેનું, રેરે વિચાર મનમાંવનિતાવિષેનું.૧૬

હે મૃત્યુ તું ક્રુરતાનો ગર્વ ન ધારીશ તારાસરખી સ્ત્રીઓ પણ હજીછે માટે સ્ત્રીઓ વિષેનું મનમાં વિચાર જગતમાં કોઈનું અભિમાન રેહેતું નથી.

બીજુઉદાહરણ. વસંતતિલકાવૃત્ત.

મોહું સદા મનહળાહળવિષમાની; થાતુંખુશી નહદિરાખીશ એનિશાની;

જેવાક્ય દુરિજનનાં સરખાંજતારા, રેતાંનથિ ભુવનમાં ગુણગર્વ ધાર્યાં.૧૭

હે હળાહળ વિષ તું તારી મોટાઇમાની હરખ ન પામીશ ને એવી નિશાની પણ નદેખાડીશ કેમકે તારાં જેવાં દુરીજનનાં વાક્ય પણ છે. વાસ્તે આ જગતમાં કોઈનાં ગુણગર્વ ધારણ કર્યાં રેતાનથી.

ગ. વર્ણ્ય પદારથ છે તેને બીજાની ઊપમાની યુક્તિએ કરીને અયોગ્યતા બતાવાય તેને પણ પ્રતિપ કહે છે.

ઉદાહરણ. **દોહરો.**

નેત્ર મનોહર માનની, રાખે નક્કી યાદ;
તુજ મુખ જેવું કમળ છે, મિથ્યા એ અપવાદ. ૧૮

હે મનોહર નેત્ર વાળી તારા મુખ જેવું કમળ છે એવી જે કલ્પનાછે તે મિથ્યા અપવાદ છે. એમ તું નકી યાદ રાખજે.

બીજુઉદાહરણ. **માલિનિવૃત્ત.**

કમળ નયનિ રૂડી, સાંભળે વાત મારી;
વદન તુજશ,-શિને ઉપમા આપનારી;
નવચ તુર થકિ તો એમ કો'દી લખાએ,
અવનિ પર અ-રે એ પામરોથીજ થાયે. ૧૯

હે કમળ નયની સ્ત્રી મારી વાત સાંભળ કે તારા મુખની ચંદ્રને ઉપમા આપવાની જે વાત તે તો ચતુર હશે તેનાથી તો કોઇ દીવસ નહિં થાય પણ આ પૃથ્વીપર પામર પુરૂષ હશે તેજ એવી ઉપમા દેશે.

ઘ—જ્યાં કોઇ વર્ણ્ય પદાર્થને ઉપમાનનું વ્યર્થપણું માને છે ત્યાં પણ પ્રતિપાલંકાર કહેવાય છે.

ઉદાહરણ. **ઇંદ્રવજાવૃત.**

એવી વનિતા પતિવ્રત પાળે, જો મુખ એનું કદિ કોઇ ભાળે;

મારા મનેતો નકિ એ વશ્યું છે, અંબુજમાં શું શશિમાંય શું છે.૨૦

એક સ્ત્રી પતિવ્રત પાળે છે તે એવી છે કે-જો કોઈ તેનું મુખ ભાળે તો મારે મનેતો નકી વશ્યું છે કે કોઈ એમજ માને કે ચંદ્રમાં પણ શું છે અને કમળમાં પણ તેના મુખ આગળ શું છે?

બીજુ ઉદાહરણ

જોયા પ્રતાપયશને નળના વિધીએ, છે ચંદ્ર સૂર્ય અમથા ગણના લિધીએ
તાણ્યું હશે જ પરિવેષ વૃથા ગણીને, જો આજ જણાય કુંડુ રહ્યું જે ભણીને.૨૧

જ્યારે બ્રહ્માએ નળ રાજાના યશને પ્રતાપ જોયાં ત્યારે તેને એમ જણાયું કે ચંદ્રને સૂર્ય મેં અમથા બનાવ્યા તેટલા માટે સૂર્ય ને ચંદ્ર આસપાસે જે કુંડાળું દેખાય છે તે વૃથા છે એમ ગણીને તે મિલાવી દીધા. તેથી એ કુંડાળાં જો આજ કુંડાળાં જણાય છે.

કેટલા એક અનન્વય ઉપમેયોપમામાં પ્રતીપાલંકારના પેટાભાગો ગણે છે પણ કુવળયાનંદમાં તેમ ગણ્યા નથી કેમકે જે ચમત્કાર સાધારણ રીતે આવવો જોઈએ તે આવતો નથી.

૫—ઉપમાનના રૂપે કરીને ઉપમેયનું અભેદતા અને તાદ્રુપ્ય રૂપે વર્ણન થાય તેને રૂપક કહે છે.

રૂપકના બે પ્રકાર છે ૧ અભેદ રૂપક અને ૨ તાદ્રુપ્ય રૂપક વળી એ દરેકનાં ત્રણ ત્રણ પ્રકાર થાય છે. તેમનાં નામ. આધિક્ય, ન્યૂનત્વ અને અનુભય રૂપક.

क—અનુભયા ભેદ રૂપક—જેમાં ઉપમાનને ઉપમેયને સરખી રીતે ગણ્યા હોય તેને અનુભયા ભેદ રૂપ કહે છે

ઉદાહરણ. **દોહરો.**

આતો શંકર રૂપછે, ખરે ખરૂં સાક્ષાત;
એક ક્ષણે રિપુ પૂરને, ભસ્મ કર્યું કહું વાત. ૨૨

એમાં એક રાજાએ શત્રુનાં શહેરને યુદ્ધમાં બાળી નાંખ્યું તેથી સાક્ષાત શંકર રૂપ તેને કહ્યું છે.

બીજું ઉદાહરણ. દોહરો.

પ્રથમ હણ્યો કૈટભ કહે, એક કહેછે કંસ;
કહે રાજા તેં કેહેનો, કર્યો નિકંદન વંશ. ૨૩

એમાં બે જણને વાદ થયો એક કહે કૃષ્ને પહેલો કૈટભ માર્યો અને બીજે કહ્યું કે પેલો કંસ માર્યો. એમાં બેઉના મારનાર કૃશ્ન છે પણ કૃશ્ન રૂપે રાજાનું વર્ણન કર્યું છે તેથી દ્રઢ કરવાને મિષે સમાનતા બતાવે છે.

ख—ન્યુનાભેદરૂપક—જેમાં ન્યુનતા મુકી રૂપ અપાય તેને ન્યુના ભેદ રૂપક કહેછે.

ઉદાહરણ. દોહરો.

કહું કથાશી રાયની, અદ્‌ભુત રૂપ અપાર;
ત્રિજા નેત્ર વિણ શમ્ભૂનો, છેજ નકિ અવતાર. ૨૪

બીજું ઉદાહરણ. માલિનિવૃત.

સુવરણ વનિતામાં ભ્રમણા મન લાવે,
જુગતિ રચિ વિધીએ ધ્યાનમાં એમ આવે;
રહિત ઉભય આ શકિત યોગિ જો આ રચેલો,
નર કૃતિ રૂપ શમ્ભૂ છે ખરે ખાત પેલો. ૨૫

સુવર્ણ અને સ્ત્રીમાં બ્રહ્માએ એવી યુકિત રચી રાખીછે કે તેમાં મન ભ્રમિત થાયજ પણ એ બેની આસકતી રહિત જે આ જોગી તે નરાકૃતિ છતાં શંકર રૂપજ છે.

આ શ્લોકમાં પ્રસિદ્ધ શીવપણું બતાવ્યું પણ નરાકૃતિ રૂપ કહી એટલી ન્યુનતા બતાવી છે.

ગ—અધીકાભેદ રૂપક—જે રૂપકમાં કાંઈ અધિકતા બતાવી વર્ણન થાય તેને અધિકતા ભેદ રૂપક કહે છે.

ઉદાહરણ. દોહરો.

રાજ શબ્દ સાર્થક કરી, બેઠો આસન રાય;
સમ દ્રષ્ટિથી સર્વની, પરી પાલના થાય. ૨૬

બીજું ઉદાહરણ. ઈંદ્રવજ્રાવૃત.

કંપે છ આ સાગર એમ આણી, કાં સેતુ કાં મંથન કૃત્ત જાણી;
દ્વીપાંતરે ના પ્રતિકૂળ કોઈ, લક્ષ્મિ વરીછે નવ બીક જોઈ. ૨૭

કવિ રાજાને કહેછે કે હે રાજા—તને દેખીને સમુદ્ર થર થર કાંપવા લાગ્યો, કે આતે સેતુ-પાગ બાંધનાર રામ કે આતે મંથન-કૃત્ત—સમુદ્ર વલોવનાર વિશ્નુ એમ જાણી બીયેછે. પણ બીજા દ્વિપમાં પણ તારી વિરૂદ્ધ કોઇ નથી તેમ લક્ષ્મિ પણ તને વરીછે એટલે સમુદ્ર એમ જોઇને જરા નિરભય થાય.

ટીકા—વિશ્નુને લક્ષ્મિ નહોતી તેથી તેને સમુદ્ર વલોવવો પડ્યો હતો. રામચંદ્રજીને રાવણ પ્રતિકુળ હતો તેથી પાગ બાંધવી પડી હતી પણ હે રાજા તનેતો લક્ષ્મિ વરીછે ને કોઈ પ્રતિકુળ નથી એટલે વિશ્નુને રામચંદ્રથી પણ અધિકતા બતાવે છે.

ઘ. અનૂભય તાદ્રુપ્ય રૂપક—તાદ્રુપ્ય રૂપે સમાન વર્ણન થાય ત્યાં અનુભય તાદ્રુપ્ય કહેછે.

ઉદાહરણ દોહરો

સ્ત્રી મુખ ઈંદુ જોઈને, જો આંખે આનંદ
ખરા ચંદ્રથી તો પછી, શું પામે સુખ કંદ. ૨૮

સ્ત્રીનો મુખ રૂપી ચંદ્ર જોવાથી આંખને આનંદ છે તો પછી ખરા ચંદ્રથી શું બીજું સુખ જોવાનું છે.

બીજું ઉદાહરણ. વસંતતિલકાવૃત.

કાંતિ હણે કમળની મુખઈંદુ તારો, આનંદ નેત્ર સ્મર પ્રાપ્તિજ આપનારો;
ઉગેશશી કદિ સુધાગરવે કરીને, આપે સુધા અધર તૂજ અતી ઠરીને. ૨૯

હે સ્ત્રી. તારો મુખ રૂપી ચંદ્ર કમળની પણ કાન્તિ હણેછે, નેત્રને આનંદ પણ આપે છે, કામદેવની પ્રાપ્તિ પણ કરેછે, ત્યારે આ ચંદ્રમા જો સુધા–અમૃતના ગરવથી ઉગતો હોય તો બીંબાધર–હોઠ· છે તે પણ અમૃતતો મનને ઠારક વળે તેવી આપેછે. ત્યારે એ ફોકટ શું ઉગતો હશે?

૩–ન્યુનતાદ્રુપ્ય રૂપક—જે રૂપકમાં તાદ્રુપ્ય રૂપ આપતાં કાંઈ ન્યુનતા બતાવાય ત્યાં ન્યુનતાદ્રુપ થાયછે.

ઉદાહરણ દોહરો

સાગર સુધા થકી થઈ, નથી ત્રિયા ઉત્પન્ન;
એવી એ લક્ષ્મિ અને, પતિવ્રતા મુજ મન. ૩૦

મારે મનતો એ સમુદ્રમાંથી ઉત્પન નથી થઇ એવી પતિવ્રતા સ્ત્રી લક્ષ્મિ રૂપજછે.

બીજું ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

લાગેછ ચાતુર્મુખ હીન બ્રહ્મા, બીજા હરીએં ભુજ વાત સામા,
છે શમ્ભૂ તે લોચન વિન ભાળે, આ વ્યાસનું રૂપ નમિનિહાળે. ૩૧

આ વ્યાસછે તેને નમન કરીને જાશો તો તે ચાર મુખ વિના· ના બ્રહ્મા રૂપછે બે હાથ વાળા વિશ્નુ રૂપ લાગેછે ત્રીજા નેત્ર વિ· નાના શંકર રૂપ છે.

ચ અધીકતાદ્રુપ્ય રૂપક–જ્યાં તાદ્રુપ્ય રૂપકમાં અધીકતા બ· તાવાય ત્યાં તાદ્રુપ્ય કહેછે.

ઉદાહરણ. દોહરો.

એક કલંકી ચંદ્રથી, નિષ્કલંક મુખ ચંદ્ર;
અધિક સૂખ આપે મને, કરી ગતિ ઘણી મંદ. ૩૨

આ આકાશનો જે કલંકી ચંદ્ર છે તેના કરતાં મુખ જરાજરા ગતી કરે છે તેથી અધિક સુખ આપે છે.

બીજું ઉદાહરણ. વસંતતિલકાવૃત.

હે મૂર્ખ ચંદ્ર કયમ ગ્લાનિ મને પમાડે,
શું પ્રાણ જાય મુજ તો લય તુજ પામે ?
મારી શ્રુતિ પ્રવિણ કામ નકી ભણે છે,
વૈદર્ભ રાજ મુખ ચંદ્ર પરે ગણે છે. ૩૩

દમયંતી ચંદ્રને કહે છે કે. હે મુરખ તું મારા મનને ગ્લાનિ પમાડીને શું એમ ધારે છે કે--મારૂં મન તારામાં લય પામશે ના-ના એમ ધારીસ નહીં મારી શ્રુતિ શાસ્ત્રમાં પ્રવિણ. એવો જે કામદેવ તે તો નકી એમજ કહે છે કે. વૈદર્ભ રાજ જે નળ તેના મુખ રૂપી ચંદ્રમાં મળશે એમ ગણે છે.

મનનો દેવ ચંદ્ર છે ને મારવા પછી મન ચંદ્ર સાથે મળે છે, તેથી ચંદ્રને કલંકવાળો ગણી નળનું મુખ ચંદ્ર નિષ્કલંક છે તેમાં લય પામશે એમ કહ્યું નળના મુખ ચંદ્રને અધિક વર્ણવ્યો.

૬—પરિણામાલંકાર—જ્યાં ઉપમાનથી ઉપમેય પરિણામ પામીને ક્રિયા કરે ત્યાં પરિણામ અલંકાર કેછે.

ઉદાહરણ. દોહરો.

પ્રસન્નેત્ર કમળે કરી, સુન્દર દૃષ્ટિ વામ;
જુએ જુઓ પનઘટપરે, પ્રિયને લેતી નામ. ૩૪

બીજું ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

શમ્ભૂ તણી મૂગટ માળ ગંગ, રામે તરી તેહ નાવિક સંગ;
મૈત્રિ રૂપી મૂલ અમૂલ્ય આપ્યું, જે નાવિકે લક્ષ્મણ સાથ થાપ્યું. ૩૫

શંકરના મુગટની માળા રૂપી જે ગંગા તે રામચંદ્રજીને ખારવા સન્ગાતે તરી પાર કરી તે નાવિકને લક્ષ્મણનું મૈત્રિ રૂપ મૂલ આપ્યું.

૭–ઉલ્લેખાલંકાર—જ્યાં એક વસ્તુને અનેક રૂપે વર્ણવાય ત્યાં ઉલ્લેખાલંકાર જાણવો.

ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

રાજન દિઠો કામની કામ રૂપે, જે યાચકે કલ્પ તરૂ સ્વરૂપે;
શત્રુ જુવે કાળ સ્વરૂપ જેને, જુદે જુદે ભાવથી ભિન્ન તેને. ૩૬

બીજું ઉદાહરણ.

વાણી વિશે થાય બ્રહસ્પતિને, કીર્ત્તિ વિશે અર્જુન સંગતિને
જેવો વળી ભિષ્મ ધનૂર ધારી; છે એહ રાજાતણી વાત ન્યારી. ૩૭

પહેલા ઉદાહરણમાં અનેક જણે અનેક રીતે રાજાને વર્ણવ્યોછે. અને બીજામાં એક જણે અનેક રીતે રાજાને વર્ણવ્યો છે. વાણી વચનમાં બ્રહસ્પતિ જેવો કીર્ત્તિમાં અર્જુન જેવો ને ધનૂષમાં ભિષ્મ જેવો ગણ્યો છે. એ પ્રમાણે એને "બહુલ્લેખા" અને એકોટેક લેખાલંકાર કે'છે.

૮—સ્મૃતિ—જ્યાં કાંઈ વસ્તુને જોવાથી તેની સદ્રસ્ય ઉપમાની સ્મૃતિ થાય તેને સ્મૃતિ અલંકાર કહે છે.

ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

હે મિત્ર તું સાંભળ વાત મારી, કૌતૂક જે હું કહું વીસતારી;
અંબૂજ મેં આજ વિલોક્યું જેવું, આવ્યું પ્રિયાનું મુખયાદ તેવું. ૩૮

એમાં કમળને જોયું કે પોતાની પ્રિયાના મુખનું સ્મરણ થયું છે એ કઉતક પોતાના મિત્રને કહી બતાવે છે.

બીજુંઉદાહરણ. ઉપજાતિવ્રત.

દિવ્ય સ્ત્રિ જ્યાં પંકજ હાથ ધારી, વિલોકી પાણી થકી ગીરધારી,
લક્ષ્મિ નિધી મંથન કાળ જેવાં, સરોજ સાથે સ્મૃતિ થાય તેવાં ૩૯

એક દિવ્ય સ્ત્રીને હાથમાં કમળ લઇ પાણીમાંથી નીકળતી કૃષ્ને પોતાની આગળ જોઈ કે–સમુદ્ર મંથન વખતે લક્ષ્મી હાથમાં કમળ લઈ નિકળ્યાં હતાં તેનું ને સમુદ્રનું સ્મરણ થઇ આવ્યું.

૯—ભ્રાન્તિ અલંકાર—જ્યાં કોઈ વસ્તુને જોવાથી તેની સાદ્રસ્યની ભ્રાન્તિ થાય તેને ભ્રાંતી અલંકાર કહે છે.

ઉદાહરણ. વસન્તતિલકાવ્રત.

જો આ મદોન્મત્ત સખી ભમરો બધાએ,
જાણી સરોજ મુખ આગળ તુજ ધાએ;
જો દંશ દેઇ કરશે અધરો દુખિ તે,
લૈ ઢાંકી વસ્ત્ર કરિ નિર્ભય ને સુખી તે. ૪૦

હે સખી—આ મદોન્મત્ત ભમરા તારા મુખને કમળ જાણી તારા તરફ ધાય છે માટે હોઠ ઉપર દંશ મારશે તો તું દુખી થઈશ. માટે વસ્ત્ર લૈ આડું ઢાંકી પોતાની બાઇને નિર્ભય કરીને સુખી કરી એમાં ભમરો મુંખને કમળની ભ્રાન્તિ લેછે.

બીજું ઉદાહરણ. ઈંદ્રવજાવૃત.

આલી અરે પુષ્પ પલાસ ભ્રાન્તિ, બેઠો કરી શૂકનિ ચાંચ શાન્તિ.
જો એ ઠગાણો ભમરો બિચારો, કીરે પછીતે ફળ જામ્બુ ધાર્યો. ૪૧.

અરે સખી! જો આ ખાખરાના પુષ્પની ભ્રાન્તિથી ભમરો શુક—પોપટની ચાંચપર બેઠો એટલે પોપટે જાણ્યું કે એ જાંમ્બુંડાનું

ફુળછે. એમ ધારી પકડેછે. અલી જો એ ભમરો બિચારો ઠગાણો.

૧૦-સન્દેહ—જ્યાં કોઇ વસ્તુને જોવાથી તેની સાદ્રશ્યનો સન્દેહ થાય ત્યાં સન્દેહ અલંકાર કહેછે.

ઉદાહરણ. ઇંદ્રવજાવ્રત.

સ્વામિ પ્રિયાનું મુખ જોઇ રાતે, બેઠો વિચારે મનમાં નિરાંતે,
છે ચંદ્રકે પંકજ હોય કાંતો, નામે નથી એક નિદાન થાતો. ૪૨

સ્વામિ પોતાની પ્રિયાનું મુખ અંધારે દુરથી જોઇ મનમાં વિચારવાં બેઠોકે—આતે ચંદ્રમા હશે કે કમળ હશે તેનો એક નામનો નિશ્ચય થાતો નથી.

બીજુ ઉદાહરણ. ઉપજાતિવ્રત.

દુરીજનો આ ઘટિ યંત્રમાના, ભાઇ હશે જેષ્ટ કદાચ નાના,
સ્વાર્થે સદા થાયજ નમ્ર પોતે, અનમ્રજો સવાર્થ સધાય તોતે. ૪૩

દુરીજનોછે તે ઘટીયંત્રમાના નાના ભાઈ હશે કે મોટા ભાઈ તેનો સન્દેહ રહેછે કેમકે સ્વાર્થ હોય ત્યારે નમ્ર થાયછે. અને સ્વાર્થ સધાણો એટલે અનમ્ર થાયછે.

ઘટિયંત્ર એટલે પાણીનો ફાળકો. તેને જેમ ઘડા બાંધ્યા હોય છે તે પાણીમાં બુડતી વખતે નમીને ઉંધે મુખે રેછે તે ભરાણા એટલે ઉભા થઇ અકડ થાયછે. તેમ દુરીજનો પણ તેવાજ છે.

અપન્હુતિ—જ્યાં પોતાનો ધર્મ છુપાવી અન્યના ધર્મના અર્થનો આરોપ થાય ત્યાં અપન્હુતિ કહેછે. તેના ૭ ભાગ થાયછે તે નિચે પ્રમાણે

क શુદ્ધાપન્હુતિ—જ્યાં શુદ્ધ પન્હુતિ હોય ત્યાં શુદ્ધાપન્હુતિ કહેછે.

ઊદાહરણ **ઊપજાતિ વૃત**

વિનોદ ટાણે સખિને કહેછે, તુરંગ જે તે મનમાં લહેછે.
આકાશમાં આ નથી ચંદ્રરેએ, અંબૂજ ગંગા જળમાં તરેએ. ૪૪

પોતાની સખી સાથે વિનોદ કરતાં આકાશ સામું જોઇ જે મનમાં વિચાર ઉઠયો તે કહેછે કે—અરે આ આકાશમાં ચંદ્ર નથી પણ એતો આકાશ ગંગાનું કમળછે.

બીજું ઊદાહરણ. **માલિનીવૃત.**

બહુ જણ શશિ માંહે દાખવે છે કલંક,
વળિ મૃગ નિધી કાંગાર ચાંટી નિષંક;
નથિજ ધરણિ છાયા નિલ કાળું ગુંફાળું,
તિમિર ઉદર પાને, એજ વરતાય કાળું. ૪૫

ચંદ્રમાં ઘણા જણ કહેછે કે કલંકછે ઘણા મૃગ કહેછે. કોઇ કહેછે કે—સમુદ્રમાંથી નિકળેલોછે વાસ્તે તેને ગારો ચોટયોછે, કોઇ કહેછે કે પૃથ્વિની છાંયાછે તે પણ ખોટુંછે માટે એજે ઇંદ નીલમણી જેવું ગુંફાળું દેખાય છે તેતો એ અંધકારને પી જાય છે તેથી પોતાના પેટમાં અંધકાર કાળો દેખાયછે.

ख—હેત્વાપન્હુતિ—જ્યાં કોઇ કારણ બતાવી અપન્હવ થાય ત્યાં હેત્વાપન્હુતિ કહે છે.

ઊદાહરણ. **ઊપેંદ્રવજ્રાવૃત.**

નથી શશી કારણ તીવ્રલાગે, નથી રવી રાત સમેન ઉગે,
સમૂદ્રમાંથી વડવા નળાગ્નિ, બહાર આવી પ્રગટયો નિશાની. ૪૬

એક વિરહીણિ સ્ત્રી કહેછે કે—એ ચંદ્ર નથી કેમકે તે તીવ્ર લાગેછે. ને સૂર્ય પણ નથી કેમકે રાતે નપ્રકાશે પણ એતો સમુદ્રમાં વડવાનળઅગ્નિ બહાર આવી પ્રગટયો છે તેની નિશાની છે.

બીજું ઊદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

દેવે મથ્યો ક્ષીર સમુદ્ર જ્યારે, લાગ્યોજ મંદ્રાચળ ચંદ્ર ત્યારે;
ખાડો પડી એ શશીને ગયો છે, તેકાળથી લાન્છિત તે થયો છે. ૪૭

દેવતાઓએ જ્યારે ક્ષીર સમુદ્રનું મંદ્રાચળનો રવાયો કરી મંથન કર્યું ત્યારે તેમાં ચંદ્ર તે સાથે અફળાણો તેથી તેમાં ખાડો પડી ગયોછે. તેથી તે લાંચ્છિત થયોછે. માટે જે મૃગ છયા કેછે તે ખોટું છે.

ગ. પર્યસ્તા પહુતિ. જે વર્ણન કરવો યોગ્ય છે તેનો આરોપ બીજામાં થાય તેને પર્યસ્તાપન્હુતિ કહેછે.

ઊદાહરણ આર્યા

નથી સુધાકર એતો, જે આ નજરે અહીં પડે પેલું,
અમૃત કિલણો વાળું, કામનિ કેરૂં વદન હસે ઘેલું. ૪૮

જે આ પેલું નજરે જણાય તે સુધાકર—ચંદ્ર નથી પણ એતો અમૃતના કીરણો વાળું સ્ત્રીનું ઘેલું હસતું મુખછે.

બીજું ઊદાહરણ. આર્યા.

નથી હળાહળ ઝેરજ, ઝેર રમા મન ખરે ખરી નામે;
શંકર પી સુખ જાગે, રમા સ્પર્શથી હરી મોહ પામે. ૪૯

હળાહળી ઝેરછે તે ઝેર નથી પણ રમા—લક્ષ્મિ તે ખરેખરૂ ઝેર નામછે. કેમકે શંકર ઝેરનું પાન કરી સુખે જાગે છે અને લક્ષ્મિનો સ્પર્શ કરવાથી વિશ્નુ મોહ પામી નીદ્રા વશ થાયછે માટે ઝેર કરતાં લક્ષ્મિની અસર વધારે છે.

ઘ ભ્રાંત્યા પન્હુતિ. અન્યની શંકામાં ભ્રાન્તિનો અપન્હવ થાય ત્યાં ભ્રાંત્યા પન્હુતિ કહેછે.

ઉદાહરણ. ઉપજાતિવૃત.

અધિક જો કંપનીં સાથ બાઇ, કરે છ આ તાપથી હુ મુંઝાઇ,
શું એ સખીકે' જ્વર એ કરેછે, ના કામ વ્યાધિ સહુ એ કરેછે. ૫૦

હે બાઇ જો અધીક કંપની સાથે તાપ કરેછે તેથી હું મુંઝાઇ ગઇછું ત્યારે સખીએ પુછ્યું કે શું એ તાવ કરેછે ત્યારે કીધું કે નાકામદેવની વ્યાધિ એ બધું કરેછે.

બીજું ઉદાહરણ. માલિનિવૃત.

ફરતું પુરવિષેકો હાથીનું બચ્ચું જોઇ,
પુરજન પ્રતિ આવી રાની પુછેછ કોઇ
નવિન પશુ હશે એ પુછડાળોજ પાડો,
નહિ નહિ કરી બોલી, હાસ્યનો શોરમાંડ. ૫૧

કોઇ નગરમાં હાથીનું બચ્ચું ફરતું જોઇ નગર વાસી માણસને કોઈ રાની—જંગલીએ પુછ્યું કે આ નવીન જાતનું પશુ શું એ પુછડાળો પાડો હશે ત્યારે લોકોએ કહ્યુ કે. નાના એતો હાથીછે. એમ કહી તેના તરફ હસવા માંડયું.

બીજુંઉદાહરણ. ઉપજાતિવ્રત.

હે કામ નું શંકર ભ્રાન્તિ લાવી, દમે શું કાયા કુમળીજ આવી;
જટા નથી એ શિર ચોટલો છે, કસ્તૂરિ કંઠે નહિં વિંપએછે.૫૨
નથી ધર્યો મૂસ્તક ચંન્દ મેંતો, ફુલો ગુંથ્યા સુન્દર ભાલ એતો,
નથી વિભૂતી ધરી અંગ મેંતો, વિયોગથી ફીકિ પડીછું એતો.૫૩

હેં કામદેવ તું શંકરની ભ્રાન્તિ લાવી મારી આવી કુમળી કાયા શાવાસ્તે દમે છે ? આ મારે માથે જટા નથી પણ ચોટલો છે. ને જો ગળે વિષ છે એવી ભ્રાન્તિ હોય તો એતો કસ્તૂરી લગાવી છે. જો મસ્તકમાં ચંન્દની ભ્રાન્તિ આવતી હોય તો એતો મેં ફુલ

ગુંથ્યા છે ને અંગે વિભૂતીનો વેમ આવે, તો એતો હું વિયોગથી પિળી પડી ગઈ છું.

૭ છેકાપન્હુતિ. બીજાની શંકામાં સાચું જણાય તેને સંતાડી બીજી યુક્તિ કહેવાય તેને છેકાપન્હુતિ કહે છે.

ઉદાહરણ. ઉપજાતિવૃત્ત.

આનંદકારી શબ્દો કરીને, પગે પડયો હે સખી તે ફરીને;
શું સ્વામિ?ના, નેપુર બેની મારે, રચી કળા ઉત્તર આપિસારો.૫૪

આનંદ ઉપજાવે તેવા શબ્દ કરતો હે સખી, ફરીથી મારે પગે પડયો. ત્યારે સખીએ પુછ્યું શું સ્વામિ. ત્યારે કહ્યું કે નાબેન એતો મારો નુપૂર એવી કળા રચીને ઉત્તર આપ્યો.

બીજુંઉદાહરણ. ઈંદ્રવજ્રાવૃત્ત.

સિત્કાર સાથે વૃણ પાડી જાયે, રૂવાં ઉભાં હે સખી તેથી થાયે.
શું પ્રીયનેતો નથિ સંગ પામી, ના વાયુ હેમંત તણોજ કામી. ૫૫

કોઈ સ્ત્રી કહે છે કે હે સખી સિત્કાર સાથે મારાં હોઠને વૃણ–તડીઆં પાડી જાય છે ને તેથી રૂંવા ઉભાં થાય છે ત્યારે સખીએ પુછ્યું કે શું તારા પ્રિય (યાર) ને તો ખરેખર નથી પામી કે, ત્યારે તે કહે છે કે ના,ના, એતો હેમંત રૂતુનો કામી વાયુ હતો.

(સ્તન વગેરે આકર્ષ કરવાથી તથા ચાંપવાથી સિત્કાર શબ્દો થાય છે. ને અધરામૃત ચુસવાથી વૃણ પડે છે. કામ ઉત્પન થવાની એ નિશાની છે કે રૂંવાડાં ઉભાં થાય)

ત્રીજુંઉદાહરણ. ઉપજાતિવૃત્ત.

અંધારૂં તેથી સખિ લેખી સ્વામી, ધૂર્ત સ્ત્રી કે' જાર વૃતાન્ત સામી,
પછી જણાયો પતિ નીજ જ્યારે, જાગિ ઉઠી સમથી બોલિત્યારે.૫૬

અંધારાંમાં કોઈ ધૂર્ત સ્ત્રી પોતાના સ્વામીને સખી છે એમ

જાણી ને તેના સામું બધું જાર વૃતાન્ત કહે છે. તેવામાં જ્યારે જ-ણાણું કે આતો મારો પતિ છે. ત્યારે તેણે કહ્યું કે એટલું થયા પ-છી હું સ્વપ્નામાંથી જાગી ઉઠી.

च. કૈત્વાપન્હુતિ—સ્પષ્ટ પદાર્થમાં કાંઇ મીષને બહાને સ-ત્યને ઢાંકી દેવું તેને કૈત્વાપન્હુતિ કહે છે.

ઉદાહરણ. ઉપજાતિવૃત.

છે મીષ સ્ત્રી નેત્ર કટાક્ષ કેરો, શરો હણે કામ થઇ નમેરો;
પ્રપંચ એના બહુ ભાન્તિ જોયા, મહામુનીઓ શુધ ખોઈ મોં'યા. ૫૭

એતો સ્ત્રી નેત્ર કટાક્ષનો તો મિષ છે. પણ એતો કામદેવ ન-મેરો થઇ પોતાના બાણ મારે છે, એના પ્રપંચ ઘણા પ્રકારના જોયા છે. ને મોટા મોટા મુનીવરો પણ શુદ્ધ ખોઈ મોહ પામી ગયા છે.

૧૨ ઉત્પ્રેક્ષા—અન્ય ધર્મ સબંધ નિમિતે કોઈ વસ્તુને બી-જી વસ્તુની સંભાવના કરવી તેને ઉત્તપ્રેક્ષા કહે છે.

એ ઊત્પ્રેક્ષાના ત્રણ પ્રકાર છે ૧ વસ્તુત્પ્રેક્ષા ૨ હેતુત્પ્રેક્ષા ને ૩ ફળોત્પ્રેક્ષા.

क. વસ્તુત્પ્રેક્ષા એટલે જ્યાં કોઇ વસ્તુને અન્ય વસ્તુના તાદા-ત્મના ભાવની સંભાવના અપાય તેને વસ્તુત્તપ્રેક્ષા કહે છે. એના બે પ્રકાર છે. ૧ ઉક્ત વિશય અને ૨ અનુક્ત વિશયં.

ख. હેતુત્પ્રેક્ષા—હેતુ ન હોય ને હેતુ પણે સંભાવના થાય તેને હેતુત્પ્રેક્ષા કહે છે. એના બે પ્રકાર છે. ૧ સિધવિશય અને ૨ અસિ-ધવિશયં.

ग. ફલોત્પ્રેક્ષા—ફળ ન હોય ને ફળે કરીને સંભાવના થાય તેને ફળોતપ્રેક્ષા કહે છે. એના પણ બે પ્રકાર છે ૧ સિધવિષય ૨ અસિધવિષય.

એના નિંચે પ્રમાણે અનુક્રમે દૃષ્ટાન્ત આપ્યા છે.

क (૧) ઉક્તવિષય વસ્તુતપ્રેક્ષા અથવા ખરૂ હોત્પ્રેક્ષાનુ ઉદાહરણ.

માલિનિવૃત.

તિમિર સરવ છે આ રાતનું જે રચેલું,
વિરહ ચકવિના તે અગ્નિથી ઉપજેલું;
સમુહ બહુજ જાણે ધુમ્રનાં વ્યાપતાં છે;
અતિ સહૃદય જેનાં દુખથી ફાટતા છે. ૫૮

આ સર્વ અંધકાર થયું છે તે જાણે ચકવીઓના પતિના વિયોગથી વિહાગ્નીના જાણે ધુમાડાના સમુહ તેમનાં ફાટતા હૃદયમાંથી વિરહ દમ લીધે નીકળે છે તેવું છે.

ટીકા—ચકવીઓના ફાટતા હૃદયમાંથી અગ્નિના ધુમાડાના ગોટાને અંધકારના તાદાત્મની સંભાવના આપી છે ને અંધકારનું ઉપાદન કીધુ છે.

બીજુંઉદાહરણ. ઉપેંદ્રવજ્રાવ્રત.

જરાં ખુલેલાં વળી વક્ર રાતાં, વને દિસે પુષ્પ પલાસ થાતાં;
વનસ્થળિ સંગ વસન્ત સ્વામી, નખક્ષતો તે રમી રગ પામી. ૫૯

આ વનમાં ખાખરાનાં ફુલ અડધ ઉઘડેલાં રાતાં (બીજના ચંદ્રમા જેવાં) વાંકા દેખાય છે. તે જાણે વનસ્થળી સંગાતે વસન્ત રૂપી સ્વામીએ રસક્રિયા રગી નક્ષત કર્યાં હોય તેવાં છે.

ટીકા—વસન્ત વિના ખાખરાનાં ફુલ ઉઘડે નહીં તેથી વસની પુરૂષ ગણી વનસ્થળીને નાયકાના સંભાવના આપીછે.

क. (૨) અનુક્ત વિષય વસ્તુત્તપ્રેક્ષાનું ઉદાહરણ.

ઊપજાતિવૃત.

લાગેછે આજે અતિ અંધકાર, લિપાય જાણે તન સંગ ગાર;

આકાશ જાણે નજરે ભળાય, વર્ષાદતે અંજનનો જણાય. ૬૦

અંધકાર શરીરે લપેટાઇ ગાર થઇ જતું હોય તેમ જણાય છે અને આકાશછે તે જાણે આંજણનો વર્ષાદ થતો હોય તેવું દેખાયછે.

ટીકા—ગાઢ અંધકારથી આકાશને સર્વ વસ્તુ મલીન લાગે છે તેથી અંધારાના લેપના તાદાત્મની સંભાવના થઇ વળી અંધકાર શરિરે લપેટાતો નથી એમજ આંજણ વસ્તુ નથી તોપણ તેની સંભાવના આપી તેથી અનુક્ત વિષય થયો.

બીજું ઉદાહરણ. વસન્તતિલકાવૃત.

જાણે તરંગ નિધિનાં ફિણ રૂપી ચારૂ, પેદા કરેછ ઘસિ ચંદન ગુણગારૂં
બાહુરૂપી કીરણથી શશીસેઇ જાણે, ધોળેદિશા સરવલેપન એપ્રમાણે. ૬૧

આ સમુદ્રના તરંગ–મોજાઓ તે જાણે સુન્દર ફીણ રૂપી ચંદન ઘસીને પેદા કરતો હોય તેવો લાગેછે અને ચંદ્રછે તે જાણે હાથ રૂપી કીરણોથી સરવ દીશા (રૂપી સ્ત્રીઓ) ને લેપન કરીને ધોળી કરતો હોય તેવો લાગેછે.

ख (૧) સિદ્ધ વિષય હેતુત્પ્રેક્ષા.

ઉદાહરણ. ઉપજાતિવૃત.

આજે તમારાં મૃદુચર્ણો બાઇ, રાતાં કહો કારણ તેનું કાંઈ
પૃથ્વિ પરે કોમળતે ધર્યાથી, નકીહશે એમજ તે કર્યાંથી. ૬૨

હે બાઈ આજે તમારાં કોમળ ચર્ણ રાતાંછે તેનુ કારણ કહો તમને કાંઇ ખબરછે. પૃથ્વિપર તેને મુકવાથીજ નકી તમારા પગ રાતા થઇ જાયછે.

ટીકા—પગછે તે સ્વભાવિક રતાશ ધરાવેછે. કાંઇ પૃથ્વિપર મુકવાથી નથી થતાં તોપણ પૃથ્વિપર મુકવાનો હેતુ બતાવી ઉત્પ્રેક્ષા કરીને પૃથ્વિપર મુકવા એ કાંઇ ખોટુ નથી તે સિદ્ધ વિષય ઉત્પ્રેક્ષા

કહેવાય છે.

બીજું ઉદાહરણ. ઉપજાતિવૃત.

રાત્રેરવી દીવસ ચંદ્રજાણી, બેઠો ખરે રાય અભાવ આણી;
પૃથ્વિપરે લૈ યશને પ્રતાપો, હમેશ તેથીજ પ્રકાશ આપ્યો. ૬૩

રાત્રે સૂર્યનો અભાવ અને દીવસે ચંદ્રનો અભાવ આણી આ રાજાએ હમેશ પોતાના યશને પ્રતાપે પ્રકાશ આપ્યો.

ख. અસિદ્ધ વિષય હેતુત્પ્રેક્ષાનું ઉદાહરણ
ઉપજાતિવૃત.

સરોજ સાથે શશી વેર રાખે, કહે પ્રિયા કારણ શું તું ભાખે;
તારા નકિ મુખનિ કાન્તિ સારૂ, ઇચ્છા કરે એમજ હું વિચારૂં.૬૪

હે સ્ત્રી આ ચંદ્રમા કમળની સાથે વેર રાખે છે. તેનું કારણ તું શું જાણે છે. હું તો નકી એમજ વિચારૂંછું કે-તારા મુખની કાન્તિની ઇચ્છા વાસ્તે જડ થઈનેજ વેર રાખે છે.

ટીકા—ચંદ્રને ને કમળને વિરોધ સ્વભાવિકજ છે, એમાં સ્ત્રીના મુખની કાન્તિની ઈચ્છા એ કાંઈ ચંદ્રને કમળના વિરોધનું કારણ નથી તો પણ એ કારણની સંભાવના કરી છે. માટે અસિદ્ધ વિષય થયો.

બીજુંઉદાહરણ. ઉપજાતિવ્રત.

રાતે નથી કાંઈ જણાતું તેનું, અન્ધારૂં એ કારણ ન્હોય એનું,
નેત્રો રૂપી ગાય મનુષ્ય કેરી, હશે રવિ કીરણ સંગ હેરી. ૬૫

રાતે કાંઇ નથી જણાતું તેનું કારણ કાંઇ અન્ધારૂ નથી પણ મનૂષની નેત્રરૂપી ગાયો સૂર્ય પોતાની કીરણોરૂપી ગાયો સન્ગાતે હેરી લઇ ગયો હશે.

ગ. (૧) સિદ્ધ વિષય ફળોત્પ્રેક્ષા.

ઉદાહરણ. ઉપજાતિવ્રત.

ઊંચે રહે બે સ્તન એજ સારૂ, સુવર્ણનું બંધન મધ્ય ચારૂ,
બાંધ્યું હશે? તું શુભગાજ બોલે, ખરે ખરૂંરે કહિ દીલ ખોલે. ૬૬

હે સારાં ભાગ્યવાળી સ્ત્રી તારાં બેસ્તન ઉંચે રહે એટલા સારૂ શું સોનાના દોરડાના બંધનથી તારો શરિરનો મધ્ય ભાગ બાંધ્યો હશે ? તે ખરેખરૂં દીલ ખોલીને મને કહે.

ટીકા—એમાં પેટનો મધ્ય ભાગ છે. તે ઉપર સ્તન સ્વભાવિક રહ્યાં છે. સોનાના દોરડાનું બંધન કાંઈ નથી. પણ પેટના વાટા પડી ગયા છે. તેને સોનાના દોરડાના બંધનની સંભાવના આપીને કુચને મધ્યે ધારણ કરવાં એજ ફળ તેથી ફળોત્પ્રેક્ષા થઈ.

બીજું ઉદાહરણ. વસન્તતિલકાવ્રત.

ઇન્દુ સમુદ્રતણું પૂર વધારવાને, આપે ઘણું જળ કિરણમાંથી જાણે;
રાત્રેમુકે ચકવિ નેત્રવિશેથીપાણી, શંકાખરૂંહું ભરતી કારણએમજાણી. ૬૭

ચંદ્રમા છે તે સમુદ્રનું પુર વધારવાને પોતાના કીરણમાંથી પાણી મુકે છે. ને આ ચકવિ (પોતાના પતિના વિયોગથી) નેત્રમાંથી પાણી મુકે છે. તે પણ સમુદ્રનું પુર વધારવાનેજ હશે.

ગ. (૨) અસિદ્ધ વિશય ફળોત્પ્રેક્ષા.

ઉદાહરણ. ઉપજાતિવ્રત.

ઘણું કરી અમ્બુજ પાણી સન્ગે, કરે તપઃશ્ચર્યજ એ ઊમંગે,
ચર્ણો તણું ઐક્ય કદાચ પામે, જણાય તે કારણ ચીડ પામે. ૬૮

હે સ્ત્રી આ જે કમળ પાણીમાં તપશ્ચર્યા કરે છે તે એવા ઉમંગથી હશે કે તારા ચરણોની ઐક્યતાને પામે. તે એજ કારણથી પીડ પામતું જણાય છે.

ટીકા—કમળને જળમાં રહેવું એ સ્વભાવિકજ છે. પણ
ન કરી ચરણના સાયુજ્યપણાને પામવું એ કાંઇ ફળ નથી તો પણ
ી પામવાને ઉત્પ્રેક્ષા કહી છે.

ન થયો ઉત્તરમાં પ્રવાસી, કહે હશે કારણ બાઇ દાસી,
ડેલ ઘોડા બદલાવવાને, મળે ઘણા ઉત્તમ એ દીશાએ. ૬૯

દાસી પોતાની બાઇને કહે છે કે હે બાઇ આ સુર્ય ઊત્તર દિ-
માં પ્રવાસ કરવા (ઉત્તરાયણનો થયો) લાગ્યો તેનું કારણ એ-
જ હશે કે તેને રથે જોડેલ ઘોડા થાકી ગયા હશે તે બદલાવવાને
ય છે. કેમકે ઉત્તર દીશામાં ઘોડા સારા થાય છે.

૧૩ અતિશયોક્તિ–એના નિચે પ્રમાણે વિભાગ થઇશકે છે.

क રૂપકાતિશયોક્તિ–જ્યાં ઉપમેયને મુકી દઈ કેવળ ઉપ-
ાન શબ્દોથીજ વર્ણન થાય તેને રૂપકાતિ શયોક્તિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

બે કમળોમાંથી સખી, નિકળે તીક્ષણ બાણ;
જો જો આ યુવતિ અલી, દિસે પરમ સુજાણ. ૭૦

બે કમળોમાં તીક્ષણ બાણ નીકળે છે એમાં કમળને બાણ એ
૧ઉએ કરીને નેત્ર અને કટાક્ષનું તાદ્રુપ્યપણું આવી જાય છે.

બીજું ઉદાહરણ. ઉપજાતિવૃત.

ગાકાશ કે ભૂતળ ના વસેલો, જો બારિએ ચંદ્ર જણાય પેલો;
ચકોર તે જોઇ સુધા પિયેછે, કલંકવિના શશિ કોણ એ છે ? ૭૧

કોઈ બારીમાં ખુબ સુરત સ્ત્રી બેઠી છે તેનું મુખ જોઈ કોઇ
કહે છે કે આ આકાશ કે પૃથ્વિપર વસેલો નથી એવો, બારીએ
પેલો ચંદ્ર જણાય તે જો ચકોર પક્ષી તેની અમીને પીએ છે અને
નિષ્કલંક છે માટે એ કોણ ચંદ્ર છે.

ટીકા—રૂપકાલંકારમાં જે તાદ્રુપ્યપણું કરેલું છે તે આમાં પ-ણ આવે છે તેથી અભેદાતિ શયોક્તિ અને તાદ્રુપ્યતિ શયોક્તિ એ-વા ભાગો થઇ શકે છે વળી તેમાં અધિક ને ન્યુનતા પણ આવી જાય છે આ ઉપર કહ્યું તે અધિક તાદ્રુપ્યતિ શયોક્તિનું વર્ણન છે.

ख. સાપન્હવાતિશયોક્તિ—જે અતિ શયોક્તિમાં અપન્હ-વ થાય તેને સાપન્હવાતિ શયોક્તિ કહે છે.

ઉદાહરણ. **ઉપજાતિ વૃત.**

વાણી વિષે અમૃત રાય તારી, મને જણાયે બહુ વિધ સારી;
જે ચંદ્રમાં અમૃત કોઈ જુવે, ખરેજ ભ્રાન્તિ થકી શુદ્ધખૂવે. ૭૨

હે રાજા તારી વાણિમાંજ અમૃત છે એમ મને સારીપેઠે જ-ણાય છે. અને ચંદ્રમાં જે કોઈ અમૃત જુએ છે તે તો ખરેખર ભ્રાન્તિ પામીને શુદ્ધ ખોઈ બેઠા છે તેથી એમ જુએ છે.

ટીકા—એમાં વાણીની માધુર્યતા એજ અમૃત એ અતિશયો-ક્તિ અને ચંદ્રમાં અમૃત નથી એ અપન્હવ થયો.

બીજું ઉદાહરણ. **ઉપજાતિવૃત.**

મધુરસોના મકરંદનો છે, મુક્તા મણી વિદ્રુમ વીચનો છે;
ખાલી ધરે પુષ્પજ ભાર માથે, નથી થતો તે મકરંદ સાથે. ૭૩

મધુ જે મકરંદ (ફુલના અંદર માંજર) નો રસ છે એમ ક-હે છે તે ખરૂં નથી એ મુક્તા મણી (દાંત) અને વિદ્રુમમણી (હોઠનાં પરવાળાં) એ બેના વચમાં થાય છે. અને ફુલ તો ખાલી માથે ભાર રાખે છે. એ કાંઈ ફુલના મકરંદમાંથી થતો નથી.

ઉપજાતિવૃત.

એ બે મણિ ચંદ્રથી ઉપજે છે, સમુદ્ર તેને નહિં રે સ્રજે છે,
ઉગે શશી તે શિર શંખ માથે, નથી થતો ઉદય ગીરિ માથે. ૭૪

અને એ બે મણી (મુક્તામણી અને વિદ્રુમમણી) તે સમુદ્રમાંથી પેદા નથી થતા પણ (મુખરૂપી) ચંદ્રમાંથી ઉત્પન થાય છે. ને તે ચંદ્ર (મુખરૂપી) શંખ (ગ્રીવા) ને માથે ઉદય પામેછે. પણ ઊદયાચળ ઉપર ઊગતો નથી.

ગ. ભેદકાતિ શયોક્તિ વર્ણ્ય પદારથનુ બીજે રૂપે વર્ણન થાય તેને ભેદકાતિ શયોક્તિ કહે છે.

ઊદાહરણ. ઉપજાતિવૃત્ત.

અનેક રાજા થઇ જે ગયા છે, પ્રતાપિ તે પુરણ સૌ થયા છે;
ગામ્ભિર્યને ધૈર્ય વિચિત્ર દીસે, આ રાયનુ દેશ વિશે અતિશે. ૭૫

એમાં લોક પ્રસિદ્ધ ગામ્ભિર્યથી તેનો ભેદ પાડી જુદું વર્ણવ્યું છે

બીજું ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

આ રૂપ સંપતિ બિજી તરે'છે, બીજું જ આ ડા'પણ વાપરે છે;
બ્રહ્માની સાધારણ શ્રષ્ટિમાંની, નાહોયરે એ કમળાક્ષી નાની. ૭૬

આ રૂપ સંપત્તિ બીજી તરેહની છે ને ડાહાપણ વાપરે છે. તે વળી બીજીજ તરેહનું છે. માટે આ નાની કમળના જેવી આંખવાળી સ્ત્રી બ્રહ્માની સાધારણ શ્રષ્ટિમાંની નથી.

ઘ. સબંધાતિ શયોક્તિ—જ્યાં યોગ્યતા ન હોય ત્યાં યોગ્યતા થાય તેને સબંધાતિ શયોક્તિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

જો મેડીના શીખરો, મિત્ર નગર છે જ્યાંહ;
સ્પર્ષ કરે છે સર્વ તે, ચંદ્ર મંડળે ત્યાંહ. ૭૭

હે મિત્ર જો એ નગરની મેડીઓનાં શીખરો તું જોતો સર્વ ચંદ્ર મંડળને સ્પર્શ કરે છે.

બીજુંઉદાહરણ. વસન્તતિલકાવ્રત.

દાનેશ્વરી અતિશ જે વિર રૂદ્ર થાયે,
તે જોઈ ને ચકવિ તે હરખાઇ જાયે;
મેરૂ પડે રવિ વચે નિશદીન વાંસે,
તે નાશ પામિ થઇ દીવસ સુખ થાશે. ૭૮

વિર રૂદ્ર રાજા અતી દાનેશ્વરી થાય છે. તે જોઇ ચકવિ બહુ ખુશી થાય છે કે આ સુવર્ણ મેરૂ જે સુરજની વચે આડો રાતદીવસ આવીને સુરજને વાંસે રાખે છે. તે ખુટી જશે એટલે દીવસજ રહેશે એટલે સુખ થાશે.

ड. અસબંધાતિશયોક્તિ–જ્યાં યોગ્યમાં અયોગનું વર્ણન આવે તેને અસબંધાતિ શયોક્તિ કહે છે.

ઊદાહરણ દોહરો

હે રાજા તું છે અહિં, દુનિઆગાં દાતાર;
કલ્પ વૃક્ષની કાંઇ પણ, નથિ કરતો દરકાર. ૭૯

એમાં કલ્પવૃક્ષ છે તેનો આદર કરવો યોગ્ય છતાં અનાદર કર્યો છે.

બીજુઉદાહરણ. દોહરો.

અંગે દોષ રહિત જે, સ્ત્રીનાં વધતાં સ્તન,
મગન નથી કર વિચ કંઇ, વાસ્તવિક છે. મન. ૮૦

અંગે દોષરહિત સ્ત્રીનાં સ્તન વધે છે તેથી હાથ વચે માગ નથી તે બરાબર છે.

च. અક્રમાતિશયોક્તિ–જ્યાં કાર્યને કારણ એક સાથેજ ઉત્પન્ન થાય. તેને અક્રમાતિ શયોક્તિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

બાણ કરે છે સ્પર્ષ જ્યાં, પણછ તણો હે રાય,
શત્રુ સર્વે સ્પર્ષ ત્યાં, પૃથ્વિનો કરી જાય. ૮૧

હે રાજા તું જ્યાં બાણ કાઢીને તાકે છે ને પણછનો સ્પર્ષ થાય છે ત્યાં તો સર્વે શત્રુઓ પૃથ્વિનો સ્પર્ષ કરે છે (ઢળી પડે છે.)

બીજું ઉદાહરણ ઉપજાતિ વૃત

ત્યાગે છ તારી તરવાર કોષ, તેવા તજે છે અરિ વર્ગ કોષ,
દિસે છ ત્યાં તો રિપુ ખુબ કંપે, તજે ક્ષમા તો તજી ભૂમિસંપે. ૮૨

હે રાજા તારી તરવાર કોષ–મીયાનનો ત્યાગ કરે છે (નીકળેછે) તેવાંજ શત્રુનાં વર્ગ તેમના કોષ-ભન્ડારનો ત્યાગ કરે છે, અને ચળક ચળક થતી દીસે છે ત્યાં તો શત્રુઓ ખુબ કંપવા મંડે છે અને જ્યારે ક્ષમા તજી દે છે. ત્યારે તો સઘળા શત્રુઓ તેમની પૃથ્વી તજી દેછે.

છ. ચપળાતિશયોક્તિ–જ્યાં કાંઇ કારણને લીધે કારણની અતિ શયોક્તિ થાય ત્યાં ચપળાતિ શયોક્તિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

જાઊં કહે સ્ત્રી ને પતી, વિંટી આંગળી માંય,
તર્ત બલોયું થઇ પડી, જોતા જોતા માંય. ૮૩

જ્યાં સ્વામીએ જાઊં એટલું કહ્યું ત્યાં તો આંગળીની વીંટી જોતામાં બલોયા જેવી થઈ પડી.

બીજુઉદાહરણ. દોહરો.

જાઊં નથી જાતો કહે, સમીપ સ્વામીનાથ,
પ્રથમ ચુડીઓ નીકળી, પાછળ તુટી સાથ. ૮૪

જ્યાં જઉં અને નથી જતો એમ સામો ઉભો રહીને સ્વામી

કહે છે ત્યાં તો હાથનાં પેલાં બલોયાં જાણી સાંભળી નીકળી પડયા. અને નથી જતો કહ્યું તે સાથે પાછલી ચુડીઓ હાથ જાડો થવાથી તે સાથેજ તુટી પડી.

ત્રીજું ઉદાહરણ. શિખરિણીવૃત.

પુલો ચુંટયાં પેલાં, કર કમળ રાતાં થઇ ગયાં,
પગો રંગો બોલે, ચરણ તળ તેવાં બહુ થયાં,
સુગંધી ચોળ્યાનું, વચન શુણી બે શુદ્ધજ બની,
બિજું તો શું ગોઠે, અલક પુલ તે ભાર અવની. ૮૫

એક સ્ત્રી પુલો ચુંટવાનું કરે છે તે પહેલાં તો તેના હાથ (શ્રમથી) લાલ થઇ ગયાં ને પગ. (અળતેથી) રંગવાનું કહે છે ત્યાંતો પગનાં તળીયાં લાલ થઈ ગયાં, અંગ રાગ કરવાનું વચન સાંભળીને તો બે શુદ્ધ બની ગઈ કે એ પરિશ્રમ કેમ ખમાશે. બીજું તો શું ગોઠે પણ ચલક–ચોટલાના પુલનો ભાર તે પણ તેને પૃથ્વિ જેટલો લાગે છે.

જ. અંત્યાતિશયોક્તિ—પહેલું જોઇએ તે પાછળ અને પાછળ જોઈએ તે પહેલું આવે તેને અંત્યાતિ શયોક્તિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

કરી ક્રોધ ને માનની, પીયુ મનાવી જેમ,
માન ગયું પેલું પછી, ક્રોધ મટયો તજી તેમ. ૮૬

માનની સ્ત્રીને સ્વામીએં ક્રોધ કરીને જેમ મનાવી તેવુંજ માન તો પહેલુંજ ગયું અને ક્રોધ પછી ગયો.

બીજુંઉદાહરણ. માલિનિવૃત.

ગજ જુથ મદ માતા, યુક્ત આમોદ જેથી,
ભ્રમર ઉડિ કરે છે આ કુળા શીશ તેથી,

પ્રથમ કરિ કવીનાં, બાર શોભિત્ત એથી,

પછિ કરિ શુભ દ્રષ્ટિ રૂદ્ર રાયે ધીરેથી. ૮૭

મદ ઝરે છે તેના આમોદ–સુગંધથી ભમરાઓએ ઉડીને જેનુ મગજ આકુળ વ્યાકુળ કર્યું છે, એવા હાથીના જુથથી પ્રથમ કવિનાં બારણા શોભિત્ત કરી (એટલે બક્ષીશ આપી) પછી રૂદ્ર રાજા ધીરેથી તે કવિ ઉપર નજર કરે છે.

ટીકા—એમાં રૂદ્ર રાજાની કૃપાદ્રષ્ટિ થયા પછી હાથીની બક્ષીશ થવી જોઈએ, તેને બદલે પેહેલાથીજ હાથી આપી દીધા છે.

ઉપલી ત્રણુ અતિશયોક્તિ કાર્યનું શીઘ્રપણું બતાવવા વાસ્તેજ છે.

૧૪—તુલ્ય યોગિતા વર્ણ્ય અને અવર્ણ્ય અથવા પ્રસ્તુત અને અપ્રસ્તુત ક્રિયા ને ગુણનો એક ધર્મ તેને તુલ્યયોગિતા કહે છે.

ઉદાહરણ. દોહરો.

ઉદય ચંદ્રનો જોઇને, સંકોચાય સરોજ,

પરગામિની પણ પેટમાં, સંકોચાયજ રોજ. ૮૮

ચંદ્રનો ઉદય જોઇને કમળ સંકોચ પામે છે ને પરગામિની સ્ત્રી પણ હમેશ સંકોચ પામે છે. આહીં પ્રસ્તુત ચંદ્રનો ઉદય તેનું કાર્ય કમળને સ્વૈરીણી સ્ત્રીનું સંકોચાવું એ બેઉ છે. અને બેની એકજ ક્રિયા થઇ.

બીજું ઊદાહરણ. દોહરો.

જોઈ કોમળ અંગને, કેને નહિં કંઈ થાય;

માલતિ ચંદ્ર કળા અને, કેળ કઠોર જણાય. ૮૯

આ સ્ત્રીનું કોમળ અંગ જોઈ ને માલતિ, ચંદ્રકળા અને કેળની કઠોરતા કેને નહીં જણાય ? સૌને જણાશે

આહિં સ્ત્રીની કોમળતાનું વર્ણન પ્રસ્તુત છે તેમાં માલતી,

ચંદ્રકળા અને કેળની કઠોરતા તો એક અન્વય સાથે થયો.

ત્રીજું ઉદાહરણ. ઈંદ્રવજ્રાવૃત.

જાંઘો રૂપાળી કરી સૂંઢ જેવી, બાહેર જાયે ઉપમાથી તેવી;
કેળોની સાથે સરખાવી જોઈ, ટાઢી જણાયે નથી યોગ્ય કોઈ. ૯૦

એ સ્ત્રીની જાંઘોને સુન્ઢની ઊપમા આપીએ તો ઊપમાની બાહાર જાય છે. કેમકે સુંઢો ખડબચડી છે. અને કેળોની ઉપમા આપીએ તો, તે ટાઢી છે ને જાંઘો ગરમ છે તેથી તે પણ ઊપમાની બાહાર જાય છે. કોઇ યોગ્ય દેખાતું નથી.

હીત અને અહીત વર્તિમાં એકજ કાર્ય જણાય તેને પણ તુલ્ય યોગિતા કહે છે.

ઉદાહરણ. દોહરો.

શત્રુ મિત્રો સર્વને, પર ભૂમિનું દાન,
હે રાજા એ કારણે, ઘટે તને તે માન. ૯૧

હે રાજા તું મિત્રોને પરભૂમિ–ઉત્કૃષ્ટ ભૂમિનું દાન આપે છે અને શત્રુને પર ભૂમિ–પરાભવની ભૂમિનું દાન આપે છે તેથી તને તે માન ઘટે છે.

બીજુંઊદાહરણ. ઈંદ્રવજ્રાવૃત.

ફરશીથિ કાપે કદિ લીંબડાને, પાએ મધૂ ઘી બહુ મૂળિઆને;
પુજે કદિ ચંદન ફુલ સાથે, તોએ કટુતા સહુ જન સાથે. ૯૨

ફરશીથી કદિ લીંબડાને કાપે ને કોઇ મધ વીગેરે મીઠો પદાર્થ ને ઘી મુળીઆમાં સીંચે ને કોઇ ફુલને ચંદનથી પુજે તો તે સર્વને કડવો સરખી રીતે જણાશે.

ઉત્તકૃષ્ટ ગુણથી સમાન થાય તેને પણ તુલ્ય યોગિતા કહેછે.

ઉદાહરણ. **ઇંદ્રવજાવૃત.**

કુબેર ને ઈંદ્ર વરૂણ જોડે, ચોથો ગણી જે યમરાજ કોડે,
હે રાય તે સાથ તું તૂલ્ય દીસે, પ્રતાપ તારો વધતો અતીશે. ૯૩

એમાં રાજા ને કુબેર, ઇંદ્ર, વરૂણ ને યમરાજ જોવે ગણ્યોછે.

બીજુંઊદાહરણ. **દોહરો.**

કટાક્ષ સુન્દર નારનાં, વીજળીના ચમકાર,
ક્ષણ ભર તેથી બે નહીં, જે મનને ખુશકાર. ૯૪

૧૫—**દીપક**—પ્રસ્તુત અને અપ્રસ્તુતનું એક ધર્મે કરીને ક્રિયામાં જોડાવું તેને દીપક કહે છે.

ઊદાહરણ. **દોહરો.**

મદે કરીને ગજ પતી, પ્રતાપથી મહીપાળ,
પૃથ્વિ પર શોભે સદા, એ કારણ સમ કાળ. ૯૫

હાથી મદે કરીને શોભે છે ને રાજા પ્રતાપે કરીને શોભે છે.

બીજુંઉદાહરણ. **ઊપજાતિવૃત.**

મણી સરાણે ચડિ સુક્ષમ થાયે, સંગ્રામ જીતી વિર ધાઇ જાએ,
તરૂણ સ્ત્રીને નદી ભાદ્ર માસે, શોભે સહુ સૂક્ષમ થઇ વિલાસે. ૯૫

મણી સરાણે ચડીને વીર પુરૂષ સંગ્રામમાં જખમી થઈને તરૂણ સ્ત્રી અને ભાદ્ર માસમાં નદી એટલાં સુક્ષ્મતાથી શોભે છે. એમાં શોભા ધર્મ સર્વને સમાનજ છે.

૧૬—આવૃતિ દીપક—જ્યાં એવી રીતની વાક્યરચના હોયકે તેમાં એક શબ્દ કે અર્થ અથવા શબ્દાર્થની આવૃતિ દિપક કહેછે. **આવૃતિ**—એવડું એનાં ત્રણ પ્રકાર થાયછે ૧ પદાવૃતિ ૨ અર્થાવૃતિ ૩ ઉભયાવૃતિ એવા ત્રણ પ્રકાર થાયછે.

ઉદાહરણ.   દોહરો.

વરસે મેઘની માળતું, વરસ મેઘલી રાત;
હે નારી વરસાતની, ક્યાં કરશે વરસાત. ૯૭

એ દોહરેમાં પુર્વાર્ધમાં એક સ્ત્રી કહેછે કે હે મેઘની માળા તું વરસાત વરસાવને હે મેઘલી મેઘથી ભરપૂર રાત્રી તું વરસાદ ક્યાં વરસાવશે એમાં વરસાત અને વરસ એ બે શબ્દનાં દરેક પદમાં જુદા જુદા અર્થ લીધાછે.

બીજુંઉદાહરણ.   ઉપજાતિવ્રત.

ઉત્કંઠ આ મેઘની માળ જોઇ, મોરો કરે પુષ્કળ શોર મોઇ;
ઉત્કન્ઠ જો મન યુવાન નારે, જો જો કરે કામ સુહામણારે. ૯૮

આ મેઘ માળા છે તે જોઇ મોરો પુષ્કળ અવાજ કરી ડોક ઊંચી કરે છે ને યુવાન પુરૂષોનાં મન છે તે જો જો કામ સુહામણી રીતે ઉત્સાહ યુક્ત કરે છે...... એમાં ઊત્કન્ઠાના બે અર્થ થાય છે.

(સ્વકૃત)   ત્રીજુંઉદાહરણ. દોહરો.

પરશેવાથી સૂખ છે, પર શેવાથી દુખ;
પરશેવામાં પુછતું, બીજા જણનું મુખ. ૯૯

એમાં પરશેવો એટલે સ્વેદ અને પરશેવા એટલે બીજાની શેવા એમ અર્થ લીધો છે.

ख. અર્થ અવૃતિ.

ઉદાહરણ.   દોહરો.

કદમ્બ ખિલ્યાં હે સખી, ઉઘડયાં ડોલર આજ,
સંવત્સર વિતી ગયો, તોય ન સરિયું કાજ. ૧૦૦

એમાં ખિલ્યાં અને ઉઘડયાં એ બે શબ્દનો એકજ અર્થ છે.

બીજુઉદાહરણ દોહરો.

ચાતક તૃષા મટાડવા, પીયુનું કરે રટણ,
કામી કામ સમાવવા, પ્રીયનું કરે સ્મરણ. ૧૦૧

એમાં મટાડવું અને સમાવવું એનો એક ધર્મ છે.

ग. ઉભયાવૃતિ.

ઉદાહરણ. દોહરો.

હર્ષ પામતા ચાતકો, મોર પામતા હર્ષ,
મેઘ ગર્જના સાંભળી, મન લાગે ઉત્કર્ષ. ૧૦૨

બીજુઉદાહરણ.

તારા મુખે ચંદ્રનું પ્રતિબિમ્બ જીત્યું છે. તેથી તે સમુદ્રમાં લય પામે છે, અને કમળને પણ જીત્યું તેથી તે પણ લય પામે છે.

૧૭ **પ્રતિવસ્તુપમા**-જ્યાં ઉપમાન અને ઉપમેય એ બે વાક્યનો સમાન ધર્મ પ્રથક કરી દેખાડાય તેને પ્રતિવસ્તુપમા કહે છે. અથવા પ્રત્યેક વાક્યાર્થની ઉપમાનો સમાન ધર્મ. તે પ્રતિવસ્તુપમા કહેવાય.

ઉદાહરણ. દોહરો.

શોભે શૂર ધનુષથી, શોભે સૂરજ તાપ,
બીજા તે શું જાણશે, જો નહીં જાણે આપ. ૧૦૩

એમાં સૂરજ તાપથી શોભે છે અને શુરા ધનુષથી શોભે છે.

બીજું ઉદાહરણ. દોહરો.

ખળ બુદ્ધિનો બાધતો, ગુણ શિળને નવ હોય,
રત્ન દીપનો નાશ તે, વાયુથી કદી નોય. ૧૦૪

ગુણી પુરૂષના શીળને ખળ બુદ્ધિથી બાધ આવતો નથી ને રત્ન જોતંનો વાયુ લાગવાથી નાશ થતો નથી. એમાં નાશ થવો અને

બાધ આવવો એકજ ધર્મ છે. પણ પૂર્વાર્ધ ઉપમેય છે તેને ઉત્તરાર્ધ ઉપમાન પ્રથક કરી બતાવે છે.

અર્થાવૃત્તિ દીપકમાં પ્રસ્તુત અને અપ્રસ્તુત નિયમસર નથી પણ પ્રતિવસ્તુપમામાં પ્રસ્તુત અને અપ્રસ્તુત વાકયને સાદ્રશ્ય દેખાડી આપે છે.

આ વૃતિ દીપક અવળા દ્રષ્ટાન્તમાં શોભતો નથી પણ પ્રતિવસ્તુપમામાં વૈધર્મ એટલે ઉલટો અર્થ લેવામાં પણ શોભે છે. તેનું ઉદાહરણ.

ઉપજાતિવ્રત.

વિદ્વાનના જે શ્રમ તે પ્રમાણે, પુરે પુરા તે વિદ્વાન જાણે;
વંઝયા પ્રસૂતાનિ પિડા ન જાણે, ખરે ખરૂં તું મન એમઆણે.૧૦૫

વિદ્વાનનો પરિશ્રમ અવિદ્વાન નજ જાણે, " વાંઝણી સ્ત્રી પ્રસૂતા જણનારીની પીડા ન જાણે " એમાં બીજું વાકય વૈધર્મી છે.

બીજું ઉદાહરણ. દોહરો.

ગુણી પુરૂષના ગુણ તે, પ્રકાશ મેળે થાય,
કસ્તુરીની ખાતરી, સમ ખાધે નવ થાય. ૧૦૬

ગુણીજનના ગુણ પોતાની મેળે પ્રકાશ થાય છે કસ્તુરી (સુગંધ) ની ખાત્રી સમ ખાવાથી થતી નથી.

૧૮ દ્રષ્ટાન્ત. જ્યાં ઉપમાન અને ઉપમેયના વાકયના ધર્મ એક બીજાથી ભિન્ન હોય તે છતાં બિમ્બ પ્રતિબિમ્બ ભાવે એકસાથે દેખાડાય તેને દ્રષ્ટાન્ત કહે છે.

ઉદાહરણ. દોહરો.

હે રાજાજી એક છો, તમેજ કીર્તી માન,
ચંદ્ર એકલો નભ વિષે, દિસેછ કાન્તિ માન. ૧૦૭

તમે કીર્તિ વાળાં છો એ ઉપમેય અને ચંદ્ર કાંન્તિવાન એ ઉપમાન છે. તે બેઉના ધર્મ ભિન્ન છે એકનો કિર્ત્યાત્મ બીજાનો કાન્ત્યાત્મક છે. પણ કિર્તી બિમ્બ ને કાન્તી પ્રતીબિમ્બે કરે તે બનેના ધર્મ સાથે બતાવ્યા.

બીજુંઉદાહરણ. ઇંદ્રવજાવ્રત.

નક્ષત્ર તારા ગૃહ આદિ શેષ, આકાશ શોભે વિધુથી વિશેષ;
પૃથ્વી પરે રાય અનેક એમ, આ રાયથી શોભિત થાય તેમ. ૧૦૮

નક્ષત્ર તારા ગ્રહો અને બીજાં બાકીનાં આકાશમાં ઘણા છે. તો પણ ચંદ્રથી. આકાશ શોભે છે તેગજ પૃથ્વિપર બીજા ઘણા રાજા છે પણ આ રાજાએ પૃથ્વિ રાજા વાળી કરીને શોભાવી છે.

ત્રીજુંઉદાહરણ. ઉપજાતિવ્રત.

ભાષા ભણ્યા સંસ્કૃત વીદવાનો, મુરારી જાણે શુભ સાર તેનો;
સમુદ્ર મંથા ચળ તાગ જાણે, કપીવરો કિન્ચિતના પ્રમાણે. ૧૦૯

ઘણા વિદ્વાનો સંસ્કૃત ભાષા ભણ્યા છે પણ મુરારી કવિ વિના બીજા કોઈ એ સંસ્કૃતનો સાર જાણ્યો નથી જેવી રીતે વાંદરાઓ એ સમુદ્ર ઉલંઘન કર્યો છે પણ તેનો તાગ મંથાચળ પર્વત વિના કોઇએ જાણ્યો નથી. તેમ મુરારી કવિ વિના બીજા કોઇએ જાણ્યો નથી.

ઘણી લખત વૈધર્મ્યથી પણ દ્રષ્ટાન્ત અલંકાર બતાવ્યા છે.

હે રાજા તમે મનને ગર્વની સનમુખ કર્યું પણ ગર્વિત ન કર્યું એ પ્રમાણે શસ્ત્ર ફેંક્યા વિના શત્રુઓને હણ્યા પણ મારી નથી નાખ્યા જેમકે સૂર્ય ઉદયાચળના શીખરપર નથી આવ્યો ત્યાં સુધીજ અંધારૂં રહે છે.

૧૯ નિદર્શના. વાક્યને અર્થની એકતા થાય તેને નિદર્શના

કહે છે અથવા ઉપમેય વાક્યના અર્થમાં ઉપમાન વાક્યના અર્થનો અભેદ તેને નિદર્શના કહે છે.

ઉદાહરણ. દોહરો.

આ દાતાની સૌમ્યતા, અનુભવ આવે એમ;
પુર્ણેન્દુ અલંકતા, લાગે મનને એમ. ૧૧૦

આ દાતાની સૌમ્યતા નિરમળપણુ તેજ પુનમના ચંદ્રની અસંકતા છે.

યથાવા. શિખરણીવૃત્ત.

અરણ્યે રોવું ને શબ શરિરને રાગ કરવો;
બિયાં ખારે બોવાં થળ કમળ આરોપ કરવો.
કરો વાતો કાને બધીર જન આગે જઇ કરી;
કરી સેવા ભારે, અબુધ જનની તે ત્યમ ઠરી. ૧૧૧

અબુધ જનની શેવા કરવી ને, અરણ્યે રોવું, ખારી ભોંયમાં બી વાવવાં, થળમાં કમળ વાવવું ને બેરાને કાને વાત કરવી તે સરખું છે.

क. કોઇ પદના અર્થની વ્રતીનો આરોપ થાય તેને પદાર્થ વ્રતિ નિદર્શના કહે છે.

ઊદાહરણ. દોહરો.

નેત્રો બે તુજ માનની, શોભા ધારણ થાય,
જુગલ કમળ કાળાં તણી, ખરે ખરૂં દેખાય. ૧૧૨

હે સ્ત્રી તારાં બે નેત્ર છે તે કાળાં કમળની શોભાને ધારણ કરે છે એમાં નેત્રમાં કાળાં કમળની શોભાનો અર્થ મુકી દીધો છે.

યથાવા. દોહરો.

ગૌડ દેશની કામની, પ્રોષ્યત્પતિકા થાય,

પીળપ ગંડ સ્થળ તણી, ખજુરી ફળમાં જાય. ૧૧૩

ગૌ: દેશની સ્ત્રીઓને પોતાના સ્વામીને વિયોગ થાય છે ત્યારે તેનાં ગંડસ્થળની જે પીળપ થાય છે તે ખજુરીનાં ફળ ફુલ જે પીળા થાય છે તેમાં જણાય છે.

પ્રથમ ઉદાહરણમાં ઉપમેયમાં ઉપમાનનો ધર્મ મુકર્યો, અને બીજા ઉદાહરણમાં ઉપમાન છે તેનો આરોપ ખજુરીએ ઉપમેયમાં કર્યો છે.

વળી એના વાક્યાર્થ વૃતિ, સદર્થ અને અસદર્થ નિદર્શના એવા બીજા ત્રણ ભાગ થાય છે.

૨૦ વ્યતિરેક—જ્યાં ઊપમાન અથવા ઉપમેયની વિષેશતા હોય તેને વ્યતિરેકાલંકાર કહે છે.

ઊદાહરણ. ઊપજાતિવૃત.

આ સંત છે ઉન્નત ગિરિ જેવાં, પ્રકૃતિ માંહે નથી સંત તેવા;
જણાય તે કોમળ મન વાળા, કઠીણ છે પર્વત મંન વાળા. ૧૧૪

આ સંત છે તે પર્વત જેવાં ઉન્નત છે ખરાં પણ પ્રકૃતિમાં સંત તેવા નથી એ તો કોમળ મનના જણાય છે અને પર્વત તો કઠણ હૃદયના છે. આમાં ઉપમેયમાં આધિકતા બતાવી છે.

યથાવા. ઉપજાતિવૃત.

વિષેશ છે હે વિર હસ્ત તારો, ખરે તરૂ કલ્પ થકી વિચાર્યો,
શોભા કરે પલ્લવ કર્ણ કેરી, હસ્તો તિરસ્કારજ કર્ણ કેરી. ૧૧૫

હે વીર તારો હાથ છે તે કલ્પ તરૂના પલ્લવથી ખરેખર વિષેશ છે પણ કલ્પ તરૂના પલ્લવ કર્ણ—કાનને શોભા આપે છે અને તારો હાથ કર્ણ—કરણ રાજાનો તિરસ્કાર કરે છે—મતલબ કરણથી તારો હાથ અધિક દાનેશ્વરી છે. એમાં કરણથી પણ હાથ એ ઉપ-

મેય આધિક્ય ગણ્યો.

ઘણી વખત ઉપમેયમાં ન્યુનપણું પણ આવે છે.

ઉદાહરણ. **ભુજંગી.**

નવાં પત્રથી રક્ત રે તું જણાઉં, મહા સુન્દરિના ગુણે હું ગણાઊં;
શિલીમૂખ તે બેઉને સાથ આપે, પ્રહારે તને ચર્ણ કેરાખિલાવે.૧૧૬
મને પાયના તે પ્રહારોજ ભાવે, બધા ગુણમાં એકતા તુંજ લાવે.
વિધીએ કર્યું નામ તારૂ અશોક વિયોગી થવાથી થયો હું શશોક.૧૧૭

હે અશોકનાં વ્રક્ષ—તું નવાં પલ્લવોથી રક્ત થાય છે અને હું સુન્દર સ્ત્રીના ગુણોથી રક્ત થાઉં છું તને પણ શીલીમુખ—ભ્રમરો આવી વળગે છે. અને મને પણ શીલીમુખ—કામદેવનાં બાણ વળગે છે તું પણ મદોન્મત યુવાન સ્ત્રીના પગના પ્રહારથી ખીલી નીકળે છે, અને હું પણ એના પગના પ્રહારથી હર્ષ પામું છઊં, બધા ગુણમાં તું મારી સાથે મળે છે પણ દૈવે તારૂં નામ અશોક પાડયું ને હું સશોક—શોક સહિત થયો છું.

ટીકા—આસોપાલવનાં વ્રક્ષની એવી ખાસિયત છે કે જુવાન સ્ત્રી નુપૂર પેરીને જોરથી લાત મારે તો તે વસન્તમાં તરત ખીલે છે.

અનુભયપર્યા વસાયી—ઊપમેયને ઉપમાન સરખાં આવે તે.

ઉદાહરણ. **માલિનીવૃત.**

કૃપણ વળિ કૃપાણે, એક આકાર ફેર,
કૃપણ સજડ મુષ્ટી ખડ્ગની તેવિ પેર;
સહજ મલિન બંને, કોષમાં બેઉ રેછે,
અવર ગુણ વિશે તો એકતા તે કરે છે, ૧૧૮

કૃપણ—કંજુસ અને કૃપાણ—તરવાર એમાં આકૃતી—આકાર અને આકૃતિ—કાનાનો તફાવત છે. નહીં તો તે બધા ગુણમાં મ-

બતા આવે છે કૃપણપણું દઢ મુઠી વાળી રાખે છે. કોઇને પાઈ દેતો નથી ને તરવાર પણ મુઠગાં બરાબર સજી રેછે લોભી પણ મેલો કરેછે ને તરવાર પણ કાટથી મેલી રેછે બને કોષ—ભંડાર ને કોષ-મીઆનમાં રેછે.

૨૧ **સહોકિત**—જ્યાં કાંઇ કાર્યનું સાથે વર્ણન કરી માણસના મનને આનંદ આપે તેને સહોકિત કહે છે

ઉદાહરણ. **દોહરો.**

આ રાજાની કીરતી, સર્વ શત્રુની સંગ,
દીશા અંત પામી ગઈ, તેથી જામ્યો રંગ. ૧૧૯

આ રાજાની કીર્તી સઘળા શત્રુઓની સાથે દીશાના અંતને પામી ગય છે. તેમાં એવો મતલબ છે કે શત્રુઓને દિશાના અંત સુધી હાંકી કાઢયા ને તેની કીર્તી ત્યાં સુધી ફેલાણી.

યથાવા. **દોહરો.**

ઝાડ તળે છાયા મળી, પાંથ તણી સન્ગાત;
મીન સરો જળને મળી, તળે વસે છે વાસ. ૧૨૦
સુર્ય કિર્ણ પણ લોકની, સહાય સાથે થાય;
પાન કરે જળનું પછી, શાન્ત સહુ જણ થાય ૧૨૧

વ્રક્ષની છાંઆ પાંથ--મુસાફર સાથે વ્રક્ષ તળે આરામ લે છે અને માંછલી તળાવના જળની ઠંડક સાથે તળે નિવાસ કરે છે. સૂર્ય કીરણ માણસો સાથે પાણી પીએ છે, એટલે ગરમી પણ પાણીનું શોશન કરે છે ને માણસ પણ કરે છે એમ ગ્રિષ્મ રતુનાં મધ્યાન્હ કાળનું કવિ વર્ણન કરે છે.

૨૨-**વિનોકિત**—કોઈ વસ્તુનું વર્ણન કરતાં કાંઇ ખામીએ કરીને પ્રસ્તુતમાં ઓછાપણું જણાય તેને વિનોકિત કહે છે.

જેમકે—વિદ્યા મનોહર છે તોય પણ વિનયની સંપતિ વિના હોય તો તે દોષ વાળી છે.

યથાવા. **ઇંદ્રવજ્રાવૃત.**

જેણે ન જોયા શુભ રાગચંદ્ર, જેને ન ભાળે વળિ રામચંદ્ર;
નિંદીત તે પુરૂષમાં ગણાય, આત્મા તણો નિંદી તે જણાય. ૧૨૨

જેણે રામચંદ્ર—ઇશ્વરને જોયા—ભજ્યા નહીં ને જેને ઈશ્વર જોતા એટલે કૃપા દ્રષ્ટિ કરતા નથી તે પુરૂષમાં તો નિંદીત્ત છેજ પણ પોતાના આત્માનો પણ નિંદિત્ત છે એમ જણાય છે. એમાં રામચંદ્રજીને જાણવાની ખામી એ વિનોકિત છે. કાંઇ ખામીને લીધે પુર્ણતા ગણાય તેને પણ વિનોકિત કહે છે.

ઇંદ્રવજ્રાવૃત.

રાજેંદ્ર જો આજ સભા તમારી, શોભેછ બહુ તે ખગવિણ સારી;
એ જોઇ રાજા હરખાઇ જાયે, પંડીત આદિ ખુબ ખુશ થાયે. ૧૨૩

એમાં ખળ રહિત સભા છે તેથી સારી છે એમ કહી પુર્ણતા જણાવી.

યથાવા. ઇંદ્રવજ્રાવૃત.

શોભે નિશા તીમિર જાય ત્યારે, ઊગે શશી પૂરવ દીશ જ્યારે,
તેવી દિસે સુન્દરિ માન મેલી, જો આ સખી નિર્મળનાર પેલી. ૧૨૪

ચંદ્ર ઉગવાથી અંધારાનો નાશ થઈ જેવી રાત્રી નિર્મળ શોભે છે તેવી આ સુન્દર સ્ત્રીએ માન મુકયું તેથી નિર્મળ શોભે છે.

૨૩–**સમાસોકિત.** વર્ણન કરવા યોગ્ય જે પ્રસતુત વ્રતાંત તેમાં અપ્રસ્તુતનો પ્રકાશ થાય તેને સમાસોકિત કહે છે.

ઉદાહરણ. ઈંદ્રવજ્રાવૃત.

જો ચંદ્રમા રકત થઇ ફરે છે, ઐંદ્રિ તણું ચુમ્બન તે કરે છે,

ખીલી જુવાની ભરપુર તારી, તોયે ઉદાસી કયમ થાય નારી. ૧૨૫

એમાં ચંદ્ર રૂપી નાયક ગણી ઐંદ્રિ.-ઈંદ્રની સ્ત્રી (અથવા ઉગમણી દીશા) નું મુખ ચુમ્બન કરે છે એમ પણ અર્થ થાય છે. વળી પ્રસ્તુત વસ્તુ વૃતાન્તનું વર્ણન છે તેમાં અપ્રસ્તુત ભેદ કે બીજો અર્થ એવો નિકળ્યો કે રાતે કામી પુરૂષ કોઇ ઐંદ્રી સ્ત્રીનું ચુમ્બન કરે છે.

યથાવા.

સેવા કરે આદર સાથ નારી, કંદૂક તું સુકૃતિ પુંજ ભારી,
કમ્પીત બિમ્બૌ સ્તન કેશ છુટે, બાહ્યોપચારો કરિસ્વાદ લૂટે.૧૨૬

હે કંદૂક—ફુલના દડા તું સુકૃતિવાન છું કે તારી શેવા સ્ત્રી ધ્રુજતા હોઠ ને સ્તન અને છુટા કેશથી બાહ્યોપચાર કરી સ્વાદ લુંટી શેવા કરે છે.

ટીકા—આહીં કંદૂકનું વૃતાન્ત વર્ણ્યવ્યું છે એમાં જે કુચ વીગેરેની ક્રિયાનું વિશેષણ છે તે નાયકની વિપરીત રતીની યુક્તિનું વર્ણન કરેછે ને સ્તનને ફુલના દડાનું રૂપછે.

સાદ્રશ્યપણાથી પણ સમાસોક્તિ જાણાયછે.

ઉદાહરણ. ઉપેંદ્રવજ્રા.

પ્રવાસ બીજે નદિનાં ગયાછે, વનો ઘટયાંને ઘટ કોઇ જ્યાં છે;
જુનાં નવાં ને બહુ રામ ભાળી, પહાડથી નીશ્ચયતાજ વાલી. ૧૨૭

રામચંદ્રના ઉત્તર ચરિત્રમાં સીતાનો ત્યાગ કરી ઘણે વરસે વન વિહાર કરવા ગયા ત્યારે કહ્યું છે કે-સ્ત્રી સંતાન આદીક જે ને ગોતાં તેને થઈ ગયાં અને હતું તેનું નાશ પામ્યુંછે. પણ જે કુળમાં પર્વત રૂપી મહાપુરૂષો છે તેજ ઓળખી ખરી ખાત્રી કરાવી આપેછે. એમ કહેવાને બદલે વનમાં નદીનાળાંની ગતીમાં તફાવત ને

વન આટાં ને ઝીણાનો તફાવત જણાવ્યો ને પર્વતથીજ તેની ઓળખાણ રાખીછે.

૨૪. પરિકર-જ્યાંસાભિપ્રાયવિશેષણહોયતેનેપરિકરાલંકારકહેછે.

ઉદાહરણ. ઉપજાતિવ્રત.

સુધાકરે મૂકટ શોભિતો છે, આનંદ ઉરે અતિ આપતોછે;
એવા ગિરીજા પતિ પ્રેમઆણી, હરો તમારા તન તાપ જાણી.૧૨૮

સુધાકર—ચંદ્રે કરીને જેનો મુગટ શોભતો છે ને જે મનને અતી આનંદ આપેછે એવા ગીરીજાપતી પ્રેમ આણી તમારા તનના તાપને મનમાં જાણીને હરો. એમાં સુધાકર યુક્ત મુગટ તે સાભિપ્રાય વિશેષણ છે. અને તેમાં તાપહરવાની શક્તિછે તેથી એમકહ્યુંછે.

યથાવા ઇંદ્રવજ્રાવૃત.

આયૂધ મારાં ફુલ રૂપધારી, પામું કદી સ્હાય વસન્ત નારી,
પીનાકધારી તજી ધૈર્યથી જાયે, હે ઇંદ્રબીજા ત્રણ માત્ર થાયે. ૧૨૯

ઇંદ્રને કામદેવ કહેછે કે—મારાં ફુલ રૂપી આયુધ-શસ્ત્ર હું ધારણ કરૂં ને કદી વસન્ત રૂપી સ્ત્રીની મને સ્હાય મળે તો પીનાક શંકર તે ધૈર્ય તજીદે તો પછી બીજાં ત્રણ તુલ્ય થાય તેમાં શું નવાઇ.

એમાં ફુલરૂપ આયુધને પીનાકધારી સાભિપ્રાય છે.

૨૫ પરિકરાંકુર—જ્યાં સાભિપ્રાય વિશેષ્ય હોય ત્યાં પરિકરાં કુર કહેછે પરિકરમાં સાભિપ્રાય વિશેષણ આવેછે ને પરિકરાં કુરમાં વિશેષ્ય આવેછે.

ઉદાહરણ. દોહરો.

દેવ ચાર પુરૂષાર્થનાં, છે વિશ્નુ દાતાર;
ચતુર્ભુજ સ્વરૂપછે, કાંકે તે કરતાર. ૧૩૦

દેવ જે વિશ્નુ તે ચાર પુરૂષાર્થનાં દાતાર છે, કેમકે તે ચતુરભુ-

જ સ્વરૂપ છે. એમાં ચતુર્ભુજ વિશેષ્ય છે. ને ચાર પુરૂષાર્થનું દાતા પણું ધર્મ, અર્થ, કામ ને મોક્ષ આપવામાં ચાર હાથ છે.

યથાવા. ઉપજાતિવૃત.

તારા ગુણો શેષ સમર્થ કે'વા, લખે સહસ્ત્રાર્જુન રાય જેવા;
જોઇ શકે ઈંદ્ર હજાર આંખે, બિજું નહિં તેવિણ કોઇ ભાખે.૧૩૧

હે રાજા તારા ગુણો હજાર મુખ વાળો શેષ કહેવાને સમર્થ છે અને તે લખવાને સહસ્ત્રાર્જુન હજાર હાથ વાળો રાજા તે શકતીમાન થાય ને તેને હજાર નેત્ર વાળો ઇંદ્ર તેજ જોઈ શકે બીજાથી તે કેહેવાય કે જોવાય નહીં.

એમાં ગુણનું બહુ પણું છે તેથી ઇંદ્ર શેષ ને સહસ્ત્રાર્જુન વીગેરે લખી શકે તેમ કહ્યું છે.

૨૬—**શ્લેષ**—જેમાં નાના પ્રકારનાં એકથી અધિક અર્થોનો સમાવેશ થતો હોય ને વર્ણ્ય અને અવર્ણ્યનો ધ્વની થતો હોય તેને શ્લેષ કહે છે.

શ્લેષનાં ત્રણ પ્રકાર થાય છે ૧ પ્રકતાનેકવિષય ૨ અપ્રકૃતાનેકવિષય ૩ પ્રકૃતા પ્રકૃતાનેકવિષય એ શિવાય એના ઘણા ભેદ થાયછે ચિત્રમિમાંસામાં તેને વિસ્તારથી વર્ણવ્યો છે.

ઊદાહરણ. આર્યા.

લક્ષ્મી'વર સરવેમાં, સૂદરશનથી સહાય આપે છે;
અમર સહુ તે જાણે, અસુર હૃદયને અતીસ કાપે છે. ૧૩૨

લક્ષ્મી—સરવેમાં વર—શ્રેષ્ટ છે તેથી સૂદર્શન—સારૂં દર્શન સમુદ્ર મંથન વખતે આપી (દેવતાઓને બીજાં તેવાં રત્ન મળશે તેવું ઉત્તેજન આપે છે) તેથી અમર દેવતાઓને તે એમ જણાવે છે. અને અસુર—રાક્ષસોની છાતીને ભેદે છે એટલે તેઓ એમ જા-

ણુ છે કે રખે તેઓ (દેવતાઓ) લક્ષ્મિને લઈ જાય.

બીજો અર્થ—લક્ષ્મીવર—વિશ્નુ સરવેને સુદરશન ચક્રથી સહાય કરે છે ને તેના દર્શનથી સહુ અમર થાય છે એમ જાણે છે ને તે ચક્રથી અસુરને મારે છે.

એવી રીતે જે અર્થ થતો હોય તેમાં બીજો ધ્વનિ નીકળે તેને શ્લેશ કહે છે (કાવ્ય રત્નમાં જુઓ)

૨૭—અપ્રસ્તુત પ્રશંસા—જે ઠેકાણે અપ્રસ્તુત વસ્તુનું વર્ણન થાય તેમાં પરીણામે પ્રસ્તુતનો લાભ નીકળે તેને અપ્રસ્તુત પ્રશંસા કહે છે.

તેના પાંચ ભાગ થાય છે. ૧ સારૂપ્ય નિબંધના ૨ સામાન્ય નિબંધના ૩ વિશેષ નિબંધના ૪ કાર્ય નિબંધના ૫ કારણનિબંધના.

૧ સારૂપ્ય નિબંધનાનું ઉદાહરણ.

ઇંદ્રવજાવૃત.

પક્ષી વિશે પક્ષીજ એક ન્યારો, જે મેઘ વીના નહીં જાચનારો;
સ્મૃદ્ધિ બહુ ભાંતિ બિજા ધરાવે, તોએ ન તેની મનમાં નલાવે.૧૩૩

સર્વ પક્ષીમાં એકજ પક્ષી જુદો છે જે મેઘ વીના બીજાને જાચતો નથી બીજા ઘણા પાસે દોલત છે પણ તેને યાચવાને તે (બપૈઓ) મનમાં લાવતોજ નથી.

એમાં બપૈયાનું રૂપ દેખાડી માની પુરૂષ શુદ્ર પાસે નથી માગતો એવું કહી બતાવ્યું છે

યથાવા. ઇંદ્રવજાવૃત.

શોભા ધરી કેસરી શ્વાન માથે, વિકાળ કેશાવળી કિધિ સાથે;
જે કાળ કુમ્ભ સ્થળને પ્રહારે, કો' ક્યાંથી તે લમ્પટ ત્રાડ મારે.૧૩૪

કુતરાને ખુશીની સાથે સિંહનો સર્વ પોશાક આપી શોભા કી-

ધી ને વળી ભયંકર કેશવાળ પણ કરીએ, તોપણ જે હાથીનું કુમ્ભ સ્થળ ચીરતી વખતે લંપટ સિંહ ત્રાડ મારેછે તેવી તે શી રીતે મા-રી શકશે એમાં કુતરાની નિંદા બતાવીને તેમાં વિદ્વાનનું અભિમાન ધારણ કરી વિદૂતાનો વેષ ધારી ચાલનાર કાંઇ સંસ્કૃત બોલી સભા-માં બીજાને હરાવી શકતોજ નથી.

૨ સામાન્ય નિબંધના

ઉદાહરણ ઇંદ્રવજાવૃત.

ક્રોધી શિરે શત્રુ કરી ઉદાસી, રહે ઉપાયો વિણુ જે વિમાસી;
તે ઘાસ ગંજે મુકી આગ બેસે, વાયૂ સમો તે સુખ કેમ લેશે. ૧૩૫

જે કોઇ માથે શત્રુ કરીને વગર બંદોબસ્ત કરવે ઉદાસી થઇ બેશી રેછે તે માણુસ એક ઘાસના કુંદવામાં અગ્નિ મુકી સામે વાયે સુવેછે.

યથાવા, ઉપજાતિવૃત.

પ્રીતી કરી પાછળ સારૂં બોલે, ખરો કસોટી નવ દીલ ડોલે;
મૈત્રી રૂપી કાંચનની કસોટી, ખરે જણાએ ખરિતેહ ખોટી. ૧૩૬

પ્રીતી કરી પાછળ સારૂં બોલે એજ મૈત્રી રૂપી સોનાની ક-સોટીના ખરા ખોટાપણનું પારખું છે.

૩ વિશેષ્ય નિબંધના.

ઉદાહરણ ઇંદ્રવજાવૃત.

ખોળે ધરીને મૃગ ચંદ્ર રાખે કુરંગનો લાન્છિત્ત તોય ભાંખે,
જો કેસરી નાદ કરી નસાડે, તોએ મૃગાધીપ કહી ઉડાડે. ૧૩૭

ચંદ્રમા હરણને ખોળામાં લઈ બેઠો છે તોએ મૃગ લાન્છિત કહેછે અને સિંહ વિકાળ તાડ મારી નસાડી મુકેછે તોએ મૃગાધીપ સહુ મોઢેથી કહેછે. એમાં કુરછે તેજ વિખ્યાતી પામેછે એમ બતાવ્યુંછે.

૪ કારણ નિબંધના.

ઉદાહરણ. બસન્તતિલકા વૃત.

જ્યારે સૃજ્યું મુખ રૂડું દયમંતી સારૂ,
ત્યારે ગ્રહ્યો સરસ ભાગજ ચંદ્ર ચારૂ
તેથી ઉંડુ ઉદરમાં વરતાય કાળું,
બીજું નથી અધીક કારણ લાંછનાળુ. ૧૩૮

જ્યારે દયમંતીનું મુખ બ્રહ્માએ સૃજ્યું ત્યારે ચંદ્રમાંથી સરસ ભાગ હતો તે લઇ લીધો છે તેથીજ તેમાં ખાડો પડી રહ્યોછે તે કાળું વરતાયછે. એ કારણ ઉપરના શ્લોકમાં બતાવ્યુંછે.

૫ કાર્ય નિબંધના

ઊદાહરણ. માલિનીવૃત.

ચરણ કમળ પુજ્યાં, વિધીએ વિશ્નું જ્યારે,
નખ જળ થઈ ગંગા કાંતી જે આવી ત્યારે
ઉદધી મંથન કાળે તેજનો પીન્ડ આવ્યો,
કરિ નભ શશિ તેને નામ આપી ચલાવ્યો. ૧૩૯

બ્રહ્માએ જ્યારે વિશ્નુનાં ચરણ પુજ્યાં ત્યારે તેને તે વખતે તેની કાન્તિનો પ્રકાશ ગંગા રૂપ થઈ સમુદ્રમાં મળી એકઠો થયો તેને સમુદ્ર મંથન વખતે પીન્ડ થઈ બહાર આવ્યો તેજ એ ચંદ્રછે માટે તેને ચંદ્ર એવું નામ આપી આકાશમાં ચલાવ્યો. એમાં કાર્ય બતાવ્યુંછે.

યથાવા. ઇંદ્રવજ્રાવૃત.

જોઈ ગંતી ગર્વ ન હંસ રાખે, આલાપથી કોકિલ મૌન્ય રાખે;
શિલા સમા માલતિ પુષ્પ અંગે, ક્રાન્તિથી લક્ષ્મી ભગવાંજરંગે. ૧૪૦.

આ સ્ત્રીની ગતી જોઇને હંસ ગર્વ નથી રાખતા. આલાપ— બોલવું સાંભળી કોકીલા—મૌન્ય—મુંગા રહે છે ને તેના અંગની

માર્દવતા આગળ માલતીનાં ફુલ શીલા–પ્રથર જેવાં જોઇએ ને તેની ક્રાન્તિ જોઇને તો લક્ષ્મિએ ભગવાં પેરવાંજ જોઈએ.

ઢોરનાં કુળમાં લજ્યા હોત તો પાર્વતીનો કેશપાશ જોઈ ચમરી ગાય પુન્છની પ્રીતી તજીદેત. એ પણ કાર્ય નિબંધના થાયછે.

૨૮ **પ્રસ્તુતાંકુર**—જ્યાં પ્રસ્તુત વસ્તુથીજ પ્રસ્તુતનો પ્રકાશ થાય તેને પ્રસ્તુતાંકુર કહે છે.

ઉદાહરણ. **ઉપજાતિવૃત.**

હે ભૃંગ જો માલતિની લતા છે, પુષ્પો અતી સુન્દર દીપતાં છે,
તેથી અરે કંટક કેતકીને, શું કામ તારે, નવ જો છકીને. ૧૪૧

એમાં પ્રસ્તુત ભમરને માલતી છે. પણ કોઇ વાડીમાં વિહાર સ્થળે સ્ત્રી પોતાના સ્વામિને સંભળાવવાને ભમરાને કહે છે કે—હું અનુકુળ માલતી જેવી છું તે છતાં કંટક જેવી બીજી સ્ત્રીનું તારે શું કામ છે ને તેના તરફ શું છકીને જુવે છે.

યથાવા. **ઉપજાતિવૃત.**

તું કોણ, સાખોટપ નીરભાગી, વૈરાગ્યથી બોલું, ખરેજ શાથી;
પરોપકારી વડવૃક્ષ ભારી, પંથી વસે ના ધિક છાંય મારી. ૧૪૨

કોઇ પ્રવાસીએ સાખોટપના ઝાડને પુછ્યું કે તું કોણ છે ત્યારે કહે હું નીરભાગી સાખોટપછું પંથી કહે શું તું વૈરાગ્યથી આ બોલુંછું તેણે કહ્યું ખરેખાત એમજ પંથી કહે શાથી વૈરાગી છું તો કહે જો આ વડનું ઝાડ કેવું પરોપકારી છૈ. કે મુસાફરો તે તળે વસેછે પણ મને ધીકાર છે કે મારી છાયા કાંઇ ઉપયોગી નથી.

ત્રીજુંઉદાહરણ. **વસન્તતિલકાવ્રત.**

જો પુષ્પ વેલી તુજ મર્દન યોગ્ય કોઇ,
થાજે ખુશી ભ્રમર પ્રૌઢ લતા તું જોઈ;

ના પીડરે કુમળી બાળ લતા બીચારી,

છે એ અજાત કળી માલતિ જો વિચારી. ૧૪૩

એમાં વાડીમાં ફરતા ભમરાને ઠપકો દીધો કે તારે મર્દન કરવા યોગ્ય કોઈ પ્રૌઢ વેલી હોય તેને જોઈને તું ખુશી પામ પણ જે બિચારી કુમળી ને બાળક હજી તો તેને કળીઓ બેઠી નથી એવી માલતીની વેલને શું પીડે છે કાંઇક તો વિચાર. એ ઠપકો પ્રસ્તુત છે પણ પ્રૌઢ સ્ત્રી છતાં મુગ્ધાને કામ ક્રિયામાં પીડવી તે સારૂં નહીં એમ નાયકને વિદગ્ધા નાયકા કહે છે.

યથાવા. વસન્તતિલકાવૃત.

ચીન્હિત્ત ચાંચથકીહંસ કરેલડોડા, રાખ્યાધરીકમળવેલી જણાય આડા;
ટોચ્યાંજરાનવિનપલ્લવઆમ્રનાંતે,સંતાડીબિમ્બસ્તનવસ્ત્રથીઉભીત્યાંતે૧૪૪

એક સ્ત્રી પાણીને કાંઠે ઉઘાડી ઉભીછે તેના તરફ જોઇ બે સ્ત્રીઓ છે તે કહેછે કે—આ કમળની વેલીએ બે કમળના વગર ઉઘડેલા ડોડા ધારણ કર્યાછે તે જરા હંસે ચાંચ મારી ચિન્ન યુક્ત કર્યા છે ને આમ્રના નવાં પલ્લવ છે તેને જરા (કોકીલે) ટોચ્યાં છે એ સાંભળીને પેલી સ્ત્રીએ બે સ્તનને હોઠ સંતાડી દીધા.

૨૯ પર્યાયોકત—કહેવા યોગ્ય પદાર્થનું બીજે સુન્દર રૂપે વર્ણન કરવું તેને પર્યાયોકત કહેછે.

ઉદાહરણ. દોહરો.

જે દેવે મીથ્યા કર્યાં, રાહુ સ્ત્રીનાં સ્તંન;

અહનિશ વંદુ તેહને, જેથી થાય પ્રસંન. ૧૪૫

એમાં વિશ્નુ અસાધારણ રૂપે વર્ણન કરવા યોગ્ય છે તેમાં રાહુની સ્ત્રીનાં સ્તનના વ્યર્થપણાના રૂપાન્તરે કરીને વિશ્નુને કહ્યા છે. રાહુનું મુસ્તક છેદીનાખ્યું છે તેથી તેની સ્ત્રીનાં સ્તન વ્યર્થ થઇ ગ-

યાં છે.

યથાવા. **દોહરો.**

શિરિષ પુષ્પ અભિમાનને, ટાળી પગથી તેમ;

અલ્પ દયાળુ નાથ છો, ક્યાં લગી જોશો એમ. ૧૪૬

દમયંતીએ નળને કહ્યું છે કે—શીરીષ-સારસડાના ફુલ (રૂપી મારા પગ) નું અભિમાન છોડાવી આપના પગથી એમ કયાંલગી જોશો હે નાથ તમે અલ્પ દયાળુ છો એમાં કયાં લગી ચાલવું છે એમ બતાવવાને રૂપાન્તર કહ્યું છે.

જેમાં કાંઇ મીશે કરીને પોતાનો મનોરથ સાધવો તેને પણ પર્યાયોક્ત કહે છે.

ઉદાહરણ. **ઇંદ્રવજાવૃત.**

સ્વામિ પ્રિયા બે જણ લાવી મેલ્યાં, બેઠાં કરેછેજ વિનોદ ભેળાં;

બેસો તમે બે ઘડી આહિં આજે, આવું જઇ હું ઘરકામ કાજે. ૧૪૭

એમાં સખીએ સ્ત્રી ને સ્વામીને ભેળાં કરીને કહ્યું કે-તમે બે ઘડી બેસો હું ઘરકામ કાજે જઇ આવું છું—એમ કહી ચાલી ગઇ એમાં નાયક ને નાયકાનો મેળાપ કરવાનો મનોરથ બતાવ્યો છે.

યથાવા. **ઇંદ્રવજાવૃત.**

હે રાધિકા કંદુક તેહ લાવો, જે વસ્ત્રમાં ચાતુર તેં છુપાવ્યો.

એવું કહી હાથથી ગાંઠ છોડી, કસો પછી કાંચળી તાણી તોડી.૧૪૮

એમાં સ્તન ગ્રહણ કરવાનો મનોરથ પાર પાડયો છે. એટલે કૃષ્ણે રાધીકાને કહ્યું કે ફુલનો દડો સંતાડયો છે તે લાવો એમ કહી હાથ નાખી કાંચળીની કસો તોડી નાખી.

૩૬ **વ્યાજસ્તુતિ**—જ્યાં કોઇ વસ્તુની નિંદા કરતાં સ્તુતિ

નીકળી આવે ને સ્તુતિ કરતાં નિંદા નીકળી આવે તેને વ્યાજ સ્તુતિ કહે છે.

નિંદાએ કરીને સ્તુતિ ઉદાહરણ. **દોહરો.**

પાપીને પણ સ્વર્ગમાં, પ્રેમ ભરી લઇ જાય;
હે ગંગા એ તુજમાં, કયો વિવેક ગણાય. ૧૪૯

હે ગંગા તું પાપીને પણ સ્વર્ગમાં પ્રેમથી લઈ જાય છે ત્યારે એતો તારો કેવો વિવેક કહેવાય.–મતલબ પુન્યવાનને તો તું સ્વર્ગ પમાડે છે પણ પાપીને પણ પાવન કરી મોક્ષ આપે છે એવી સ્તુતિ કરી ખુબી બતાવી છે.

સ્તુતિથી નિંદા થાય તેનું ઉદાહરણ **ઉપજાતિવ્રત.**

હે દૂતિ રૂડું કર્યું કાર્ય એતો, રાખ્યું નથી બાકિ અધિક તેં તો,
નખક્ષતો ને વળી દંત પ્રાસ, અડા ગૃહ્યા શું કહુ એ સુવાસ. ૧૫૦

નાયકા દુતીને કહે છે કે હે સખી તે તારૂં રૂડુ કામ કીધું એથી બાકી બીજું કાંઈ સારૂં કામ તે રાખ્યું નહીં. દાંતને નખની પીડા મારા આડી તેં લીધી તેથી તારી સુવાસની શી વાત કહું--એમાં એમ કહ્યું કે–તેં મારા આડી કામ ક્રિયા કરી તેથી તને ધીક છે. એમ નિંદા કીધી.

યથાવા. **દોહરો.**

એક સપ્તિ વર યુધમાં, હે રાજા તું જાય;
સપ્ત સપ્તિપર શત્રુઓ, તારા સામા થાય. ૧૫૧

એમાં કહ્યું કે હે રાજા તું એક સાત મુખા ઘોડા ઉપર ચડીને યુધમાં જાય છે ત્યાં તારા શત્રુઓ, સાત ઘોડે ચડયા ને સામા થાય છે. એતું એક સાતમુખા ઘોડા ઉપર સ્વાર થયો તો તે તારા શત્રુઓને સૂર્ય મંડળમાં મોકલી સાતમુખા ઘોડા ઉપર બેસાડયા.

યથાવા. **ઉપજાતિવ્રત.**

આકાશ ઉમાનિધિ વિશ્નુ ચારે, લીધાં હરી સૌ હરશેષ જ્યારે;
હે રામ તે ઇશ્વર તું થયો છું, સર્વજ્ઞ તું, ભિક્ષુક હું રહ્યોછું. ૧૫૨

એમાં એક કવિએ રાજાને કહ્યું છે કે–શંકર પાસેથી ડાબુ અંગ પાર્વતીએ લઇ લીધું ચંન્દ આકાશે લઇ લીધે વિશ્નુએ પોતાનું જમણું અંગ લઈ લીધું, ગંગા જઇ સમુદ્રમાં ભળી, શેષ પાતાળ ગયા તેથી હવે ઇશ્વર તો તુંજ થયોછું પણ સર્વજ્ઞ તારામાં આવ્યું ને ભિક્ષુકપણું મારામાં આવ્યું એમાં એમ બતાવ્યું છે કે હે રાજા તું સર્વ મારૂં જાણે છે તોય મને ભિક્ષુક રહેવા દે છે એ તને ન ઘટે એમ કહી નિંદા કીધી છે.

૩૧–**વ્યાજનિંદા**–એકની નિંદાએ કરીને બીજાની નિંદા બતાવવી તેને વ્યાજ નિંદા કહે છે.

ઉદાહરણ. **ચોપાઈ.**

હે વિધી તારૂં એકજ શીશ, છેદ્યું જેણે જેહ નિમીષ;
તેજ થયો નિંદાને યોગ્ય, કેમ નકીધો ચારે ભોગ.૧૫૩

હે બ્રહ્મા જેણે તમારૂં એક માથું જે વખતે છેદ્યુ તેજ ખરેખર નિંદવા યોગ્ય છે તેણે ચારે માથાનો ભોગ કેમ ન લીધો. એમાં બધા માથાં શંકરે કેમ ન છેદ્યાં એમ કહી શંકરની નિંદા કીધી છે પણ એમાં બીજી નિંદા એવી નીકળે છે કે જે આ અવળો સંસાર કરે છે. તેજ નિંદવા યોગ્ય છે.

યથાવા. **ઉપજાતિવૃત.**

હે કાક તું ખૂશિથી ચાલતારે, નિંદા કર્યા યોગ્ય વિધી અમારે;
જેણે કર્યો કોમળ કોકિલામાં, નિવાસ તારો તરૂ આમ્રલામાં. ૧૫૪

હે કાગડા તું તારે ખુશીથી જેમ ચાલતો હોઉ તેમ ચાલ અ-

મારે બ્રહ્માને નિંદવા જોઇએ. કેમકે તેણે તારો નિવાસ રૂડા કોમળ કોકિલા સાથે આંબાના વૃક્ષમાં કીધો છે એમાં કિધી બ્રહ્માની નિંદા પણ ખરૂં જોતાં કાગડાની નિંદા કીધી કે તું મુર્ખ છે. તુ આંબાના વૃક્ષમાં કોકિલા સાથે શોભતો નથી.

ઉદાહરણ. બીજું ઉપજાતિવૃત.

સૌન્દર્યતાનો ન હિસાબ રાખ્યો, સૃજી વનિતા ન વિચાર રાખ્યો;
અયોગ્ય તેને ગુણ રૂપ સ્વામી, મળયાથી તે થૈ પડી છે નકામી.૧૫૫

આ સ્ત્રીને બ્રહ્માએ સૃજી ત્યારે સૌન્દર્યતાને રૂપના ખર્ચનો કાંઈ પણ હીસાબ ન રાખ્યો—એટલે એવો પણ ભય ન રાખ્યો કે-ભંડારમાં ખોટ આવી જશે એવી રચનાથી આ સ્ત્રી રચીને તેનો વિચાર પણ ન કર્યો તેનો સ્વામી તેના ગુણને રૂપને અયોગ્ય મળવાથી તે બિચારી ભોંય ભેર પડી નકામી થઈ પડીછે.

ટીકા—એવી સ્ત્રીની સૃષ્ટિ રચી તેમાં સ્ત્રીની ખુબસુરતીના વખાણ કર્યા તે બ્રહ્માની નિંદા કીધીછે. પણ અન્દર ખાનેથી એ કવિએ ઘણી સુન્દર કવિતા કરી તેથી તેની પ્રશંશા કરી પણ તે અરસીક પુરૂષ આગળ ભોગ થઇ પડવાથી તેનો રસ નકામો થઇ પડયો એમ ગણ્યુંછે.

૩૨ આક્ષેપાલંકાર—પોતેજ કહ્યું હોય તેનો વિચાર કરી તેનો પ્રતિશેધ રદીઓ આપવો તેને આક્ષેપાલંકાર કહેછે.

ઉદાહરણ. ઉપજાતિવૃત.

બતાવ રૂડું મુખ ચંદ્ર તારૂં, ના, ના, નથી કાંઈ જરૂર તારૂં;
છે મુખ સ્ત્રીનું અહિં પાસ મારી, સંતોષ પામીશ હું જોઈ નારી.૧૫૬

હે ચંદ્ર તારૂં રૂડું મુખ મને દેખાડ ના, ના, નહિં તો રહેવાદે કાંઇ જરૂર નથી, મારી પાસે સ્ત્રીનું મુખછે. એ જોઈ હું તેટલોજ

સંતોષ પામીશ.

યથાવા વસન્તતિલકા વૃત.

સાહિત્ય શાસ્ત્ર રૂપિ સાગર તત્ત ચાખો,
રક્ષા કવિંદ્ર કરી કાવ્ય સુધાજ રાખો;
કાવ્યાર્થ ચોર થઈ દૈત્ય સમા ભમેછે,
રત્નાકરે નથિજ ખોટ કવિ કહેછે. ૧૫૭

હે કવિંદ્રો—સાહિત્ય શાસ્ત્ર રૂપી સાગરમાંથી મથન કરી તત્વ જે કાવ્યાંમૃત તેનું રક્ષણ કરો કેમકે અમૃત ચોર સમુદ્ર મંથન કાળે દૈત્ય ભમતાં તેમ કાવ્યાર્થની ચોરી કરનાર બહુ જણ થયાછે કદી એમ હોય તો પણ શું રત્નાકરમાં રત્નથી ખોટ આવતી નથી તેમ કવિઓમાં તેની ખોટ પડવાની નથી—એમ કવિ કહેછે.

કેટલાક અલંકાર શાસ્ત્રી નિષેધના આભાસનેંજ આક્ષેપાલંકાર કહેછે પણ જ્યાં કાંઇ નિષેધ કાંઈ બાધ પામી બીજા વિષયમાં વાત લઈ જાય તોજ તે આક્ષેપ કહેવાય.

ઉદાહરણ.

જેમકે હું કાંઈ દુતી નથી પણ તેના અંગનો કાળા નળજેવો તાપછે. એમાં હું દુતી નથી એ બાધ નિષેધનો છે.

યથાવા. ઉપજાતિ વૃત.

પૃથ્વિ તણા રક્ષક તે તમો છો, શત્રુ વિનાના સબળે તમે છો,
સંધી પ્રધાનો અધિકાર ધારી, આવ્યા નથી કારણ સંપકારી. ૧૫૮

સંધી ખાતાનો પ્રધાન કોઇ રાજાની કચેરીમાં કહેછે કે—હે રાજા તમારે કોઈ શત્રુછેજ નહિ તમે તો પૃથ્વિના રક્ષક છો માટે સંધી પ્રધાનનો અધિકાર ધારી સંધી કરવાજ અમે કાંઈ આવ્યા છીએ એમ છે નહીં.

કોઈ ઠેકાણે કૃતવ્ય પદાર્થ કરવાની આજ્ઞા આપતાં તેમાં નકારની આજ્ઞા ગુણ્ય હોય તેને પણ આક્ષેપ કહેછે.

ઉદાહરણ. **દોહરો.**

જાઓ જતા હોતો પતિ, ના નથી કેતી આજ;

તમે જશો જ્યાં જ્યાં હવે, જન્મ ગાહેરા ત્યાંજ. ૧૫૯

હે સ્વામી તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ હું ના નથી કહેતી પણ તમે જ્યાં જશો ત્યાંજ મારો જન્મછે.

યથાવા. **દોહરો.**

પ્રવાસ જો કરશો તમે, ધણો વખત નથી તાપ;

જ્યારે જ્યાં જાશો તમો, ત્યાં હું આપો આપ. ૧૬૦

હે સ્વામી જો તમે પ્રવાસ કરશો તો તેમને ધણો વખત કલેશ નહિં કરે કેમકે જ્યાં જ્યાં તમે જ્યારે જશો ત્યાં ત્યાં હું પણ જઈશ.

૩૩ વિરોધાભાસ—જ્યાં વિરોધનો આભાસ જણાય ત્યાં વિરોધાભાસ અલંકાર કહેછે.

ઉદાહરણ. **દોહરો**

હાર નથી પેર્યા તમે, તોય તમારાં સ્તન,

હારી હું લેખુ બહુ, સદાય મારે મન. ૧૬૧

હે સ્ત્રી તેં હાર નથી પેર્યા તોય પણ તારાં સ્તન હું સદાય હારીજ દેખુંછું હારી એટલે મનહરવા વાળાં અથવા હારવાળાં એમાં શ્લેશછે.

યથાવા. **દોહરો.**

શત્રુ જીત છે નળ સદા, મિત્ર જીત તે સાથ;

વિચાર દ્રક દેખાયછે, ઉદાર જેનો હાથ. ૧૬૨

નળીનુ વર્ણન કરતાં કહ્યુંછે કે–તે શત્રુજીતછે તેમજ મિત્ર–સ્નેહી જીતને મિત્ર સૂર્ય જેવો છે ને તેમજ વિચાર કરીને જુવેછે તથાપી વિચાર દ્રક ચાર છાનો ચાલવા વાળો ચારની દ્રષ્ટિ નથી ને ચાર દ્રકછે ગુઢ શ્લેશ.

૩૪ વિભાવનાલંકાર—કારણ વિના જ્યાં કાર્ય ઉત્પન થાય તેને વિભાવના અલંકાર કહેછે

ઉદાહરણ. દોહરો.

નથી અળતે રંગ્યા કંઇ, આ વનિતાના ચર્ણ;
લાલ તથાપી છે અતી, જોઇ વિષેશ વિવર્ણ. ૧૬૩

આ સ્ત્રીના પગ અળતે રંગ્યા નથી પણ. લાલ રંગ પકડીને રાતા થઈ ગયા છે આહીં લાખનો રંગ કરવો એ કારણ છે. પણ રંગ વિના રતાશ ઉત્પન્ન કરી છે.

ઉદાહરણબીજુ. દોહરો.

પાન ફુલ ફળ પાણી વળિ, કમળ સરોવર સાજ.
નથી કાંઈ પણ જગતને તોય મનોરમ આજ. ૧૬૪

આ જગતને ફળ ફુલ પાણી કે કમળ વાળાં સરોવર કાંઈ નથી તથાપી તે મનોરમ—મનને રંજન કરનાર છે.

ઉદાહરણત્રીજુ. વસન્તતિલકાવૃત.

સ્ત્રી કેશ પાશ થકી હાથ સુગન્ધ પામ્યો,
તે વાસ આવિ નખમાં રહિ કાંઇ જામ્યો;
ચુંથ્યા ફુલો નખથિ વેલી તણા તથાપી,
ડીંટોપરે ભ્રમર લીન રહ્યાજ વ્યાપી. ૧૬૫

સ્ત્રીનો ચોટલો ચોળવાથી હાથે સુગન્ધિ ચોટી તેની વાસ નખમાં ભરાઇ જવાથી તે નખે—ફુલો ચુંટયાં છે તેનાં ડીંટા ઉપ-

ર ભમરા લીન થઇ ગયા છે. એમાં પણ કારણ વિના કાર્ય ઉત્પન્ન થયું છે.

ઉદાહરણ ચોથું. દોહરો.

અતીક્ષણ બાણે કરી, જગને જીતે કામ,
જે નથી જરા કઠીણ કે, તીક્ષણતાનું નામ. ૧૬૬

અતીક્ષણ—અ—નહિં તીક્ષણ કઠીણ—અતિ—ઘણા ક્ષણ—નાશકારક નહીં તેવા બાણથી કામદેવ જગતને જીતે છે. શ્લેશ છે. એમાં કઠીણ ખરાં પણ તીક્ષણ નથી એવો શ્લેશ છે.

ઉદાહરણપાંચમું ઉપજાતિવૃત.

રેણું ઉડી આ ફુલ બાગમાંથી, ચોંટે નહિં નેત્ર વિશેજ ત્યાંથી,
તોયે આંસુ લાવી ગભરાવી દે છે, મુસાફરોને અતિશે દુખે છે. ૧૬૭

આ ફુલ વાડીના પુષ્પના રેણું મુસાફરોની આંખને અડતાં નથી પણ આંખમાં આંસુ લાવી દે છે ને ગભરાવે છે.

જ્યાં કાંઇ કાર્ય થકી કારણ ઉત્પન્ન થાય ત્યાં પણ વિભાવનાજ કહે છે.

ઉદાહરણ. દોહરો

તુજ કર રૂપી કલ્પ તરૂ, તેથી જો યશ રૂપ;
સાગર જો ઉત્પન આ, થયો વિશાળ અનૂપ. ૧૬૮

તારાકર—હાથ રૂપી કલ્પવૃક્ષથી યશ રૂપી સમુદ્ર ઉત્પન્ન થયો ને એવો વિશાળ છેકે—ઉપમા આપી શકાતી નથી. એમાં સમુદ્રથી કલ્પતરૂ ઉત્પન થાય તેને બદલે કલ્પ તરૂથી—સમુદ્ર ઉત્પન કર્યો છે.

યથાવા. ઉપજાતિવૃત.

શૈલો બિશે થાય લતા બહુ એ, લતા પરેના ગિરી થાય ક્યાંએ;

અહિં તથાપી વિપરીત શ્યામા, બૈ શૈલ છે કાન્ચનની લતામાં. ૧૬૯

શૈલ—પર્વતમાં વેલી ઉત્પન થાય. પણ વેલીપર પર્વત ન થાય તથાપી અહીતો હે સ્ત્રી એથી ઉલટું છે કે—સોનાની લતામાં બે પર્વત છે. એમાં કાર્યમાં કારણ ઉત્પન્ન થાય છે.

૩૫ **વિશેષોકિત** જ્યાં પુષ્કળ કારણ છતાં કાર્ય ઉત્પન ન થાય તેને વિશેષોક્તિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

કામ દેવ દીવો બળે, ઘડી નહિં બુઝાય;
તો પણ કઠણ હૃદયતણો, ક્ષય નવ કાંઇ થાય. ૧૭૦

કામદેવ રૂપી દીવો હૃદયમાં અખંડ બળે છે તો પણ હૃદયનો નાશ થતો નથી.

યથાવા. દોહરો.

સંધ્યા છે અનુંરાગવતિ, દિવસ આગળે જાય.
તો પણ નવાઈ એટલી, સંબંધ નહિં ત્યાં થાય. ૧૭૧

સંધ્યા છે તે અનુરાગ—પ્રિતીવાળી છે ને દીવસ સંધ્યા વખત પહેલાં વહી જાય છે. તો પણ નવાઈ એટલીજ કે એ બેઉનો સમંધ નથી થતો.

૩૬ **અસંભવાલંકાર**—જ્યાં અર્થની સિધ્ધીના વર્ણનમાં અસભવ લાગે ત્યાં અસંભાલંકાર કહે છે

ઉદાહરણ. દોહરો.

નંદ તણો નંદન કહો, શીર ધારે ગીરીરાજ,
સાચું માને કોણ એ, અસંભવિત જે કાજ. ૧૭૨

નંદનો દીકરો ગોરધન પર્વત માથે ઉપાડે એ કોણ સાચું માને એમાં સુંભવતા બતાવી છે.

યથાવા. **દોહરો.**

નિશ્ચે જળનું સ્થળ ગણ્યું, રત્નાકર ભંડાર,
અગસ્ત પાન કરી ગયા, ખાલી એ તો બાર. ૧૭૩

૩૭ અસંગતિઅલંકાર—જ્યાં કોઈને કારણના સ્થાનકનો ભેદ ભિન્ન ભિન્ન હોય ને વર્ણન થાય તેને અસંગતિઅલંકાર કહે છે.

ઉદાહરણ. **દોહરો.**

મેઘે વિષ પીધું અને, તરત ઉપન્યું તાણ;
પ્રવાસીની પ્રિયા સહુ, મુર્છા પામી જાણ.

મેઘે—વરસાદે વિષ (જળ) પાન કીધું કે તરત તેની અસર વિયોગી સ્ત્રીઓ ઉપર થઇને મુર્છા પામી, એમાં વિષપાન કારણ છે ને મુર્છા કાર્ય છે એ બે ભિન્ન વિષય છતાં ભેળાં વર્ણવ્યાં છે. હવે અંદરખાને જોઇએ તો તેનો અર્થ ખરો છે કેમકે વાદળાંએ પાણી પીધું એટલે ચોમાસુ આવ્યું તો પણ પતિ નહીં આવવાથી વિયોગી સ્ત્રી વિરહ વેદનાએ મુર્છા પામી.

યથાવા. **દોહરો.**

ખળવિષધરનું મારવું, ઓર તરેહનું જોય,
કોઈ શ્રવણને દશન દે, નાશ અવરનો હોય. ૧૭૫

ખળ રૂપી સર્પની બીજી રીત છે કોઇના કાનમાં દશન—દંખ મારે-વાત કરે ને બીજા જણનો નાશ થાય.

ત્રીજું ઉદાહરણ. **ઈંદ્રવજ્રાવૃત્ત.**

સંકલ્પ વિકલ્પ રૂપ સિડીને, આનંદ પામે ચડિ ઉતરીને;
થાકી અતશે નળ શ્વાસ ખાયે, આવી સતીને કહ્યું હંસરાએ. ૧૭૬

દમયંતીને હંસે કહ્યું કે—હે દમયંતી તું નળના સંકલ્પ રૂપી નીસરણીને ચડે ઉતરે છે ને આનંદ પામે છે પણ નળ રાજાને પરિં

શ્રમથી શ્વાસ ચડે છે. નળ રાજા દમયંતીની સ્મૃતી થઈ આવવાથી નિશ્વાસ મુકે છે ને દમયંતી વિચારો કરે છે તેથી દમયંતીના પરિશ્રમથી નળ શ્વાસ લેછે તેમ કહ્યું. જે વસ્તુ જ્યાં કરવા યોગ્ય છે ત્યાં ન થાય ને બીજે થાય ત્યાં પણ અસંગતિ અલંકાર કહે છે.

૩૮ **વિષમાલંકાર**—પરસ્પર અયોગ્ય છતાં તેના યોગનુ વર્ણન થાય તેને વિષમાલંકાર કહે છે.

ઉદાહરણ. દોહરો

સારસડા ! ફુલ સમ, કોમળ નારી જેહ;
ક્યાં જ્વર મદન સતાવતો, ને ક્યાં નારી એહ. ૧૭૭

સારસના ફુલ જેવી કોમળ સ્ત્રીનુ અંગ ક્યાં અને તેને આ મદનજ્વર સતાવે છે તે ક્યાં એમાં કામદેવને સ્ત્રીના અંગની અયોગ્યતા બતાવી છે.

યથાવા

મૃગાક્ષીનુ તું મુખચંદ્ર ચાહે, સમૂદ્રમાં ન્હાઇ કલંક ટાળે;
સુગન્ધને વિમળનાજ થાયે, તું ક્યાં અને તે મુખ ક્યાં ગણાયે.૧૭૮

હે ચંદ્રમૃગાક્ષી સ્ત્રીના મુખની ઇચ્છા જો તું કરતો હોઊં તો સમુદ્રમાં ન્હાઈ ને તારૂ કલંક મટાડ ને તેના જેવું સુગંધીદાર ને વીમળ મુખકર નહીં તો તું ક્યાં અને સ્ત્રીનું મુખ ક્યાં.

क જ્યાં કારણ કાંઇ હોય ને કાર્ય ઉત્પન થાય ત્યાં પણ વિષમ કહે છે.

ઉદાહરણ દોહરો.

કાળી છે શમશેર આ, જોતાં જેહ જણાય, ૧૭૯
કીર્તી ધોળી તે વડે, પ્રકટ પામતી જાય.

હે રાજા તરવાર કાળી છે પણ તેમાંથી કીર્તી ધોળી થાય છે.

ख સારાં ફળનો ઉદ્યમ કરતાં અનિષ્ટ ફળ પ્રાપ્ત થાય ત્યાં પણ વિષમ કહે છે.

ઉદાહરણ. દોહરો.

ઊંદર ભક્ષણ કારણે, પેટી ફાડી જેમ,
અંદરથી અહી એ ગળ્યો, પામ્યો ફળને તેમ. ૧૮૦

કોઇ ઊંદર ખોરાક વાસ્તે પેટી ફાડતો હતો ત્યાં પેટીમાં સર્પ હતો તેણે તેને ઉલટો ખાધો એમાં ઊંદરને અનિષ્ટ ફળ પ્રાપ્ત થયું.

યથાવા. ઉપજાતિવ્રત.

આશા ધરીને પય પામવાની, ગોવાળનો જન્મ જણાવવાની,
અલભ્ય કીધું સ્તનપાન જ્યારે, પછી રહ્યું ગોકુળમાં શું ત્યારે.૧૮૧

ग જ્યાં ઇષ્ટ ફળ પામવા જતાં ઇષ્ટને અનિષ્ટ બને તે અનિષ્ટની પ્રાપ્તિ થાય ત્યાં પણ વિષમ કહે છે.

ઉદાહરણ. દોહરો.

સસલે પૃથ્વિને તજી, સિંહ બીક ધરી જેમ,
ચંદ્રતણો આશ્રય કર્યો, ત્યાં રાહુ ભય તેમ. ૧૮૨

સસલે સિંહની બીકથી પૃથ્વિ તજીને ચંદ્રનો આશ્રય લીધો ત્યાં ચંદ્રને રાહુનો ભય થયો એટલે બે વચે આવી ભરાણો

યથાવા. ઉપજાતિવ્રત.

જે રાવણે લાંગુલ બાળ્યું જેનું, તે વાન્દરે પૂરજ બાળ્યું તેનું,
કર્યું ઘણું વાનર હાની ધારી, નડયું કર્યું કારજ જો વિચારી ૧૮૩

જે રાવણે જે વાન્દરાની હાની ધારી તેનું લાંગુલ—પુચ્છડું સળગાવ્યું તેણે ઉલટું તેનું શહેર બાળ્યુ તેમાં કર્યું કારજ આડું આવ્યુ

ઘ જ્યાં કેવળ અનિષ્ટ ફળ પ્રાપ્ત થાય એજ શીખામણ થાય તેને પણ વિષમ અલંકાર કહે છે

ઉદાહરણ. ઉપેંદ્રવજાવૃત.

રસીક તું હે તનવંગી નારી, નળીન વાવે જળમાં શું ધારી,
કૃતઘ્ન છે આ જગ જો વિચારી, હરી જશે તે મુખ કાન્તીતારી ૧૮૪

હે રસીક સ્ત્રી તું નળીન-કમળના ડોડાને શા વાસ્તે જળમાં વાવે છે તે શું ધારીને વાવે છે ? આ જગત કયા ગુણુને જાણતું નથી ને કૃતઘ્ની છે તે ખીલીને તારાજ મુખની કાન્તિ હરી લેશે માટે કાંઈક વિચારી જો

યથાવા દોહરો.

કહે ગોપ સૌ કૃષ્નને, ગીરીવર ધરીએ સર્વ,
એમ કહી જેવો અડ્યા, તર્ત તજ્યો તે ગર્વ ૧૮૫

સર્વ ગોવાળીઆએ કૃષ્નને વિસામો આપવા પર્વત ઉંચે ધારણ કર્યો પણ (ન ઊપડી શક્યો ને હાથ ધ્રુજવા લાગ્યા) ગર્વ ઉતરી ગયો

ङ જ્યાં એક જણ પોતાનું સારૂં કરવા જાય તેમાં બીજાનું સારૂં થાય ને પોતાને અનિષ્ટ ફળ મળે ત્યાં પણ વિષમ કહે છે

ઉદાહરણ. દોહરો

શ્રાપ પુત્ર વિયોગનો, જેવો શ્રવણે જાય,
દશરથ મન રાજી થયા, પુત્ર જન્મ તો થાય ૧૮૬

રૂષીએ દશરથ રાજાને શ્રાપ દીધો કે—જા તારે તારા પુત્રનો વિયોગ થશે એટલે દશરથ રાજા ખુશી થયા કે મારે પુત્ર નથી તો પુત્ર જન્મ તો થશે એમ તો શ્રાપ ઉપર નિશ્ચે થયુ માટે એટલો-જ લાગ.

યથાવા ઇંદ્રવજ્રાવ્રત.

બોલાવવા મેં પતિ મોકલી છે, તે કાળની ત્યાં રહી એકલી છે;
તેમાં સખીનાપર મન કોપ્યું, વિશ્વાસ રાખી મુજ કામ સોંપ્યું૧૮૭

નાયકા કહે છે કે મે મારા સ્વામીને બોલાવવા સખીને જે વખતની મોકલી છે ત્યારની તે ત્યાં ને ત્યાંજ રહી છે એમ કહી તેનું મન કોપીત થયું ને બોલી કે મેંજ મુર્ખાઈ કરી કે તેનાપર વીશ્વાશ મુકી તેને તેડવા મોકલી એમાં પોતાને નુકશાન થયુ ગણી સખીજ સુખ પામી એમ શંકા લીધી છે

યથાવા ઊપજાતિવૃત.

દીધો દગો પાણીની સ્વામીએરે, કહો હવે તે કયમ માનીએરે,
નપુંસક જે મન શબ્દ કે છે, સ્ત્રી પાસ મુકયો છળથી કહે છે.૧૮૮

કવી કહે છે કે-ભાઈ અમને પાણીનિ સ્વામી,-પાણીનું વ્યાકરણ છે તેનો કર્ત્તા એ દગો દીધો. "મન" શબ્દને તેણે નપુંસકલીંગ ગણ્યું તે ઉપર અમે વિશ્વાસ રાખ્યો પણ સ્ત્રી પાસે મોકલીએછીએ ત્યાં છળભેદ કરીને રમણ કરી આવે છે.

એ બધાં ઉદાહરણો ઇષ્ટ વસ્તુની અન પ્રાપ્તિનાં છે કોઇ વખતે અનિષ્ટ ફળમાંથી વખતે ઇષ્ટની પ્રાપ્તિ થાય છે પણ તે તો ક્ષણ વારજ અંતે તો એમાંથી અનિષ્ટ નીકળી આવે છે માટે તે પણ વિષમાલંકાર કહેવાય.

૩૯ **સમાલંકાર**-જ્યાં બંને વસ્તુ યોગ્ય હોય ને તેનો સમંધનું વર્ણન થાય તેને સમાલંકાર કહે છે.

ઊદાહરણ. દોહરો.

ચંદ્ર કાન્તિ કૌમુદિ થકી, ગન્ગા થકી હર જેમ,
યોગ્ય કિર્તી રાયને, શોભે છે એ તેમ. ૧૮૯

ચંદ્રકાન્તિને કૌમુદી શોભાવે છે ને શંકરને જેમ ગન્ગા શો-ભાવે છે તેમ આ રાજાને યોગ્ય કિર્તિ તેને શોભાવે છે. એ સ્તુતિ પર્યં વસાઇ થયો.

યથાવા. ઈંદ્રવજ્રાવૃત.

જે લીમડાનાં ફળ પકવ થાગે, તે કાગડાઓ રસ સ્વાદ ખાએ,
વિચીત્ર છે આ જગતોગ તેમાં, છે યોગ્ય સૃષ્ટિ કરતાજ એમાં.૧૯૦

આ જગત જો કે વિચિત્ર છે તો પણ તેનો કર્તા જે બ્રહ્મા તેણે લીમડાના ફળનો સ્વાદ ચાખનાર કાગડાઓ કર્યા ને તે પણ ઉ-ચિત કર્યું એમાં નિદાપર્યવસાઈ થયું.

જ્યાં કાર્યનું કારણ સાથે સરખાપણું બતાવાય ત્યાં પણ સ-માલંકાર કહે છે.

ઊદાહરણ દોહરો.

લક્ષ્મિ જળથી ઉપની, જળ નિચે ચાલેજ,
ગમન કરે ભુમી પરે, ઉચિત્ત તને છે એજ. ૧૯૧

હે લક્ષ્મિ જળ નિંચે તું ગતી કરે છે ને જળમાંથી તું પેદા થઇછું વાસ્તે તારે પણ ભુમીપર ચાલવું એ ઉચિત છે. ગતલબ નિં-ચકત્વનું ફળ નિચજ હોય છે.

યથાવા. ઈંદ્રવજ્રાવૃત.

જે ચંદ્ર અગ્ની વિષ સંગ ટેવ્યું, નેત્રાગ્નિમાં સંકર ભાળશેવ્યું;
પ્રૌદત્વમાં રાહુ કરેલ કાળો, પીડે તને તો ન નવાઈ વાળો. ૧૯૨

હે સખી જે ચંદ્ર સમુદ્રમાંથી અગ્નિને ઝેર સાથે પેદા થયો ને પાછું શંકરના નેત્રાગ્નિમાં જે રહ્યા ને વળી ઓછામાં પુરું જેને રાહુ ગળીને કાળો કરી મુકે છે તે તને વિરહાગ્નિમાં પીડે તો કાંઇ નવાઈ ન કહેવાય.

૪૦ **વિચિત્રાલંકાર**—ફળની ઇચ્છા વાસ્તે વિપરીત પ્રયત્ન થાય તેને વિચિત્રાલંકાર કહે છે.

ઉદાહરણ. ઊપજાતિવ્રત.

ત્રૈલોકથી ઉન્નત આ થવાને, સંતો નમે છે સહુ સર્વથાને;
એ જોઈ જ્ઞાની હરખાઈ જાયે, વિચિત્ર આસી રચના રચાયે. ૧૯૩

ત્રૈલોકથી ઉન્નત થવાને સંત પુરૂષો સહુને નમે છે એ જોઈ જ્ઞાની હરખને પામે છે. ને એ કેવી વિચિત્ર રચના છે તે વિચારે છે. એ ઊન્નત્ત થવાને નમવું એ વિચિત્ર અલંકાર છે.

યથાવા. દોહરો.

ખળ મુખ મલિન થવા કરે, તુજ કીર્તિ જગ સાફ,
પ્રતાપ પ્રિયને ખુશ થવા, મીત્ર દ્રોહ તે સાથ. ૧૯૪

હે રાજા ખળ પુરૂષનું મુખ મેલું કરવાને તારી કિર્તિ જગતને સાફ કરે છે. ને તારો પ્રતાપ સ્નેહીને ખુશી કરવા મિત્ર—સૂર્યનો દ્રોહ કરે છે.

૪૧ **અધિકાલંકાર**—આધાર કરતાં આધેય વધારે થઇ જાય તેને અધિકાલંકાર કહે છે.

આધાર—કોઈ વસ્તુ રાખવાનું પાત્ર કે ઠામને આધેય એટલે રહેવાની વસ્તુ.

ઉદાહરણ. દોહરો.

કોટી કોટી બ્રહ્માંડ જ્યાં, જે જળમાંહી સમાય;
તારા ગુણ તો જળ વિશે, માતા નથી હે રાય. ૧૯૫

જે જળમાં અનંત કોટી બ્રહ્માંડ છે તેમાં પણ હે રાજા તારા ગુણ સમાતા નથી.

યથાવા. **ઉપજાતિવૃત્ત.**

યુગાંત ટાણે જગ સર્વ જેમાં, સમાય સૂખે વપુ કૃશ્નનામાં;
તે કૃશ્નને નારદ જૈ મળ્યાથી, માતો નથી હર્ષ શરિર જેથી. ૧૯૬

યુગન્ત અંત વખતે આ સર્વ જગત જે કૃશ્નના શરિરમાં સમાઈ જાય છે તે કૃશ્નને નારદનો સમાગમ થવાથી તેના શરિરમાં હર્ષ માતો નથી.

આધેયપણું હોય ને આધાર વધારે થઇ જાય તેને પણ અધિકાલંકાર કહે છે.

ઉદાહરણ. **દોહરો.**

વેદ વિશાળ થયા ઘણા, તેથી તુજ ગુણ માત્ર,
પામે છે વિશ્રામ જો, તે માંહી સાક્ષાત. ૧૯૭

આ વેદ ઘણા વિશાળ છે કે જેનામાં તમારા ગુણ માત્ર વિશ્રામ પામિ ગયા છે.

યથાવા. **દોહરો.**

ત્રીભુવન ઉદર વિશાળમાં, જો આ કૌતુક થાય,
નવ માયે યશ રાશી તુજ તેજ સમાઈ જાય. ૧૯૮

આ વિશાળ ત્રીભુવન રૂપી ઉદર—પેટમાં તારો યશ રૂપી રાશી સમુદ્ર માઈ શકે તેવો નથી તે સમાઇ ગયેલો જણાય છે. એ એક કૌતુક છે.

૪૨ **અલ્પાલંકાર**—આધેય સુક્ષ્મ હોય ને તેથી પણ આધાર સુક્ષ્મ હોય તેને અલ્પાલંકાર કહે છે.

ઉદાહરણ. **દોહરો.**

આ ઉરમીકા હે સખી, જાણે તુજ કરમાંય;
મણી જપ માળા જેવી તે, જોતામાંજ જણાય. ૧૯૯

હે સખી તારી ઉરમીકા—વીંટી છે તે તારા કર—હાથમાં જાણે જપ માળા હોય તેવી લાગે છે.

એમાં વિયોગી સ્ત્રીની આંગળીની વિંટી તે કરતાં સુક્ષ્મ હોય છે. પણ હાથ તો તેની આગળ સુક્ષ્મ લાગે છે ને મણી જડેલ છે તેથી જાણે માળાના પારા હોય તેમજ જણાય છે તેથી મણી જપ માળા કહી.

યથાવા. ઊપજાતિવૃત.

હે કામની ચંચળ નેત્રવાળી, આનંદકારી વદમુજ વાલી,
કટી થકી સુક્ષ્મજ વીષ તન્તુ, પેશી નથી કાં સ્તનમાં શકાતું. ૨૦૦

હે ચંચળ નેત્ર વાળી ને આનંદ આપનારી પ્યારી વ્હાલી સ્ત્રી, આ કટીથી પણ પાતળો વિષ તન્તુ કમળનો તાંતણો તે તારા સ્તનના મધ્ય ભાગમાં કેમ પેશી નથી—શકતો તે કહે.

૪૩—અન્યોન્યાલંકાર—જ્યાં પરસ્પર ઉપકાર થાય ત્યાં અન્યોન્યાલંકાર કહે છે.

ઉદાહરણ. ઊપજાતિવૃત.

ચંદ્રે કરીને શુભ રાત્રી શોભે, રાત્રી થકી તે ત્યમ ચંદ્ર શોભે;
નારી થકી નાયક પુણ્યવાન, પતિ થકી પ્રાણ પ્રિયા પ્રમાણ;. ૨૦૧

ચંદ્રે કરીને રાત્રી શોભે ને રાત્રીથી ચંદ્ર શોભે છે નાયકાથી નાયક અને નાયકથી નાયકા શોભે છે. એમ પરસ્પર ઉપકાર કરે તોજ શોભે.

યથાવા. દોહરો.

કુવાપર પંથી કરે' એક હસ્તથી પાન;
નામે ઉભી નારી ત્યાં, ઝીણી ધાર કરિ સાન. ૨૦૨

કુવા કાંઠે કોઇ પરદેશી પાણી પીવા આવ્યો તે પણ એક હાથ

મોઢે માંડી મોઢું ધાર્યું ત્યારે પેલી સ્ત્રીએ ઝીણી ધાર કરીને સાન કરી.

એમાં પુરૂષે એક હાથ માંડયો એટલે વધારે વખત દર્શન-નું સુખ પામવા સ્ત્રીએ ઝીણી ધાર કરી ઉપકાર કીધો.

૪૪—વિશેષાલંકાર—પ્રખ્યાત આધારના પ્રકાશ વિના આધેયનું વર્ણન થાય તેને વિશેષાલંકાર કહેછે.

ઉદાહરણ. **દોહરો.**

સુર્ય અસ્ત છે તોય પણ, કીરણ દીવા માંહી;
અંધકાર છેદે બહુ, એમાં શંશય નાહીં. ૨૦૩

સુર્ય અસ્ત પામ્યો છે તો પણ તેના કીરણો દીવામાં રહ્યા છે તે અંધકારને છેદે છે. સુર્યનાં કીરણનો આધર સુર્યપરજ છે પણ અગ્નિમાં સુર્યના કીરણ સમાય છે તેથી દીવામાં બતાવ્યાં.

યથાવા. **ઉપજાતિવૃત.**

જળવીન ભૂમીપર અબ્જ જોયું, જે માંહી ઇન્દિવર બે પરોયું;
એ સર્વ સૂવર્ણ લતા વિશે છે, જે ભાગ્યશાળી ઉત્પાત એ છે. ૨૦૪

પાણી વિનાની ભુમીમાં એક કમળ છે અને તેમાં બે ઇંદ્રિવરો છે એ સર્વ કનકસોનાની વેલીપર છે ને તે વેલી ભાગ્યશાળી છે. માટે એ શો ઉત્પાત છે.

યથાવા. **ઇંદ્રવજાવૃત.**

જે પૂરૂષો સ્વર્ગ વિશે ગયાછે, જેના ગુણોના સમુહો રહ્યા છે;
આનંદ આપે જગ વાણી જેની, તેવા કવિશું નથી પુજ્ય કે'ની. ૨૦૫

જે પુરૂષો સ્વર્ગમાં ગયા છે ને જેના ગુણના ગણ સમુહ રહ્યા છે જેની વાણી જગત માત્રને આનંદ આપે છે. તેવા કવિ શું પુજવા યોગ્ય નથી?

એક વસ્તુનું અનેક જગ્યાએ વર્ણન થાય તેને પણ વિશેષ કહેછે.

ઊદાહરણ. **દોહરો.**

અંતઃકર્ણ બહારને, આગળ વાંસે જેહ,
ચારે દિશ ભાળે મન, સુગડ નાયકા તેહ. ૨૦૬

તે નાયકા—સ્ત્રી અંતઃકર્ણ બહાર આગળ વાંસે ને ચારે દિશાએ મનેજ ભાળે છે.

યથાવા. **ઈંદ્રવજ્રાવૃત.**

હે રામજી સર્વ દિશા તમે છો, જ્યાં દેખું ત્યાં ને મનમાં તમે છો;
સંતાપથી ભૂપ વિયોગમાનું, દેખાય છે સાદ્રશ્ય મુજ સામું. ૨૦૭

દશરથ રાજા કહેછે કે—હે રામજી સર્વ દીશામાં તમે છો જ્યાં દેખું ત્યાં મનમાં તમેજ છો પણ સંતાપથી અનુમાન થાય કે—તમારો વિયોગ થયો છે—નહિંતો તાદ્રશ્ય તમારી મૂર્તિ મારી સામેજ ઉભી રહે છે.

યથાવા **ઉપજાતિવૃત.**

પ્રતાપ વિદ્યારૂપ સત્ય એણે, તેનું સૃજ્યો છે અદ્‌ભૂત જેણે,
તેણે ખરે સત્ય નવું બનાવ્યું, બ્રહસ્પતિ સૂર્ય સહુ સૃજાવ્યું. ૨૦૮

અદ્‌ભૂત પ્રતાપ રૂપ વિદ્યાને સત્ય વાળો તું છું ને એવી અદ્‌ભૂત કૃતિ જે બ્રહ્માએ બનાવી છે તેણે તો ખરેખાત સત્ય બ્રહસ્પતિ સૂર્ય વીગેરે નવુંજ બનાવ્યું છે.

૪૫ વ્યાઘાતાલંકાર—જે સાધને કરીને જે કામ થયું હોય તે સાધન તે કામ વિરૂદ્ધ કરી નાખે તેને વ્યાઘાતાલંકાર કહેછે.

ઉદાહરણ. **ઉપેંદ્રવજ્રાવૃત.**

વિચિત્ર સ્ત્રી નેત્ર અતિ જણાયે, કટાક્ષથી વિશ્વ પ્રસન્ન થાયે;
કટાક્ષ તે ભિન્ન હાવથી રે, હણેછ આ કામ ઉતાપથીરે; ૨૦૯

જે સ્ત્રીના નેત્ર કટાક્ષ અતી વીચીત્ર છે. ને જેનાથી વિશ્વ પ્ર-

સજ્ઞ થાય છે તેજ કટાક્ષ વિભ્રમ વીગેરેથી કામદેવ હણે છે.

જે સાધનથી કોઇકે ગ્રહણ કર્યું તેને વિરૂદ્ધ સાધન તેજ સાધન કોઇ કરે તો પણ વ્યાઘાત થાય છે.

ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

જો કામને શંકર દ્રષ્ટિ બાળે, તે કામ દ્રષ્ટિથકી સ્ત્રીજ પાળે;
એવી સ્ત્રીઓ શંકરને જીવાડે, લીલા બહુ એ સહુને નમાડે. ૨૧૦

જે કામ દેવને જે દ્રષ્ટિથી શંકર બાળી નાખે છે તેજ કામદેવને સ્ત્રીઓ દ્રષ્ટિથી સજીવન કરે છે. ને વળી તેજ દ્રષ્ટિથી શંકરને જીવાડે છે એ લીલા જોઈ સહુ તેને નમે છે.

કોઇ સારી ક્રિયા કરી તે કાર્યને વિરોધ કરે તો તે પણ વ્યાઘાત કહેવાય.

ઉદાહરણ ઇંદ્રવજ્રાવૃત.

લોભી નથી દાન કવચિત દેતો, દારીદ્રનો તે ભય નીત્ય લેતો,
દારીદ્ર શંકા થકી દાન આપે, દાના ખરે પાપ હમેશ કાપે; ૨૧૧

દારીદ્ર આવશે ને પૈસા થઈ રહેશે એમ ધારી લોભી દાન નથી દેતો ને દાતા છે તે પણ જો પુન્ય નહિં કરે તો દારીદ્ર આવશે એવી શંકાથી દાન આપે છે. લોભીને આ ભવમાં ને દાતાને સાત ભવમાં દારીદ્ર આવવાનો ભય છે.

૪૬-કારણમાળાલંકાર-જ્યાં એક પછી એક કારણ ઉત્પન્ન થાય ને તેમાંથી કાર્ય ઉત્પન થઇ ને સાથે ગંઠાય તેને કારણ માળાલંકાર કહે છે.

ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

નિતિથી લક્ષ્મિ વળી તેથી દાન, દાનેથી આવે યશ કીર્ત્તિ ગાન;
માટે અરે રાય ચતુર તારે, દાનેશ્વરી થાવું ઘટે સવારે. ૨૧૨

હે રાજા નીતિથી લક્ષ્મિ અને લક્ષ્મિથી દાન અને દાનથી યશ કીર્ત્તિ ને માન મળે છે વાસ્તે તારે હમેશ સવારમાં દાનેશ્વરી થવું જોઈએ.

યથાવા. ઇંદ્રવજ્રાવૃત.

પાપોથી પામે દુખ નર્ક કેરાં, દારીદ્રથી પાપ કરે નમેરાં,
દારીદ્રને પૂરવ દાન વિના, દાતા થવું લોભ ન રાખી એમાં, ૨૧૩

પાપ કરવાથી નર્ક મળે છે ને દયાવીનાના પાપ દારીદ્રથી થાયછે અને દારીદ્ર પુર્વેના દાન વીના આપે છે માટે એવી બાબતમાં લોભ ન રાખવો ને દાતા થવું.

૪૭ **એકાવલીઅલંકાર**—ઉતરોતર એટલે પ્રથમના પદોનો પાછળના પદોની સાથે વિશેષણ ભાવ મળતો આવે ત્યાં એકાવળી અલંકાર કહે છે. અને પાછલા પદને પ્રથમના પદ સાથે વિશેષણ ભાવ થાય ત્યાં પણ એકાવલીઅલંકાર કહે છે.

ઉદાહરણ. દોહરો.

નેત્ર કાન સુધી ગયાં, કાન બાહુપર જાય,
બાહુ જંઘાને અડે, રત્ન કાચમય થાય. ૨૧૪

હે રાજા તારાં નેત્ર કાન સુધી ને કાન ખભા સુધી ને ખભેથી હાથ જાંઘ સુધી જે જાંઘ રત્ન કાચ જેવીછે.

યથાવા દોહરો.

સર્વ કાળ સમ ખ્યાગ દીસે, જે રવી કરે પ્રકાંશ;
જેનાં કીરણ ચંદ્રમાં, આપે સુધા મીઠાશ. ૨૧૫
જે શશી સાગરથી થયો, પિત્ત રૂપ અગ્નિ જેહ;
તે અગ્નિ જે શીર વસે, સુખ કરજો સહુ તેહ. ૨૧૬

જે આકાશ સર્વ કાળ સરખું છે ને જેમાં રવી સૂર્ય પ્રકાશ

કરે છે ને જેનાં કીરણ ચંદ્રમાં મળી અતી અમૃત રૂપ થાય છે ને જે ચંદ્ર સમુદ્રમાંથી ઊત્પન્ન થયો છે ને જે સમુદ્રનુ પીત રૂપી અગ્ની છે ને જે અગ્નિ શંકરને શીર વસેછે. એવા શંકર સર્વને સુખ આપો.

૪૮ **માળાદીપક અલંકાર**—દીપક અલંકારની પેઠે એક બીજાને પંક્તિમાં યોગ્ય સબંધ લાવે તેને માળાદીપક કહે છે.

ઊદાહરણ. દોહરો.

તે સ્ત્રી કેરા હૃદયમાં, સ્થીતિ કરે છે કામ,
હૃદય તેહનું તુજમાં, રહ્યું કરીને ધામ.

તે સ્ત્રીના હૃદયમાં કામે સ્થીતી કરીને તેને હૃદયે તારામાં સ્થીતિ કરી.

યથાવા ઈંદ્રવજ્રાવૃત.

ધનૂષ તાણ્યું શર પ્રાપ્તિ પામ્યું, શત્રૂ તણું મૂસ્તક બાણ પામ્યું;
તે શીર ભૂ મંડળ પૃથ્વિ ત્યારે, કીર્ત્તિ તને પામી ત્રીલોકત્યારે.૨૧૮

હે રાજા–તેં તારૂં ધનૂષ તાણ્યું તેને બાણ પ્રાપ્ત થયું બાણને શત્રુનું માથું પ્રાપ્ત થયું ને માથાને ભૂમંડળ પ્રાપ્ત થયું તેથી પૃથ્વિ તને પ્રાપ્ત થઇ અને તેને કિર્તિ પ્રાપ્ત થઇને કીર્તિ ત્રીલોકમાંપ્રાપ્તથઇ.

૪૯ **સારઅલંકાર**—જ્યાં એકથી એક ચડીયાતું થાય તેને સારઅલંકાર કહે છે.

ઊદાહરણ. દોહરો.

ગળપણમાં મધ ગળ્યું અને, તેથી અમૃત સાર,
અમૃતથી કવિરાયનું, વચન મીષ્ટ નિરધાર. ૨૧૯

ગળ્યામાં ગળ્યું મધ ને તેથી ગળ્યું અમૃત ને અમૃતથી ગળ્યું કવિરાયનું વચન આશ્ચર્ય ગુણ થયો.

યથાવા. દોહરો.

સૌથી હલકું ત્રણુ અને, તેથી માગણુ તૂલ;
વાયુએ ન ઉડાડીયું, જાણે માગે મૂલ. ૨૨૦

સર્વથી હલકું ત્રણુ અને ત્રણુથી હલકુ તૂલ–રનું પુંમડું ને તેથી હલકો ભિક્ષુક છે. ત્યારે કહ્યું કે તેને વાયે કેમ ન ઉડાડયો તો કહે વાયુ જાણે હું લઇ જઇશ તો રખે એ મારી પાસે માગશે. એ અશ્લાધ્ય ગુણનું વર્ણન છે.

ઉભયગુણનુવર્ણન ઇંદ્રવજાવ્રત

મોટો ગિરી તેથી સમૂ-દ જાણો, આકાશ તેથી પુરબ્રહ્મ શાણો;
તે સર્વથી મોટી હમેશ આશા, આપે બહુ જે દિલને દિલાસા. ૨૨૧

સૌથી મોટો પર્વત તેથી મોટો સમુ-દ તેથી મોટું આકાશ ને તેથી જ્ઞાનવાન પરબ્રહ્મ મોટો ને તેથી મોટી આશા છે કે જે મનને દીલાસા દીધાજ કરે છે. એમાં બ્રહ્મ ને મહત્વતા આપી તે શ્લાધ્ય ને આશાને મોટી ગણી એ અશ્લાધ્ય છે.

૫૦ **યથાસંખ્યાઅલંકાર**—કહેલાં પદનો અનુક્રમે કરીને ક્રિયા સાથે સમંધ થાય તેને યથાસંખ્ય કહે છે.

ઉદાહરણ. દોહરો.

શત્રુ મિત્ર વિપત્તિને, સદાય મનમાં રાખં.
જીતી રાજી કરિ અને, જોગે ભાંગી નાખ. ૨૨૨

એમાં શત્રુ મિત્ર અને. વિપતી એ ત્રણુ કહેલાં પંદ છે તે, જીત, રાજી કર, ને ભાંગી નાખ, એ સાથે સમંધ ધરાવ્યો, કે શત્રુને જીત, મિત્રને રાજી કર ને વિપતીને ભાંગી નાખ.

યથાવા ઇદ્રવજાવ્રત.

શું દ્રવ્ય શર્ણાગત પામિ જાયે? શું વિષની માફક મારી ખાયે!

કે નથી કીંચીત આપતો એ, ખાવા નથી કિંચીત પામતો એ. ૨૨૩

શું દ્રવ્ય શરણાગત પામ્યું છે. ને શું વિષની પેઠે પ્રાણ હરે છે? કે કોઈને આપતોય નથી ને કાંઇ ખાતોએ નથી.?

૫૧ પર્યાયઅલંકાર—અનુક્રમે કરીને એકનો અનેકમાં આશ્રય થઇ જાય તેને પર્યાય કહેછે.

ઉદાહરણ. દોહરો.

કામની મુખ ઉપમા જુઓ, કમળ ત્યાગ કરી જાય;
ચંદ્રમુખને પામવા, યોગ્ય લાગતી થાય. ૨૨૪

એમાં સ્ત્રીના મુખને ઉપમા કમળની આપી ને પછી ચંદ્રની આપી એટલે બંનેનો સમાવેશ થયો.

યથાવા. ઉપજાતિવૃત.

શ્રોણીતની સુક્ષ્મતા કટીમાં, ચર્ણો તણી ચંચળતા દ્રગોમાં'
વક્ષ સ્થળો કૂચ સ્હાય આપે, નવું સહુ યોવનને પ્રતાપે. ૨૨૫

હે સ્ત્રી તારી શ્રોણીતની શુક્ષ્મતા કેડના મધ્ય ભાગમાં આવી ગઇ છે ચર્ણોની ચંચળતા નેત્રમાં આવી ગઈ છે વક્ષસ્થળની મહત્વતા સ્તનને સ્હાય આપેછે વાસ્તે એ નવો ફેરફાર બધો યુવાવસ્થાએ કીધો છે.

શબ્દપર્યાયનુઉદાહરણ **વસન્તતિલકાવૃત.**

હે કાળ કુટ વિષ તું સ્થીતિ ફેરવે છે,
આ ધાલમેલ કરવી કુણ શિખવે છે,
પેલું સમુદ્ર પછી કંઠ નિવાસ કીધો,
ત્યાંથી પછી ખળની વાણી વિશેજ લીધો. ૨૨૬

હે કાળ કુટ વિષ તને આમાંથી આમાં રેવું ને આહીંથી આંહી જવું એવી ધાલમેલ કોણે શીખવી છે. પ્રથમ તું સમુદ્રમાં રહેતું ત્યાંથી નીકળીને શંકરના કંઠમાં રહ્યું ત્યાંથી પાછું હ-

વે ખળવાણીમાં નિવાસ કરી રહ્યું છે,

સંકોચપર્યાયનુઉદાહરણ. **ઉપજાતિવૃત**

સશીરમાં શીત વશી ધરામાં, ત્યાંથી વસન્તે તરૂ છાંયડામાં,
ગ્રીષ્મે રવી તીક્ષણ હોય ભારે, ઉંડા જળોમાં વસી ટાઢ ત્યારે. ૨૨૭

શશીર રૂતુમાં ટાઢ પૃથ્વીમાં વાસો વસી ત્યાંથી વસન્ત રૂતુમાં ઝાડની છાંયા તળે વસી ગ્રીષ્મ રૂતુમાં તીવ્ર તાપ પડે છે તોપણ તે ઉંડા પાણીના તળીઆમાં રહી છે. એમાં ઊતરોતર સંકોચ થાય છે.

વીકાસપર્યાયનુઉદાહરણ. · **ઈંદ્રવજ્રાવૃત.**

હે નારિ પૂર્વે તુજ રાગ જોયો, બીમ્બોષ્ટમાં નીરખી ને હું મોહ્યો.
ત્યાંથી પછી સ્થાનક ફેરવીને, વિકાશ પામ્યો હૃદયે વશીને. ૨૨૮

હે સ્ત્રી તારી પુર્વાવસ્થામાં રાગ—પ્રિતીને મેં તારા બિમ્બોષ્ટમાં નીરખીને જોયો ને હવે ત્યાંથી તે સ્થાનક ફેરવીને તારા હૃદયમાં હું રહેલો જોઊ છઊં

૫૨ પરિવૃતિઅલંકાર, જ્યાં ન્યુનાધિકનો પરસ્પર અદલો બદલો થાય તેને પરિવૃતિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

કટાક્ષ પુર્વક બાણનો, ત્યાગ કરીને જાય;
શત્રુની લક્ષ્મિ તણો, લાભ પામતો થાય.

કટાક્ષ પુર્વક એક બાણનો ત્યાગ કર્યો ત્યાં તો શત્રુની લક્ષ્મિને ગ્રહણ કરી.

યથાવા. દોહરો.

જટાયુષ પક્ષી જહાં, વૃધ સ્વર્ગમાં જાય,
શોચ કલેવરનો નહીં, પ્રાપ્ત કીરણ યશ થાય, ૨૩૦

વૃદ્ધ જટાયુષ પક્ષી જે સ્વર્ગમાં જાય છે તેના જીરણ ક-લેવરનો શોચન કરવો કેમકે તે ચંદ્ર કીરણ રૂપી યશને પ્રાપ્ત કરશે.

૫૩ પરિસંખ્યઅલંકાર—એક વસ્તુને ત્યાગ કરીને એકને નીયમે કરી પાળવી તેને પરિસંખ્ય કહે છે.

ઉદાહરણ. દોહરો.

દીપક માંહિ ક્ષય સ્નેહનો, થયો જોઈ આ વાર;
કામની કોમળ હૃદયમાં, નથી થયો એ ઠાર; ૨૩૧

દીવામાં સ્નેહ—તેલનો ક્ષય થયો પણ સ્ત્રીના કોમળ અં-તઃકરણમાં તેનો ક્ષય થયો નથી.

યથાવા. ઉપજાતિવૃત.

જે પૂરમાં સૌ શ્રુતિ માર્ગ ચાલે, ઉલંઘીને કામની નેત્ર મ્હાલે છે;
ધારે ન કોઈ કંઇ વક્રિમાને, જટાર્ધ કાળેશ્વર તે ન માને. ૨૩૨

પંચ કાવ્યમાં ઉજ્યનનું વર્ણન કર્યું છે તેમાં કહે છેકે—જે શ-હેરમાં સર્વ શ્રુતિ માર્ગ—વેદમારગ પ્રમાણે ચાલે છે. પણ કામની-ના નેત્ર છે તેજ તેને ઉલંઘન કરેછે. વાંકપ કોઇ ધારણ કરતું નથી ફકત મહાકાળેશ્વરનો અર્ધ જટાછે તેજ વાંકપ ધારણ કરેછે.

૫૪ વિકલ્પાલંકાર—તુલ્ય વસ્તુમાં પરસ્પર વિરોધ થાય. ત્યાં વિકલ્પાલંકાર કહેછે.

ઉદાહરણ. દોહરો.

સંધી કરવા જો ચહો, આવિ નમાવો શીશ;
વિરોધ કરવો હોયતો, તાણી કમાન ઉઠીશ. ૨૩૩

જો સંધી કરવો હોયતો શીશ નમાવો ને જો વિરોધ ક-રવો હોયતો કમાન તાણી બેઠા થાઓ-

યથાવા. **ઇંદ્રવજ્રાવૃત.**

નાચે કળાપી જળ મેઘ દેખી; આ દૂખનો અંત થશેજ લેખી;
કાંતો ઘડી બે ઘડિ કાન્ત આવે; કાંતો ક્ષણું વાર કૃતાન્ત લાવે ૨૩૪

એક વિરહીણી સ્ત્રી કહે છેકે—વરસાદ વરસે છે તે દેખીને કળાપી—મોર નાચે છે માટે આ દુઃખનો અંત હમણા આવશે. કાંતો ઘડી બે ઘડીમાં કાન્ત—સ્વામી આવી મટાડી અંત લાવેછે ને કાંતો કતાન્ત—કાળ એક ક્ષણ વારમાં અંત લાવે છે.

૫૫ સમુચ્ચયાલંકાર—જ્યાં એક સાથે અનેક પદાર્થો ઉત્પન થઇ સમુહ થાય તેને સમુચ્ચયાલંકાર કહે૦છે.

ઉદાહરણ. **દોહરો.**

હે રાજા તુજ રીપુ ખરે, પામે છે જો નાશ,
પાછળ વાળીને જુએ, વળી પામે છે ત્રાશ. ૨૩૫

હે રાજા તારા શત્રુઓ જો નાશ પામેછે પાછળ વાળીને જુએ છે ને ભાસ પામેછે.

યથાવા. **ઉપજાતિવૃત.**

વિયોગી નાહી તુજ પ્રેમ બાણે,
સૂવે સુકાઈ કરમાઇ જાણે;
પ્રલાપને તામસ ખાઇ ધ્રુજે;
લોટેછ મૂર્છાથિન કાંઇ સૂજે. ૨૩૬

દુતી નાયકાને કહે છેકે—તારા પ્રેમના બાણે વિયોગી સ્ત્રીનું હ્દય ભેદી નાખ્યું છે. તેથી સુવે છે, સુકાઈ જાય છે, કરમાઇ જાય છે, પ્રલાપ કરે છે, તામશ ખાયછે, ધ્રૂજે છે, લોટે છે ને મૂર્છા ખાઇ જાય છે.

૫૨ કારકદીપકઅલંકાર—અનુક્રમે કરીને ઝાઝી ક્રિયા સ-

મુખમાં એકજ કર્તામાં પ્રવર્તે તેને કારકદીપક કહે છે.

ઉદાહરણ. દોહરો.

જો સખિ પેલો પાંથ જન, જતો નદીને પાટ;
જાય જુએ પુછે અને, પાછો કરે ઉચાટ. ૨૩૭

જો સખી પેલો મુસાફર નદીને કીનારે જાય છે જુએ છે પુછે છે અને પાછો ઉચાટમાં પડેછે.

યથાવા. ઈંદ્રવજ્રાવૃત.

નીદ્રાજ નાવા જમવા ફરેછે, ઓળે શિખા ભીંતર તે રમેછે.
પાછા ગયા તે વળિ ખાનગીમાં, હે લક્ષ્મિ સામૂ નથિ જોતી શેમાં.૨૩૮

કોઇ કવિ કહે છેકે—આ ધનવાનને ઘરે અમે ગયા તો તેના માણસે કહ્યું કે—શેઠ નીંદ્રા કરેછે, પછી ગયા તો કહે નાવા બેઠા છે પછી કહે જમવા બેઠા છે પછી કહે જમીને જરા ફરે છે પછી કહે હવે જરા ચોટલી ઓળેછે પછી વળી કહે ઘરમાં ગયા છે. ને હવે તો ચોપટ ખેલે છે પાછા ફરીને ગયા તો કહે ખાનગીમાં છે. માટે હે ધનવંતને વરેલ લક્ષ્મિ આ બધું તારા પ્રતાપથી છે. માટે હવે તો એક વાર સામું જો એને બીજો સમુચ્ચયાલંકાર કહે છે.

૫૭ સમાધિઅલંકાર—કોઈ બીજું કારણ બની આવવાનાં સાધનથી જે કાર્ય થવાનુ હોય ને સુલભ રીતે થાય તેને સમાધિઅંકાર કહે છે.

ઉદાહરણ. દોહરો.

તરૂણી નાયક પાસ જ્યાં, જવા કરે ઉત્સાહ;
અસ્ત રવિ તેવે થયો, શાન્ત વિરહ થઇ દાહ. ૨૩૯

સ્ત્રી જેવી પોતાના સ્વામી પાસે જવાને ઉત્સાહયુક્ત—ઉત્કંઠીત

થઈ તેવામાં સૂર્ય પણ આથમ્યો એટલે વિયોગની પીડ શાન્ત પડી.

યથાવા. ઉપજાતિવૃત.

મનાવવા માનવતી પ્રિયાને, ઇચ્છા કરૂં તેહ મનાવવાને;
પગે પડું એમ વિચાર ધારી;ત્યાં મેઘ ગાજ્યો મુજ ભાગ્ય ભારી. ૨૪૦

માનવતી પ્રિયાને હુ જેવો મનાવવાને પગે પડવાની ઇચ્છા કરૂં છું તેવોજ મેઘ ગર્જના કરી ઉઠગો એટલાં મારા ભાગ્ય મોટાં.

સ્રીને સ્વામી પગે પડે ત્યારે કામ નથી વ્યાપતો તેમ નહીં પણ મેઘની ગર્જનાથી તેને પુષ્ટિ મળે છે.

૫૮ પ્રત્યનીકાલંકાર—જ્યાં પ્રતી પક્ષના બળવાન પક્ષ ઉપર પરાજય થાય ત્યાં પ્રત્યનીક કહે છે.

ઉદાહરણ. દોહરો.

કરણ પરે લૈ કમળને મુક્યાં છે જે વાર;
નેત્ર પક્ષ જે કર્ણ તે, દબાવીયા તે ઠાર. ૨૪૧

કમળને કાનપર મુકયાં એટલે કાન જે નેત્રનો પક્ષ તેની સામા આવી ઉભા રહીને કાનને દબાવ્યાં.

યથાવા. ઉપજાતિવૃત.

રૂડા દિવસે તું સ્મર કાંત્તી જેવો;
વસી રહ્યો માનની મન એવો;
જેથી અદેખો થઈ કામ બાળે,
તારી પ્રિયાનું તન દાહ જવાળે. ૨૪૨

હે ભાઈ તારી પ્રીયાને કામદેવ પીડે છે તે એટલાજ સારૂં-કે—તું કામદેવ જેવો રૂપાળો છું ને તારી સ્રીનાં હૃદયમાં વસી રહ્યો છું તેથી તારી અદેખાઇ કામદેવ કરીને તારી પ્રીયાનું શરિર કામની પીડાની જવાળાથી બાળે છે.

પ્રતિ પક્ષી ઉપર જરા પરાક્રમ થાય તેનું ઉદાહરણ.

ઉપજાતિવૃત.

સરોજને જો સશી બિમ્બ બીડે, તે વૈર લેવા મધુવૃત ભીડે;
જેથી કરી તેવિચ દંષ દીધો, કલંક વાળો શશી તેથી કીધો, ૨૪૩

કમળને ચંદ્ર પ્રકાશ થવાથી તે બીડાવી દેછે એથી ભમરાઓ અદેખા થયા ને મધુવ્રત—ભમરાનો સમુહ તે વૈર લેવાને દોડયો ને ચંદ્રના કીરણને વચમાંથી કરડી ખાધા તેથી કલંક વાળો છે. એમાં ઉત્તપ્રેક્ષાને અપન્હવ પણ આવે છે વળી ચંદ્ર પ્રતિ પક્ષી ઉપર. દંષ દઇ પરાક્રમ કીધું તેથી પ્રત્યનીક થયો.

૫૯ **કાવ્યાર્થપત્તિ**—કૈમુત્યન્યાયે કરીને અર્થની રીદ્ધિ થાય તેને કાવ્યાર્થ પતિ કહે છે.

કૈમુત્યન્યાય–એટલે એક અઘરૂં કામ કરે ત્યારે બીજું તેથી હલકું કરવામાં કાંઇ હરકત નથી એમ બતાવવું તેને કૈમુત્યન્યાય કહે છે.

ઉદાહરણ. દોહરો.

જીત્યો તુજ મુખે અરે, પ્રસિદ્ધ જો આ ચંદ્ર;
તો પછી બીસાદ છે, તે આગળ અર્વિંદ. ૨૪૪

હે સખી તારે મુખે પ્રસિદ્ધ ચંદ્રનેજ જો જીત્યો છે તો પછી તે આગળ અર્વિંદ,—કમળ શી બીસાદમાં છે.

યથાવા. ઇંદ્રવજાવૃત.

બંધુ જીવોની અધરોષ્ટ તારા, કાન્તિ હરે કેવળ તેહ ન્યારા;
જો તેહરે અન્યની કાન્તિ જ્યારે; ભિન્ન જીવો શું બળવાન ત્યારે.

હે સ્ત્રી તારા અધરોષ્ટ—હોઠ છે તે બધુ જીવ—બપોરીઆ-

નાં ફુલ અથવા બંધુ જીવ સ્નેહીના જીવની કાન્તિ હરેછે તો પછી બીજા જીવોની કાન્તિ હરે તેમાં તેમનું શું બળ ચાલે ?

ત્રીજું ઊદાહરણ.   ઉપજાતિવ્રત.

જે ઉર ભેદી સ્તન બા'ર આવ્યાં, વિચીત્ર લીલા વળી સાથ લાવ્યાં;
ભેદે કદી અન્યનું ઉર જો તે, નવાઈ તેમાં નહિં કાંઇ તો તે. ૨૪૬

૬૦ કાવ્યલિંગ—જ્યાં વાકયાર્થ ને પદાર્થ હેતુથી ધારેલો અર્થ મળી આવે તેને કાવ્યલિંગ કહે છે.

ઊદાહરણ.   દોહરો

મેં જીત્યો છે તૂજને અરે રતિ પતિ દેવ;
કાંકે મારા હૃદયમાં, છે ત્રિલોચન શેવ. ૨૪૭

હે કામદેવ મેં તને જીત્યો કેમકે મારાહૃદયમાં ત્રીલોચન છે.

એમાં ત્રીલોચન છે તે કામદેવને બાળવા વાળા છે. જો કામદેવને જીત્યો એટલું કહે તો ખાત્રી ન થાય પણ ત્રિલોચન છે એમ કહ્યું એટલે જીતવાના સંભવની ખાત્રી થઈ એ અલંકારના વાકયાર્થ હેતુ એવા બે પ્રકાર થાય છે તેમાં ઉપલ્યું દ્રષ્ટાન્ત વાકયાર્થનું છે.

પદાર્થ હેતુનું દ્રષ્ટાન્ત   ઇંદ્રવજાવૃત.

રૂદ્રાક્ષ ને દેવળ ભસ્મ આદી, આરાધના મેં કરી ભાવનાથી;
તે સેવનાથી સુખ છેદ કારી, તે મોક્ષમાં હું લય પામું ભારી. ૨૪૮

શંકરનો ભકત મોક્ષ પામતી વખત ભકિતના સાધનને કહે છે કે હે રૂદ્રાક્ષ હે ભસ્મ અને હે દેવળ વિગેરે ચીજો તમારી આરાધાના મેં જે ભાવનાથી કરીને તે સેવાનું ફળ-સુખ જે ખેદ કારક મોક્ષ તેમાં હું લય પામું છું-એમાં મોક્ષ ને વિશે લય પામે છે એ કાંઇ ખરૂં નથી પણ તે સર્વ વસ્તુના દરશનનો મોક્ષ મળવાથી ભંગ થાય છે તેથી મોક્ષ રૂપી (મોહ) માં લય પામવાનું કહ્યું છે.

૬૧ **અર્થાંતરન્યાસઅલંકાર**—જ્યાં સામાન્ય વાતે કરીને વીશેષ વાતનો ખુલાસો થાય ને વિશેષ વાતથી સામાન્ય વાતનો ખુલાસો થાય તેને અર્થાંતર ન્યાસ કહે છે.

ઉદાહરણ. દોહરો.

કોઈ કામ દુષ્કર નથી, મોટાં જનની પાસ;
કપીવર તર્યા સમુદ્રને, આણી અધિક હુલાસ. ૨૪૯

મોટા પુરૂષને કોઈ કામ દુષ્કર—અઘરૂં નથી કેમકે હનુમાન સમુદ્ર તરી ગયા તો પછી બીજુ શું મુશ્કેલ છે.—એમાં હનુમાન વિશેષ છે તેને સામાન્ય વાતમાં આણી ખુલાસો થયો.

યથાવા. ઉપજાતિવૃત.

ગુણી બને છે ગુણવાન જોડે, પામે અધિકારજ તુચ્છ કોડે;
જો તાતણો સૂતર પુષ્પ સાથે, ચડે થઇ હારજ દેવ માથે. ૨૫૦

ગુણવાનને જોગે તુચ્છ વસ્તુ હોય તે પણ ગુણી થઈ મોટા અધિકારને પામે છે સુતરનો તાંતણો પુષ્પ સંગાતે મળી હારથઈ દેવને મૂસ્તકે ચડે છે.

એ અલંકારને કોઇ કાવ્યલિંગ, ને કોઇ દ્રષ્ટાન્ત કેવાનો વાંધો ઉઠાવે છે. પણ કુવળ્યાનંદમાં તેને જુદો ગણ્યો છે.

યથાવા. ઉપજાતિવ્રત.

જો તુચ્છ આવે કદી શર્ણે કોઇ, મોટા રહે છે મમતાથી જોઈ;
અંધારૂં નાસે ભય સૂર્ય પામી, રાખેછ તે ગહવર ગિરિસ્વામી. ૨૫૧

મોટા પુરૂષને શરણે તુચ્છ વસ્તુ જાય છે તો પણ તે તેને મમતાથી રાખે છે કેમકે અંધારૂ સુર્યનો ભય પામી નાસીને ગીરીસ્વામી–હીમાચળને શરણે જાય છે તેને તે ગહવર–ગુફામાં રાખે છે.

કાવ્યલિંગ અને અર્થાંતરમાં મળતાપણું ઘણા જણ બતાવીને

તેને એકજ કહે છે પણ અર્થાંતરમાં સામાન્યે કરીને વિશેશનું અને વિશેશે કરીને સામાન્યનુ સંમર્થન કરવું પડે છે. ને કાવ્ય લીંગમાં તો પદાર્થને વાક્યાર્થથીજ સમર્થન કરવું પડે છે.

૬૨ વિકસ્વરાલંકાર—જ્યાં વિશેશનુ સમર્થન સામાન્યથી થાય ને એજ સામાન્યનું સમર્થન ત્રીજું વીશેશ પદ મૂકવાથી થાય તેને વિકસ્વર કહે છે.

ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

બોલે નહિં જો વનમાંહી જ્યારે; હે કાગ હું કોયલ લેખું ત્યારે,
નેપાળનો રાય લલાટ લીપે, ગારો હશે તો કસતૂરી ઓપે. ૨૫૨

હે કાગડા આ સુન્દર વનમાં તું જો મર્મસ્થાનને કાનમાં ભેદે તેવો અવાજ કર્યા વિનાતું બેશી રહેતો હું તને કોયલ કહું (કેમકે કેટલીક વસ્તુ સ્થાનકની મોટાઇથી નીંચી હોયતો પણ મોટાઇ પામેછે જેમકે) નેપાળનો રાજા કપાળે ગારાનું લેપન કરે તોપણ સૌ કહેશે કે કસ્તુરીનું લેપન છે.

યથાવા. ઉપજાતિવૃત.

ગુણો ઘણા દોષન કાઢીનાખે, જો ચંદ્રના ગુણ કલંક ઢાંકે,
આપે છ હીમાચળ રત્ન જેથી, સૌ ભાગ્યતા જાતિ નથી હિમેથી૨૫૩

હીમાચળ પર્વત ઘણા રત્ન આપેછે તો પણ હીમે કરીને તે સૌ ભાગ્યતાની કીર્તિનાશ પામતી નથી કેમકે જેવી રીતે ચંદ્રના બીજા ગુણો તેનાં કલંકને ઢાંકી નાખેછે. તેમ ઘણા ગુણમાં એક દોષ જણાતો નથી,

૬૩ પ્રૌઢોકિત અલંકાર—ઉત્કર્ષનું કારણ ન હોય ને તેવા કારણ નીકલ્પના કરવી તેને પ્રૌઢોકિત કહેછે.

ઊદાહરણ. દોહરો.

તગાલ ગોટા કક્ષછે, કાલીંદીને તીર,
આ મોવાળા નારીને, તેવા શોભે શીર. ૨૫૪

આ સ્ત્રીના માથાના મોવાળા કાલીંદીના તીરપર તમાલના ગોટા જેવા કાળાછે.

એમાં કાર્યના અતીશયનો હેતુ નથી પણ તેની કલ્પના કરી કેમકે તમાલના વૃક્ષમાં કાંઈ અતી કાલપ નથી કાલીંદી નદીને તીર કહ્યું તેથી કાલપનો સમ્ભંવ આવ્યો.

યથાવા. ઇંદ્રવજાવૃત.

પૃથ્વિ તરૂ સૂર પરાગ જાણી, જે કામધેનૂ દધિ તેજ પાણી;
ચીંતામણી તેજ કુબેર શ્વાસ, ભંડારતે શંખજ આવ કાશ. ૨૫૫

હે ભાઈ આરાજામાં પાંચ તત્વછે. તે કયાં કયાં—કે સુરતરૂ-કલ્પ વૃક્ષના પુષ્પનો પરાગ જે ઝીણો મોર તે તેની પૃથ્વિછે. કામધેનુંનું દુધ તે તેનામાં પાણીછે. ચીંતામણીનું તેજ તે તેનામાં તેજછે કુબેરનો શ્વાસ તે તેને વાયુછે શંખજે ભંડાર તે તેનો આકાશછે. કહેવાનો મતલબ બહુ દાનેશ્વરી એમ કહેવું છે પણ ઉત્કર્ષના બધાં કારણની કલ્પના કરીછે.

૬૪ સંભાવાના લંકાર—કોઈ પદાર્થની સીધ્ધિ વાસ્તે એમ થયું હોતતો આમ થાત એવી યુક્તિ આવે તેને સંભાવના લંકાર કહેછે.

ઊદાહરણ. દોહરો.

હે રાજા તુજ ગુણ બધા, હુંથી ના કેવાય;
હોતજ વકતા શેષજો, તેથી વર્ણન થાય. ૨૫૬

હે રાજા તારા ગુણ મારાથી કહી શકાય તેમ નથી જો શેષ

વકતા હોત તોજ કહેવાત.

યથાવા. ઉપજાતિવૃત.

બ્રહ્મા થયો હોત હું મિત્રજોરે, સુગન્ધલાવી મૃગનાળનોરે;
આરોપ તે હું ખળ જીભમાંરે, કસ્તૂરિનો યોગતમામ ત્યાંરે. ૨૫૭

જો હું બ્રહ્મા થયો હોત તો હેમીત્ર–મૃગના નાળમાંથી સુગંધી લાવીને ખળની જીભમાં કસ્તૂરી થવાનો જોગ આરોપત.

૬૫ મિથ્યાધ્યવસિતિ, અલંકાર—કોઇ પદાર્થને ખોટો પાડવા વાસ્તે બીજી મિથ્યા કલ્પના કરવી તેને મિથ્યાધ્યવસિતિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

નભ પુષ્પોની માળલઈ, વેશ્યા વશનો જાપ;
જપું એક આકીનથી, આપે આપો આપ. ૨૫૮

આકાશના પુષ્પની માળલઈને વેશ્યા વશ થવાનો જાપ એક આકીનથી જપું તો તે આપો આપ આવી વશ થશે.

આહીં વેશ્યા વશી કરણ કરવું એ અસંવીતછે એમ નિશ્ચય કરવા આકાશના પુષ્પની માલા ગૃહણ કરવાના અર્થની કલ્પના કરી તે મિથ્યાધ્ય વસિતિ થયો.

યથાવા. ઉપજાતિવૃત

ક્ષોણી પતિની અપકીર્તી જ્યારે, પરાર્ધથી થૈ અગણીત ત્યારે;
અંધે દિઠી સાંભળી કાન બેરે, વંઝયા તણો સૂત સ્વરે ઉચારે. ૨૫૯

આ ક્ષોણી પતિ રાજાની અપકીર્તી જ્યારે થૈ ત્યારે પરાર્ધથી પણ અગણીત થઇ જે અંધે જોઇ, બેરે કાને સાંભળીને વાંઝણીના પુત્રે સ્વરમાં ગાઇ એમાં પહેલા ઉદાહરણમાં વીદર્શના અલંકાર ગર્ભીત રીતે છે ને આબીજું ઉદાહરણ છે. આ સમંધમાં સમંધાતીં શયોકિતને આ અલંકારમાં તફાતત છે.

૬૬ લલિતાલંકાર—પ્રસ્તુત ધર્મવાન પદાર્થમાં વર્ણન કરવા યોગ્ય વૃતાંત કહ્યા વીના તેમાં કોઇપ્રતિબિમ્બ રૂપ અપ્રસ્તુત વર્ણન આવે તેને લલિતાલંકાર કહે છે.

ઉદાહરણ. **દાહરો.**

પાણી સર્વે વહી ગયું, પછીથી બાંધે પાળ;
કહે સખી શા કામનું, એવું આળ પંપાળ

હે સખી પાણી બધું વહી ગયા પછી પાળ બાંધે છે તે શા કામનું તે એવું શું આળપંપાળ કરે છે—એમાં સ્વામી ના આવ્યો તે વખત તેનો અનાદર કર્યો ને ગયો ત્યાર પછી આપેક્ષા રાખી બીજી સ્ત્રી પાસેથી બોલાવવાને દુતી મોકલે છે એટલે દૂતી નાયકાને કહે છે કે હવે શા કામનું, એમાં પ્રસ્તુત ધર્મ આવ્યો એટલે અપ્રસ્તુત કે સમાસોકિત કહેવાય નહીં તેમજ કોઈ બીજા અલંકારની સાદ્રશ્યતા તેમાં આવતી નથી એ વિલક્ષણતાને લીધે તેને લલિત નામ આપ્યું છે

રઘુવંશમાં કાળીદાસ કહે છે કે-

યથાવા.

ઉપજાતિવૃત.

આ અલ્પ બુદ્ધિ મુજ કોણ માત્ર, રવી થકી ક્યાં રઘુવંશ પાત્ર;
ત્રાપાથી મોહે કરી પાર થાવા, ઈચ્છા કરૂં સાગર તીર જાવા. ૨૬૧

સૂર્યથકી ઉત્પન્ન થયેલો આ રઘુ રાજાનો વંશ ક્યાં ને મારી અલ્પ બુધ્ધિ ક્યાં આતો માત્ર મોહે કરીને માહા સાગરતરી સામે કાંઠે જવાને એક ત્રાપાથી તરવાની ઇચ્છા કરૂં છું

૬૭ પ્રહર્ષણઅલંકાર—ઇચ્છિત અર્થનીયત્ન વિના સીદ્ધિ થાય તેને પ્રહર્ષણ કહેછે.

ઉદાહરણ. **દોહરો.**

જેને મળવા જેહનું, સ્મરણ થયું મનમાંય,
તે ટાણે તે જોઈને, હર્ષ પામતો જોય. ૨૬૨

જેને મળવાને જે સ્રીથી જોગ કરવાને તેનું સ્મરણ કરતો તેજ સ્રી તે વખતે આવી મળવાથી આનંદ થયો.

યથાવા. **ચોપાઇ.**

ગોપગોપીને નંદન નંદ, ભેળાં આવ્યાં વનરાવન;
કહે નંદ રાધાને અરે, ક્રશ્ન તમે લઈ જાજો ઘરે. ૨૬૩

વનરાવનમાં સહુ ભેળાં થયાં ત્યાંથી નંદે ક્રશ્નને લઈ જવાને રાધાને કહ્યું તેથી રાધા સમરણ તો કરતી હતી ને વળી ભાવતું હતું ને વૈદે કહ્યું

વાંછીત મનોરથથી પણ અધીક પ્રાત્પ થાય તેને પણ પ્રહર્ષણ કહેછે.

ઉદાહરણ. **દોહરો.**

દીવો જે વારે કર્યો, પ્રકાશ જેણી વાર;
તે વારે ઉદય થયો, સૂર્ય તણોજ સવાર. ૨૬૪

જેટલી વારમાં દીવો પ્રકાશ કર્યો તેટલીજ વારમાં સૂર્ય ઉગ્યો.

યથાવા. **દોહરો.**

ચાતક યાચે મેઘને, બએચાર જ્યાં બુંદ,
આખું જગ વૃષ્ટિ કરી, આપે છે સુખકંદ. ૨૬૫

બાપૈઓ મેઘ પાસે બે ચાર બુંદ માગે છે ત્યાં આખા જગતમાં વૃષ્ટિ કરીને વર્ષાદ સુખ આપે છે.

કોઇ પદાર્થના ઉપાયની સીદ્ધીનો યત્ન કરતાં તેમાં સાક્ષાત ફળની પ્રાપ્તિ થાય ત્યાં પણ પ્રહર્ષણ કહે છે.

ઉદાહરણ. દોહરો.

જે ઔષધી અંજન થકી, દ્રવ્ય પ્રાપ્ત જે થાય;
તે બુટ્ટીને ખોદતાં, દ્રવ્ય નીધિ મળી જાય. ૨૬૬

જે ઔષધીનું મૂળ આંખે આંજવાથી દ્રવ્યનો ભંડાર પ્રાપ્ત થાયછે તેવી જડી–બુટ્ટીનુ મૂળ ખોદતાં તેમાં દ્રવ્યનો ભંડાર મળી આવ્યો.

યથાવા. ઉપેંદ્રવજાવૃત.

પુષ્પો તણા ઓઘની ડાળ લેવા, ધારે પગો સ્કંધ અશોક જેવા;
કુદી ગ્રહે પૂષ્પજ જેવું હાથે, ખિલ્યું ક્ષણે તેજ અશોક સાથે. ૨૬૭

કોઇ સ્ત્રી કોઈ આસોપાલવની ડાળપર ચડી તેપર બે પગ મુકી તેની પાસેના ઝાડની ડાળપર ફુલોની લૂમ હશે તે કુદકો મારી લેવા ગઈ ત્યાં તો પગ લાગવાથી અશોકનું વૃક્ષ ખીલી નીકળ્યું.

૬૮ વિષાદનઅલંકાર—ઇચ્છીત પદાર્થથી વિરૂદ્ધ અર્થની પ્રાપ્તિ થાય તેને વિષાદન કહે છે.

ઉદાહરણ. દોહરો.

પ્રેમની ઓહ ધરી મને, દીપ કર્યો જે વાર;
પ્રગટ થઈને કારમો' બુઝાણો તે વાર. ૨૬૮

સ્ત્રી જેવો હર્ષ ધારીને દીવો કરવા ગઇ ને દીવો કર્યો કે તરતજ કારમો—ઓચીંતોઓલવાઈ ગયો.

યથાવા. ઉપેંદ્રવજાવૃત્ત

નિશા પછી શૂભ પ્રભાત થાશે,
રવી ઉગી અંબુજ ખિલિ જાશે;
વિચારતો કોષ વિશે અલી જ્યાં,
ગજે ગૃહી વેલી સમૂળગી ત્યાં. ૨૬૯

કમળના કોષ—ડોડામાં ભમરો રહ્યો રહ્યો વિચાર કરતો કે આ રાત જશે પછી મંજાની સવાર થશે ને સુરજ ઉગશે એટલે આ કમળ ખીલશે. ત્યાં તો હાથીએ આવીને વેલ સમૂળગી તાણી લીધી ને ખાઇ ગયો.

૬૯ ઉલ્લાસઅલંકાર—જ્યાં એકના ગુણને દોષે કરીને બીજાના ગુણ દોષ પ્રકાશ થાય તેને ઉલ્લાસઅલંકાર કહે છે.

ઉદાહરણ. દોહરો.

આ સાધવી જો સ્નાનથી, કરે મને પાવન,
તો એ લાભ અતી મને, ગંગા પદે વચન; ૨૭૦

ગંગા નદી કહે છેકે—આ સાધવી સ્ત્રી મારામાં નાઇને મને પાવેન કરે તો એમને અતીશય લાભ થવાનો એમ ઇચ્છા કરેછે.

આહીં પતીવૃતાના ગુણનો મહીમા ને ગુણના વર્ણનથી તેમાં નાવાથી ઉત્પન થયેલા ગુણથી ગંગાના પાવન ગુણનું વર્ણન થયું.

ગુણે કરીને દોષનું વર્ણન ઉદાહરણ.

દોહરો.

સજનનો આશ્રય નહિં, કર્યો પ્રવ્યજે ઠાર;
અભાગી છે તે દ્રવ્યનું માન છું નિરધાર. ૨૭૧

એમાં ગુણે કરીને ધનના દોષનું વર્ણન થયું—કે જ્યાં સજનનો આશ્રય જે દ્રવ્ય કરતુ નથી તે દ્રવ્યનું અભાગ્ય જાણવું.

અન્યના ગુણે કરીને ગુણના વર્ણનનું ઉદાહરણ.

દોહરો.

રથ ધાંચો લે એટલે, તરૂણી તન અથડાય;
એજ ભાગનું ભાગ્ય છે, બાકી અફળ જણાય. ૨૭૨

કોઇ પુરૂષ સ્ત્રીની સાથે બેઠો છે ને રથ ધાંચો ખાયછે તે-

થી સ્ત્રીનું અંગ તેના ખભા સાથે અથડાઇ પીડા પામે છે તેથી કહે છેકે—જે ભાગને સ્ત્રીનો સ્પર્શ થાય છે તેટલો અંગનો ભાગ ભાગ્યશાળીને બાકીનો તો પૃથ્વિપર ભાર રૂપે છે.

ख. દોષે કરીને દોષનું વર્ણન.

ઉદાહરણ. ઉપજાતિવ્રત.

આનંદિ હે ચંદન વૃક્ષ તારે; ઘટે ન વાસો અહિં વાંસ મારે;
બાળે ન તે એકલું કુળ તેનું, બાળે બધાં તે વન વ્રક્ષ કેરૂં. ૨૭૩

હે આનંદકારી ચંદનના વૃક્ષ તારે આવાંસડાથી ભરેલા વનમાં રહેવું ન ઘટે કેમકે તે વાંસ કાંઇ (અગ્નિ ઉત્પન કરી) પોતાનું એકનું કુળજ બાળતા નથી પણ બધા વનના ઝાડના કુળને નિકંદન કરે છે.

ग. અન્યને ગુણે કરી દોષનું વર્ણન.

ઉદાહરણ. ઉપજાતિવૃત.

મદાંધ હસ્તી શ્રવણો હલાવી, દાનાર્થી તે ભૃંગ દીધા ચલાવી;
સુગંધ તે પદ્મ તણીજ લેશે, શ્રંગાર ગંડ સ્થળ હાની કે'શે. ૨૭૪

દાનાર્થી—હાથીના મદની સુગંધ લેવા આવનાર ભ્રમરને મદાંધ હાથી એ કાન ફફડાવી ઉડાડી દૂર કર્યો તેમાં હાથીના ગંડ સ્થળની શોભા ગઇ કેમકે ભ્રમર તો પદ્મમાંથી પણ સુગંધ લેશે.

घ. દોષ કરીને ગુણનું વર્ણન.

ઉદાહરણ. શાર્દુલવિક્રિડિતવ્રત.

જોઈ વાનર રત્ન એક કરમાં, સુધી કરી ચાંપીને;
દાંતેથી કરકોલી ચુમ્બન કરી, ફેંક્યું નિરસ જાણીને.
જોવા આતુર સાર અંદર તણો, ભાંગ્યું ન પાણે કરી;
માટે રત્ન ખુશી થવુંજ મનરે, મોટી કુશળતા ધરી. ૨૭૫

એક કવિ રત્નને કહે છે કે—હે રત્ન તને વાંદરે હાથમાં લઈ સુંઘ્યું, દાબ્યું ને દાંતેથી કરકોલ્યું ને પછી ચુમ્બન કર્યું અંતે નિ· રસ બાળી તને ફેંકી દીધું તેથી તારે દુખ ન ધરવું કેમકે એ વાં- દરાની જાત અંદરનો ભાગ જોવાને બહુજ આતુર હોય છે. માટે તને પથરે ભાંગીને જોયું એ તારી મોટી કુશળતા છે એમ જાણી તું આનંદ પામ.

૭૦ અવજ્ઞા અલંકાર— ગુણદોષે કરીને જ્યાં ગુણદોષ ઉત્પ- ન થાય તેને અવજ્ઞા અલંકાર કહે છે.

ઉદાહરણ. દોહરો.

પાત્ર બશેર પ્રમાણમાં, પામે સમુદ્ર તોય,
જળનો પાર લહે બધો એવું કોદિ ન્હોય. ૨૭૬

બશેરનું પાત્ર સમૂદ્રના જળને પામે પણ થોડુંજ લઇ શકે છે. એમાં સમુદ્રને ગુણે પાત્રનો ગુણ થયો નહીં.

દોષે કરીને દોષ પ્રાપ્ત ન થાય તેનું ઉદાહરણ.

દોહરો.

સાંજ સમે જો હે સખી, કમળ કળા વિંચાય;
શશીને હાની શું અરે, તેમાં થતી જણાય. ૨૭૭

સાંજે કમળ વીંચાઇ જાય છે. તો હે સખી એમાં ચંદ્રની ક- ળાને શું હાની થાય છે.

ગુણે કરીને ગુણની પ્રાપ્તિ થાય તેનુ ઉદાહરણ.

ઊપજાતિવૃત.

કવીત્વ સૂધા સુખ સૂજ્ઞનું જે, જો વિષ દિસે રસ હીનનું તે;
શું થાય તેજો અપમાન આણે, ગુણી જનો તો ગુણસર્વ જાણે. ૨૭૮

કોઇ કવી કહે છે કે—મારી અમ્રત રૂપી કવીતા જે વિદ્વાનને

સુખ આપવા વાળી છે તે જો કદી નિરસ પુરૂષને ઝેર રૂપી લાગી તેનું તે અપમાન કરે તો તેથી શું થવાનું. ગુણી પુરૂષો તો સર્વગુણ તથા રસને જાણે છે.

દોષે કરીને દોષ ઉત્પન થાય તેનુ ઉદાહરણ.

ઉપજાતિવૃત.

શું પોઠિઆથી લઘુતા ગજોની, ભુજંગથી કાંચનને શુ હાની;
શીતાંશુથી શુ રવિ તેજ ખામી, પૃથ્વિપતી શંકર હે અકામી ૨૭૯

શંકરને કહે છે કે—હે શંકર તમે પોઠિઆનું વાહન કર્યું તેથી મોટા હાથીઓમાં શું લઘુતા આવી ગઇ ને સર્પનુ ભૂષણ રાખોછો તેથી સોનાને શુ હાની છે તેમજ શીતાંશુ—ચંદ્રકળાનુ આભુષણ રાખોછો તેમાં સૂર્યમાં શુ ખામી આવી ગઈ માટે તમને શું કહીએ તમે તો પૃથ્વિપતીછો

૭૧ **અનુજ્ઞાલંકાર**—દોષમાં ગુણ ભાસથી ગુણનું આરાધન કરવું તેને અનુજ્ઞા કહે છે.

ઊદાહરણ દોહરો.

નિરંતર અમપર હજો, વિપત્તિ વ્યાપાર,
સ્મરણ બહુ વિધ થાય છે, તેમાં પ્રભુનું સાર. ૨૮૦

નિરંતર અમારાપર વિપતી હજો કે જેની અંદર ઇશ્વરનું સ્મરણ થયા કરે છે.

યથાવા ઉપજાતિવૃત

આભાર તારો થઇ જીર્ણ જાજો, પ્રત્યુપકારીન પ્રસંગ થાજો;
કાંકે સદા આપ્દ ઇચ્છશે તે, રામે કહ્યું અંજની સૂતને તે. ૨૮૧

રામચંદ્રજી હનુમાનને કહે છે કે–હે અંજની સુત તારો મારા પરનો ઉપકાર મારામાં જીર્ણ થઇ જજો ને મને એ પ્રત્યુપકાર કરવા

નો વખત આવશો નહીં કેમકે પ્રત્યુપકાર કરવા વાળો ઉપકારી ને આપ્રત ઇચ્છે છે માટે મને તેવું મનન થાય તેટલા સારૂ તારો ઉપકાર મારામાંજ સમાઇ જાજો.

ઉદાહરણત્રીજું. ઈંદ્રવજ્રાવૃત.

જે દેવતા શંકર દ્વાર ભૂમી. જ્યાં દંડ પામે ગણુના ઝઝુમી;
ત્યાં રાખજો દાસ કરી તમારા, ભક્તિ કરી સ્વર્ગ ન ઈચ્છનારા.૨૮૨

હે શંકર તમારી દ્વાર ભુમીમાં જે ગણ ઉભા છે ત્યાં દેવતાઓ આવી ઉભા રહે છે ને ઝઝુમી રહ્યા છે તે ગણના હાથના માર ખાય છે ને પરાણે તમારા દર્શન પામે છે માટે અમારે દેવતાનાજેવાં સ્વર્ગનાં સુખ નથી જોતાં અમને તો એ ઠેકાણે ગણ કરીનેરાખજો.

૭૨ **લેશાલંકાર**—દોષમાં ગુણની કલ્પના ને ગુણમાં દોષની કલ્પના કરવી તેને લેશાલંકાર કહે છે.

ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

સ્વેચ્છા પ્રમાણે સહુ પક્ષિ ચાલે, જ્યાં ત્યાં ઉડીને સુખ સર્વ ગાલે;
આ શૂકને પીંજર બંધિખાનું, વાણી મદુરી ફળ એ જણાણું. ૨૮૩

સ્વેચ્છા—પોતાની મરજી પ્રમાણે સહુ પક્ષિઓ ચાલે છે ને જ્યાં ત્યાં ઉડી ચાલતાં ફરેછે તેમાં પોપટને પાંજરાનું બંધિખાનું એ તેની મધૂરી વાણીનું ફળછે.

એમાં પુર્વાર્ધમાં બીજા પક્ષી વાણીમાં ચતુર નથી એ દોષને સ્વેચ્છાથી વરતે તે ગુણ કહ્યો. ઉતરાર્ધ મધુર ભાષા પોતાનો ગુણને પાંજરૂં એ દોષછે. આકાંઇ વ્યાજ નિંદાકે વ્યાજ સ્તુતિ ગણાતો નથી.

યથાવા **દોહરો**

સદા ચરણથી સંતને, અપવાદોનું દૂઃખ;
મૂરખ મન મરજી થકી, વરતે તેને સૂખ. ૨૮૪

સદાચરણનો ઉપદેશ કરવાથી તથા પાળવાથી લોક અપવાદ વીગેરેનું સંત પુરૂષને ખમવું પડેછે અને મુરૂખને પોતાની મનની મરજી પ્રમાણે ચાલવામાં સૂખ મળેછે.

૭૩-મુદ્રા અલંકાર—વર્ણન કરવા યોગ્ય અર્થને અનુસરે એવા પદથી સૂચના કરવા લાયક અર્થ નીકળે તેને મુદ્રાલંકાર કહે છે.

ઉદાહરણ દોહરો

નિતંબથી તે મોટી છે, યુવાન સ્ત્રી આ જાય;
મોટાં દ્રષ્ટિ નેત્ર છે, કમળ તુળના થાય. ૨૮૫

આ સ્ત્રી વહી જાયછે તે નિતંબ પાછલા ભાગથી મોટી જણાયછે. યુવાન છે ને તેનાં દ્રષ્ટિનેત્ર કમળ જેવાંછે. એને શબ્દ સૂચનાકહેછે.

અર્થ સુચનાનું ઉદાહરણ. **દોહરો.**

જે નર ન્યાય પ્રવર્તે છે, થાય જનાવર સ્હાય;
કૂમારગી નરને સદા, સગો ભાઇ તજી જાય. ૨૮૬

જે પુરૂષ ન્યાય પ્રમાણે વરતે છે તેને જનાવર પણ સહાય કરેછે અને કૂમારગીને સગો ભાઈ પણ તજી જાયછે.

એમાં રામ ચંદ્રજીને વાંદરે પણ સ્હાય કરી હતી અને રાવણ કુમાર્ગે ચાલ્યો તો તેને વિભીક્ષણે તજી દીધો.

૭૪—રત્નાવળી અલંકાર—પ્રકૃત એટલે યુકત અર્થને પદમા અનુક્રમે મુકવો તેને રત્નાવળી અલંકાર કહેછે.

ટીકા—વર્ણન કરવા યોગ્ય વસ્તુ હોય ને તેનાં નામ હોય તેમાં તે વસ્તુનો પણ અર્થ થઈ શકે ને બીજા પણ અર્થ નીકળે તેને રત્નાવળી કહે છે.

ઉદાહરણ. દોહરો.

લક્ષ્મિ પતિ સર્વજ્ઞને, ચતુરાસ્ય મહારાજ,

મહિપતિ છો એ કારણે, કરેસહુ શિરતાજ. ૨૮૭

હે રાજા તમે લક્ષ્મી પતિ–ધનવાન છો અથવા લક્ષ્મી પતિ–વિશ્નુછો. સર્વજ્ઞ–સર્વ નામની વાત જાણવા વાળા અથવા સર્વજ્ઞ–શંકરછો ચતુરાસ્ય–ચતુરાઇ ભરેલા મુખવાળા અથવા ચતુરાસ્ય– ચાર મુખવાળા બ્રહ્માછો તે કારણથી સર્વ તમને શીરતાજ કરેછે.

બીજું ઉદાહરણ કઠીન છે તેથી લખ્યું નથી એ ઉદાહરણમાં સ્રીના કુચને દશ અવતાર રૂપે રત્નાવળી અલંકાર આપ્યો છે.

૭૫ તદ્ગુણ અલંકાર–પોતાના ગુણનો ત્યાગ કરીને બીજાના ગુણનું ગૃહણ કરવું તેને તદ્ગુણા લંકાર કહેછે.

ઉદાહરણ. દોહરો

તુજ ના સાહે કામિની, અધર કાન્તિથી છેક,
રકત મણી જેવું થયું, પ્રતિ બિમ્બ પ્રત્યેક. ૨૮૮

હે સ્રી તારી નાસા–નાકની વાળીનું મોતી અધરની કાન્તિ રાતામણી જેવું થઇ જાણે પ્રત્યેક મોતી બિમ્બ રૂપ થયું જણાય છે.

એમાં સ્વેતના સ્વગુણનો ત્યાગ કરી હોઠની રતાશનો ગુણ ધારણ કીધો છે.

યથાવા ઇંદ્રવજાવ્રત

હે વીર તારા રિપુની વનીતા, લેવા કરેછે વન પુષ્પ રાતાં,
કાન્તિ નખોની શુભ ધોળી જેથી, ધોળાં જણાયે તજીદેજ તેથી.૨૮૯

હે શુરવીર રાજા–તારારીપુ– શત્રુની સ્રીઓ વનમાં રાતાં પુષ્પ જોઇ) પેરવાને લેવાની ઈચ્છા કરે છે કરી ચુંટવા જાયછે ત્યાં નખની ધોળી કાન્તિથી ધોળાં જણાય છે એટલે પડયાં મુકેછે.

૭૬ પુર્વરૂપાલંકાર—કોઈ વસ્તુ વિકાર પામી જાય તે છતાં પણ પુર્વ અવસ્થાનો ત્યાગ ન કરે તેને પુર્વ રૂપાલંકાર કહેછે.

ઉદાહરણ. દોહરો

દીવો રાજ થયો હતો, તોબંણુ ખુબ પ્રકાશ;
કટી મેખળા રત્નથી, પ્રગટયો તે સ્થળ પાસ. ૨૯૦

દીવો રાજ થયો તો પણ કટી મેખળા રત્નથી મોટું અજવાળું થયું હતું.

યથાવા શાર્દૂલવિક્રિડિત વ્રત.

હે રાજા રીપુ મંદીરો તણી સ્થીતિ પુર્વે હતી તેજછે;
ખડ્ગી કંચુકી હસ્તી પૂરતળમાં આવી વસ્યાં સ્હેજ છે.
આગે જે મહિષી હતી ઘર વિશે રૂપે અતી રાજતી,
તેવી આજ મહેલ છેક મહિષી શોભા કરે છાજતી. ૨૯૧

હે રાજા તારા રીપુ–શત્રુના મંદીરોની જે આગળ રાજ નિતિ હતી તેવીજ છે (મતલબ તેં ઉજડ કર્યું છે તો પણ હજુ નામે ફેર થયો નથી)આગળ—ખડ્ગી—તરવારના બહાદુરને હાલ ખડ્ગી—ખડગપાત્રાંવાળા—ગેંડા જનાવરો છે. આગળ કંચુકી—નાજરો હતા ને હાલ કંચુકી–મણીના ધારણ કરવા વાળા સર્પછે. આગળ હાથી-મદો ન્મત્ત હતા ત્યાં આજ રાની હાથીછે ને મંદીરને શોભાવે તેવી સુન્દર મહીસી—રાણીઓ હતી ત્યાં આજ મહીષી—ભેંશો છે.

૭૭ અતદ્ગુણ અલંકાર–જે પોતાને બીજો પદાર્થ પ્રાપ્ત થાય–ને અંગીકાર કરે તેને અતદ્ગુણાલંકાર કહેછે.

ઉદાહરણ દોહરો.

જો રાગીણીમાં રહ્યો, ઘણો કાળ તે સંગ,
તો પણ તું અનુંરાગનો, નથી ધારતો રંગ. ૨૯૨

રાગીણી—મજીઠ વગેરે રાતો રંગ અથવા મારૂં અનુરાગવાળું ચીત તેનાં સંગથી તું રંગવાળો થતો નથી તને અનુરાગ ચડતો

નથી અથવા રંગ આવતો નથી.

યથા. **ઇંદ્રવજાવૃત.**

નેત્રાં જનો વૈરિણિનાંજ ધોઇ, ગન્ડ સ્થળો હસ્તી વિહાર જોઇ
હે રાય કીર્તી નથિ થાતિ કાળ, કે કોઇ વાતે નથિ ગાર વાળી ૨૯૩

હે રાજા તારી કીર્તિ એ વૈરીણી—શત્રુની સ્ત્રીઓનાં નેત્રાંજન આંખનું આંજણુ ધોઈનાખ્યું મતલબ બહુ રડાવી અને હાથીઓના ગંડસ્થળ સાથ વિહાર પામી મતલબ હાથીના કુમ્ભસ્થળ ચીરીને ક્રિડાથી ગારવાળી—ગારાળી નથી થતી.

૭૮ **અનુગુણઅલંકાર**—પુર્વેથીજ જે પોતામાં સ્વત: સીદ્ધ ગુણ તેનો ઉત્કર્ષ બીજી વસ્તુની સહાયથી વધે તેને અનુગુણ કહે છે.

ઊદાહરણ **દોહરો.**

કાનોપર નિલોતપળ, કટાક્ષ જ્યારે થાય;
કાળાં તે વિશેશ એ દ્રષ્ટિ માંહી જણાય. ૨૯૪

કાન ઉપર નિલોત્તપળ—કમળ છે તે કટાક્ષથી વધારે કાળાં જણાય છે. નેત્રનો કટાક્ષ કાળો હોય છે તેથી કમળને વધારે કાળાં કરે છે એમ કહ્યું.

યથાવા. **ઇંદ્રવજાવૃત.**

માતું થયું માંકડું મદ્યપાને વિંછી તણો તે કદિ દંશ પામે;
એમાં વળી જો વળગે પિશાચ, શું વીકૃતી માપ જણાય સાચ. ૨૯૫

માંકડું—અટકચાળું વાંદરૂં હોય ને દારૂ પીને મસ્ત થાય ને પછી તેને વીંછી કરડે એમાં જો વળી ભુત વળગે તો પછી આટલીજ વિકૃતી થતી હશે એનું ખરૂં માપ કેમ જણાઇ શકે ?

૭૯ **મીલિતાલંકાર**—કોઇ ગુણનાં સાદ્રષ્યપણાથી ભેદ જણાય તેને મીલીતાલંકાર કહે છે.

ઉદાહરણ. દોહરો.

ચરણામ્બુજ સ્વભાવથી, હતાં એક તો લાલ;
તેમાં અળતાનો જરા, નથી જણાતો માલ. ૨૯૬

એક તો ચર્ણામ્બુજ—પક પંકજ રાતાં સ્વભાવિક હતાં તેમાં અળતાના રંગની શું વિસાદ જણાય ? એમાં અળતો એ પગની રાતપનું સામ્યપણું ધરાવે છે.

યથાવા. ઉપજાતિવૃત.

કંઠે ધરી માલતી પુષ્પ માળા, હિરાગળો અંબર ચંદનાળાં;
એવી રૂપાળી અભિસારિકાજે, નથી જણાતી શશિકાન્તિમાં તે.૨૯૭

માલતીના પુષ્પની માળા પેરવાવાળી—ધોળાં હીરાગળ વસ્ત્ર ને ચંદનનો અંગરાગ કરવાવાળી અભિસારિકાઓ ચંદ્રની કાન્તિમાં જતી જણાતી નથી.

એમાં ચંદ્રની કાંતીનું ને અભિસારિકાનું સામ્યપણું છે.

૮૦ **સામાન્યઅલંકાર**—સાદ્રષ્ય એ પદાર્થના સામાન્યપણાથી તેમાં કાંઇ વિશેશ ન જણાય તેને સામાન્ય અલંકાર કહે છે.

ઉદારણ. ઇંદ્રવજ્રાવ્રત

જે પદમ રૂડાં સરમાં ખીલે છે, નાવા જઈ તારૂણી ત્યાં મળે છે,
તેનાં મુખો ત્યાં નથિ જો જણાતાં, પ્રવેશ તેનો સરમાંહી થાતાં.૨૯૮

જે તળાવમાં કમળ ખીલે છે તે તળાવમાં નાવા સ્ત્રીઓ આવે છે તે જે વખત તળાવમાં પ્રવેશ કરે છે તે વખતે તેનાં મુખો જણાતાં નથી. એમાં વિશેષ્યની ખબર પડતી નથી.

યથાવા. ઇંદ્રવજ્રાવ્રત.

રત્નો જડેલા મણિ સ્તંભ પાસે, બિમ્બો પડે રાવણના પ્રકાશે,
લંકેશ તેમાં નહિં ઓળખાણો, જોઈ પડયો અંગદ ઝંખવાણો. ૨૯૯

રત્ને જડેલાં મણી સ્તંભમાં રાવણ બેઠો છે તેના પ્રકાશથી રાવણના અનેક પ્રતિબિમ્બ પડેલાં હતાં તેમાં ખરો અંગદ ઓળખી શક્યો નહીં તેથી ઝંખવાણો પડી ગયો.

મીલીતા લંકારમાં એક બીજાગાં ભિન્ન રૂપ જણાતાં નથી ને સામાન્યમાં ભિન્ન રૂપ છતાં વિશેશતા હોતી નથી.

૮૧ **ઉન્મીલિતાલંકાર**—કોઈ અમુક કારણને લીધે બે વસ્તુનાં સદ્રષ્યપણાગાં ભેદ જણાય તેને ઉન્ગીલિતાલંકાર કહેછે.

ઉદાહરણ. **દોહરો.**

તારા યશમાં બુડતો, હેમાચળ ગિરિરાજ,
ટાઢેથી તે સુર સહુ, જાણે છે હે રાય. ૩૦૦

હે રાજા તારા યશમાં હેમાચળ બુડી ગયો છે. તે દેવતાઓ ટાઢે કરીને નકી કરે છે.

ટીકા—તારો યશ પણ ધોળો છે ને હેમાચળ પણ બરફથી ધોળો છે પણ હેમાચળ પાસે જાય ત્યારે ટાઢ વાય છે તેથી એગાં તફાવત સમજાય છે મતલબ હેમાચળ તુલ્ય તારા યશ છે.

યથાવા **ઇંદ્રવજ્રાવ્રત.**

તારા યશે થાય ત્રિલોક ધોળું, દેવો નહીં પાગત જ્ઞાન વેલું,
તોયે સુગંધી અરવિંદ કેરી, સંજ્ઞા ધરાવે ક્ષિર બ્રહ્મ કેરી. ૩૦૧

હે રાજા તારા યશે ત્રણ લોક ધોળાં થઈ ગયાં છે તો પણ જો ક્ષીર સમુદ્રમાં ભગવાનના નાભી કમળની સુગંધ ન આવતી હતે તો આજ ઇશ્વર છે એવું જ્ઞાન દેવતાઓને કેમ થાત ?

૮૨ **વિશેષાલંકાર**—સામાન્ય અલંકારમાં જે વિશેષ ભાવ નથી જણાતો તેજ ભાવ જ્યારે અમુક કારણથી જણાય ત્યારે તેને વિશેષાલંકાર કહે છે.

ઊદાહરણ.   દોહરો.

ચંદ્ર ઉદય પામ્યા પછી, એમ જણાણું છેક,
એ તો પેલું કમળ છે, આ મુખ એજ વિવેક.   ૩૦૨

જ્યારે ચંદ્ર ઉદય થયો ત્યારેજ આતે મુખ અને આતે કમળ એમ વિવેક જણાણો.

યથાવા.   ઉપજાતિવૃત.

કાળાં દિસે કોયલ કાગ જોડે,
એ કેમ સંજ્ઞા વરતાય કોડે;
વસંત બેસે પણ ઋત જ્યારે,
કોકિલ તે કોકિલ કાગ ત્યારે.   ૩૦૩

કોયલને કાગડો બંનેની સંજ્ઞા કેમ વરતાય પણ જ્યારે વસંત ઋતુ બેસે ત્યારે કોકિલ તે કોકિલ ને કાગડો તે કાગડો જણાઈ આવે.

ઉદાહરણત્રીજું   ઉપજાતિવૃત.

મૃત્યુ પછી જે જન કાશિવાસી,
પામે સહુ શંકર રૂપ વાસી;
પ્રહાર જ્યાં અર્જુન શીર હોયે;
ખરાં જુનાં શંકર સોયે.   ૩૦૪

કાશીમાં રેનાર સરવ મુવા પછી શંકર રૂપ થાય છે ત્યારે ખરા શંકરને એ શંકરમાં શું તફાવત જણાય પણ જેના માથામાં અર્જુનના પ્રહારનું ચાકું હોય તેજ પુર્વેના શંકર જાણવા.

૮૩ ઉત્તરાલંકાર—જ્યાં કાંઈક અભિપ્રાય સહીત ગુહ્ય ઉત્તર આપે તેને ઉતરાલંકાર કહેછે.

ઊદાહરણ. ઉપજાતિવ્રત.

પાંથી કહે હે વનિતા કહેને, કયાં ઉતરૂં આ સરિતા વહે રે;
લતા બહુ છે જળ જામવાની, તે દ્વાર છે સુલભ તે જવાની. ૩૦૫

કોઈ વટેમાર્ગુએ કોઇ સ્રીને પુછ્યું કે આ નદી કયાંથી ઉતરાય છે ત્યારે તેનાપર પ્રિતી વાળી સ્ત્રીએ કહ્યુંકે જળ જામવાની લતાની ઘટાઓ છે ત્યાંથી સુલભ રીતે ઉતરાય છે એમ કહી પાંથને તે રસ્તે લઇ જવાનો ગુઢ ઉત્તર આપ્યો.

યથાવા. ઊપજાતિવૃત.

આસ્તર્ણું માગ્યું પુરપાંથ કાંઈ નથી અહીં પ્રસ્તરૂ પ્રાયમાંઇ;
પયોધરો નમ્ર તળે રહે ને, જો રાજી હોયે નહિં તો કહેને. ૩૦૬

એમાં કોઇ મુસાફરે કોઈ શેહેરમાં જઇ આસ્તર્ણું—પાથરવાને કાંઇ માગ્યું ત્યારે કહ્યું કે અહિંતો ઝાઝા પથરા અથવા પથરા તુલ્ય ગામ છે એમાં બે ખુલાસા કીધા કે કાંઈ હરકત નથી ને કાંઈ પાથરવા પણ નથી અને આપછે ઘર—વાદળામાં ખુલે અગાસે રહેવું હોય તો નમ્ર થઇ રહે અથવા નમ્ર કુચતળે રહેવા મરજી હોય તો રહે.

ઉદાહરણત્રીજું. ઇંદ્રવજાવૃત.

આરોગ્ય છે હે સખિ તૂજ બાઈ, જીવે કહે કૂશળતા નવાઇ;
આવી અહિં ત્યાંલગી શ્વાસ ખાતી, એથી કરી તે નથી ક્ષેમ થાતી ૩૦૭

કોઈ નાયકે સખીને કહ્યું કે—તારી બાઈ આરોગ્ય છે તો કહે હજી જીવે છે ત્યારે કહ્યું કે—હું તો કુશળતા પુછું છું ત્યારે પણ એજ જવાબ સાંભળી નવાઇ લાગી ત્યારે સખીએ કહ્યું-કે—હું આહીં આવી ત્યાં સુધી શ્વાસ હતો. એટલે શ્વાસ હોય ત્યાં સુધી ક્યાંથી ક્ષેમ કુશળ થાય માટે મરેતોજ આ તમારો

સંતાપ મટે.

પ્રશ્ન જે શબ્દમાં પુછે તેમાંજ ઉત્તર હોય તો તેને પ્રશ્નોત્તર અથાવા ચીત્ર કહે છે.

એના ઉદાહરણ વિદગ્ધ મુખ મંડન કાવ્યમાં ઘણા છે.

સુક્ષ્માલંકાર—જ્યાં પારકા અભીપ્રાયને જાણીને તેમાં પોતાના અભીપ્રાય સહીત ચેષ્ટા કરવી તેને સુક્ષ્મ અલંકાર કહેછે.

ઉદાહરણ. **ઇંદ્રવજાવૃત**

મેળાપ ક્યાં પ્રીય પુછે થવાનો; જાણી કહ્યું કામનિ ત્યાં જવાનો;
ચુડામણી કેશથી ઢાંકી દીધો, ચિન્હે કરી ઉત્તર વાળી લીધો. ૩૦૮

કોઈ નાયકાને ક્યારે મળાશે એવી સમસ્યા કરી ત્યારે તે સમજીને તેણે પોતાના કેશ પાશથી ચુડામણી ઢાંકી દીધો એટલે નાયક સમજી ગયો કે સૂર્યાસ્ત થયા પછી મળશે.

યથાવા. **ઇંદ્રવજાવ્રત.**

વિદગ્ધને નાયક પૂછયું જ્યારે, નેત્રાભિપ્રાયે સમઝાવી ત્યારે;
અંબૂજ ઢાંકિ કરમાંહિ દીધું, રાત્રી પડે જાણી નિશંક લીધું. ૩૦૯

વિદગ્ધા નાયકાને જ્યારે નાયકે નેત્રના અભિપ્રાયથકી પુછ્યું કે ક્યારે મળશો ત્યારે પેલીએ હાથમાં કમળ હતું તે ઢાંકી દીધું એટલે ખાત્રીથી સમઝાણું કે રાત્રે. સુક્ષ્મમાં પારકા અભિપ્રાયનેજં જાણીને અભિપ્રાય અપાય છે ને પિહિતમાં પારકું વૃતાન્ત જાણી અભિપ્રાય સહિત ચેષ્ટા થાયછે.

૮૫ **પિહિતાલંકાર**—જ્યાં પારકાના ગૂઢ વૃતાન્તને જાણીને અભિપ્રાય સહિત ચેષ્ટા થાય ત્યાં પિહિત અલંકાર કહેછે.

ઉદાહરણ. **દોહરો.**

સ્વામી આવ્યો જે ઘડી, ઘરમાં પ્રાતઃકાળ;

નારી સજ્જ પાથરી, ગઈ પછી તત્કાળ. ૩૧૦

પ્રિય ઘરે સવારમાં આવ્યો ત્યારે સગ્ન પાથરી દીધી—એમાં એમ જાણવ્યું કે તમે રાતના લીલા રમી આવ્યા છો માટે સુઇ જાઓ.

યથાવા. ઇંદ્રવજ્રાવૃત.

કંઠે વહેતા કુમકૂમ રેલા, અંગે અતી સ્વેદ હતા વળેલા;
એવીસ્થીતિમાં સખિ જોઇ જ્યારે, હાથેળીમાંખડ્ગલખ્યોજત્યારે. ૩૧૧

કોઈ સ્ત્રીએ પોતાની રાખીને બહુ પરશેવો વળેલો ને કંઠે કંકુ લગાવેલ તેના રેલા વેતા જોયા ત્યારે તેની હથેળીમાં"ખડગ" શબ્દ લખ્યો.

એટલે પુરૂષા તનનું બહુ પરાક્રમ કરી આવી છું એમ જણવ્યું.

૮૬ **વ્યાજોક્તિ**—જ્યાં અન્ય એટલે બીજા કારણે કરીને પોતાનું ચિન્હ ગુપ્ત રાખવું તેને વ્યાજોક્તિ કહે છે.

ઊદાહરણ. દોહરો.

છે પટ ચોટી છે મને, ઘરમાં કરતાં કાજ;
છે પટ વાળી હે સખી, થઇ પડી છું આજ. ૩૧૨

હે સખી ઘરમાં કામ કરતાં મને છેપટ ચોટી છે તેથી આજે હું ધુંસ વાળી થઈ ગઇ છું એમાં વસ્ત્ર પાથરવાને નહીં મળવાથી શરિરે ધૂળ ચોટી છે તે રસ ક્રિડાને ગુપ્ત રાખે છે.

યથાવા. ઇંદ્રવજ્રાવૃત.

જોયો સખી ખંડિત બીમ્બ જ્યારે, સ્વામી ગયો નીકટ જોઈ ત્યારે;
અંબૂજ તેં ભ્રંગ સહીતસુંઘ્યું, વારી હતી તો પણ તેંજ કીધું. ૩૧૩

કોઈ સ્ત્રીએ પોતાની સખીનો હોઠ વ્રણ પડેલ ખંડિત જોયો ને તેનો પતી તેની પાસે આવ્યો એટલે તેના જાણવા-

માં રખે આવી જશે તેમ જાણી તેની બાઈને કહેછે કે—મેં તને કહ્યું હતું કે—ભ્રમરો સહીત કમળનું ફુલ સુંઘીશ નહીં પણ મારૂં વચું તેં નકર્યું તેથી આ શક લેવા જેવું કામ કર્યું. એમ કહી તેના સ્વામીનો સંશય ઉડાડી દીધો.

૮૭ ગુઢોક્તિ—જ્યાં કોઈને સંભળાવવા અર્થે બીજા પ્રત્યે કહેવાય તેને ગુઢોકતી કહે છે.

ઉદાહરણ. દોહરો.

ખેતરમાંથી જા અરે, ખાતો ખુંટ ગમાર;
આવે તેનો ધણી અહીં, તને મારશે માર. ૩૧૪

પરસ્ત્રી ભોગતા પુરૂષને ચેતવવાને કોઇ સ્ત્રી ખેતરમાં ખાતા બળદને કહે છે કે અરે ગમાર ખુંટડા-આખલા ખેતરમાંથી ખાતો બંધ થઈ જતો રહે નહીં તો તેનો ધણી મારશે.

યથાવા. ઉપજાતિવ્રત.

લક્ષ્મી પતી રક્ષણ જો કરે તો, ટાણું નથી સ્વામી હું પાસ જોતો,
બિજાં ગયાં સૌ અળગે અહીંથી, એકોલી આહીં રહીશું સહીથી ૩૧૫

કોઇ નાયકા પોતાનાલક્ષ્મીપતી નામના પ્રીયને સંભારીને કહેછે કે- હે લક્ષમીપતી-હે વિશ્નુ આટાણે જો મારી તમે રક્ષા કરો તો સમય છે. મારો પતી મારી પાસે નથી બીજાં સહુ અહીંથી જ્યાં ત્યાં રહ્યાં છે. ને મારી સખીજ મારી પાસે છે માટે મારી રક્ષા તમારે કરવી જોઇએ.

૮૮ વિવૃતોક્તિઅલંકાર—જ્યાં કવિએ શ્લેશ કરીને ગુપ્ત ભેદ બતાવ્યું હોય ત્યાં વિવ્રતોક્તિ કહે છે.

ટીકા—હે બળદ ક્ષેત્રમાંથી જા એ કાંઈ વિવ્રતોક્તિ નથી એ તો ફક્ત **સુચક** શબ્દો છે. એને શ્લેશ ગુપ્ત પણ કહે છે.

ઉદાહરણ. ઉપજાતિવૃત.

વિષાદને શ્વાસ ન કંપ ખાવો, ગુરૂ તણી પીડ ન મન લાવો;
હેબાળ ખાતિ નહિં તું બગાસાં, જોઆ અહીં દૈવતણા તમાસા.૩૧૬

જે વખત સમુદ્રમાંથી લક્ષ્મી નિકળ્યાં તે વખત લક્ષ્મીને સ્વયંવરથી વરાવવાનો વિચાર કર્યો ત્યારે સમુદ્રે કહ્યું કે–હે પુત્રી વિષાદ–ખેદ શ્વાસ વાયુ અને કંપ—પ્રકંપ ન ખાવો મતલબ વિષાદ–ઝેર રાખનાર શંકર શ્વાસ-વાયુ ને કંપ-વરૂણને તું નવરીશ. ગુરૂ–મોટાની પીડા—લાજ ન રાખીશ—ગુરૂને વરીશ નહીં ને બગાસા ન ખાઇશ મતલબ બળતામાં દૈતને મારનાર ઈંદ્રને ન વરીશ પણ જો આ અહીં દૈવનો તમાસો જો મતલબ અહીં આંવ દૈવનો તમાસો કરનાર વિશ્નુને વરજે એમ કપટ રાખી કહ્યું.

યથાવા. દોહરો.

હે સ્વામી હું જાણુંછું, કરૂં હવે પરણામ,
શું મન તૃપ્તજ થાય છે, દીધે દરશન દાન. ૩૧૭

હે સ્વામી હું જાણુંછું ને શું દરશનથીજ તમારૂ મન તૃપ્તથાયછે?.

દમયંતીને હંસે કહ્યુ હતું કે શું તારૂ મન લંકાપતીમાં છે? ત્યારે દમયંતીએ કહ્યુ કે **चेतोनलंकापती** ઇ. એટલે લંકાપતી નહીં પણ **नलकाम**. નળરૂપી કામમાં મારૂ મન છે.

૮૯ **યુક્તિઅલંકાર**—પોતાનો મર્મ છુપાવવા વાસ્તે કાંઈ ક્રિયા કરીને કોઇને ઠગવુ તેને યુક્તિ કહે છે.

ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

હે મીત્ર તે તારૂણી ચીત્ર તારૂ, કાઢે ધિરે ચાતુરીથીજ સારૂ;
તંવે દીઠી કોઇ જને જઇને, હાથે કર્યું પુષ્પ ધનૂષ તેને. ૩૧૮

હે મીત્ર તે સ્ત્રી તારૂ ચીત્ર ધીમે રહીને ચાતુરીથી ચીતરતી હતી તેવામાં કોઇ માણુસ ત્યાં આવી જવાથી તેણે ચીત્રના હાથમાં પુષ્પનું ધનૂષ ચીતારી મુક્યું–એટલે કામદેવ લખ્યો એવી યુક્તિ કરી છાનું રાખ્યું.

યથાવા. ઉપજાતિવૃત.

રાત્રી તણો દંપતીનો વિનોદ, પ્રભાતમાં પોપટ બોલતોજ,
એવે મણી ત્યાં ધરી પદ્મ રાગ, મુકી ગઇ દાડમનાં વિભાગ. ૩૧૯

રાત્રે દંપતિ—સ્ત્રી પુરૂષ વિનોદ કરતાં હશે તે વખત પોપટ પાંજરામાં સાંભળતો હશે તે વચનો સવારમાં કહેવા લાગ્યો ત્યારે તેના પાંજરામાં તરતજ પેલી સ્ત્રીએ કાનમાંથી પદ્મ રાગ મણી મુક્યો અને પછી જલદી દાડમના કટકા મુકી ગઇ એટલે તે બોલતો બંધ પડી ગયો.

૯. **લોકોક્તિ**—લોકના બોલવાને અનુસરીને જે બોલવું તેને લોકોક્તિ કહે છે.

ઉદાહરણ. દોહરો

લોચન મીંચી માનુની, ઘણા મહીના જાણ;
વિરહ સહન કરવું હવે, તે તુજ પેખ પ્રમાણ. ૩૨૦

હે સ્ત્રી—બાઈ હવે તો આંખો મીંચીને ઘણા મહીના સુધી વીરહ સહન કરવુ તોજ પ્રમાણ છે.

યથાવા. વસન્તતિલકાવ્રત.

વાંચ્છીતને વરદ નામજ આપનારૂં,
માટે નથી અવર લક્ષણ દેવ સારૂ,
કાંકે લીધો જનમ બ્રાહ્મણ કૂળ માંઇ,
તેથી જનોઈ થકી ઓળખ છે ન ક્યાંઈ. ૩૨૧

વરદ રાજ સ્તવમાં કહ્યું છે કે-વરદ આપનાર તારૂં જે નામ તેજ વાંચ્છીત ફળને આપવાનો ભાવ કહી આપેછે. માટે બીજા દેવની પેઠે વરદાનનું લક્ષણ કાંઈ બીજું તમે રાખ્યું નથી કેમકે ઉત્તમ બ્રાહ્મણના કૂળમાં જન્મ લીધો એટલે જનોઇથી કાંઈ બ્રાહ્મણ કહેવાય ને ઓળખાય તેમ છે નહીં.

૯૧ **છેકોક્તિ**—લોકોક્તિમાં ગર્ભીત અર્થાંતર કાંઇ આવે તેને છેકોક્તિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

હે ભાઈ એ વાતની, આપણને શું જ્ઞાણ;
સર્પ તણો પગ સર્પ તે, જાણે એક નિદાન. ૩૨૨

એમાં કોઇ પુરૂષે કોઇને કોઇ વાતનું વૃતાંત પુછ્યું તે વખત બીજો કોઈ તે વૃતાંતનો જાણવાવાળો તેને બતાવીને કહ્યું કે-ભાઈ આપણને શું ખબર પડે. સર્પનો પગ તો સર્પ જાણે એટલે આને ખબર હશે. મતલબ આ તેને એકજ છે.

યથાવા. ભુજંગી.

નથી ગ્રીષ્મનો વાયુ સુગંધી માન, નથી મલ્લીકાનો સમો આસમાન;
અમારૂં કરેકામ વર્ષાઋતૂ તું, પશૂ વાળનારોજ ગોવાળ છું તું ૩૨૩

ગ્રીષ્મ રૂતુનો મળયાચળનો સુગંધી માન વાયુ પણ નથી તેમ મલ્લીકાનો પવન વાવાનો પણ આ વખત નથી માટે હે વર્ષારૂતુ તુંજ અમારૂ કામ કર કેમકે ગાયો વાળે તેજ આ વખત ગોવાળ.

૯૨ વક્રોક્તિ—શ્લેશને કાકુએ કરીને બીજા અર્થની કલ્પના કરવી તેને વક્રોક્તિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

માન મૂક ઉદય થયો, નંદી નેહ હરાય,

નંદા શંકર પાસ છે, નથિ આંહી તેવું થાય. ૩૨૪

હે સ્ત્રી માન મુક સૂર્ય ઉગ્યો ત્યારે કહ્યું કે નેહ રૂપી નંદી હરી જવાશે. એટલે કહ્યું કે—અહીં કયાં નંદી છે નંદી તો શંકર પાસે છે.

યથાવા. દોહરો.

બુદ્ધિ દારૂણ આપની, કોણ કરી નીરમાણ;
બુદ્ધિ તો ત્રીગૂણ છે, નથી દારૂની જાણ. ૩૨૫

અહો તમારી આવી દારૂણ બુદ્ધિ કોણે નિરમાણ કરી ત્યારે કહ્યું કે બુદ્ધિ તો ત્રીગુણજ છે કાંઇ દેવદારનાં લાકડાનીં નથી. એને અવિક્રત વક્રોક્તિ કહેછે.

વિક્રતનું ઉદાહરણ.

માલિનિવૃત.

ત્રિદશ વદન ગ્નાની, પામશે આજ જ્યારે;
ન વિર પુરૂષ કોઈ, ઉભશે આંહીં ત્યારે;
વિપતિ ઘણી થશે હે, જાનકી માન મારૂં,
પ્રથમ હરફ કાઢી, બોલ થાશેજ સારૂં ૩૨૬

સીતાને રાવણે કહ્યું કે—હમણાં આજ લડાઇ વખતે ત્રિદશ વદન—દેવતાઓ હારશે ને વીર પુરૂષ કોઈ ઉભો નહીં રહે ને તારા રામને વીપતી પડશે માટે હે જાનકી-મારૂ માન. ત્યારે જાનકીએ જવાબ આપ્યો કે—હે પાપી ત્રણે ચરણોમાંથી પ્રથમ અક્ષર કાઢી નાંખીને બોલ એટલે " ત્રી " કાઢે તો દશવદન—રાવણની હાર થાય. " ન " કાઢી નાખે તો બીજા ચરણમાં બધા વીર પુરષ ઉભા રહે ને " વિ " ત્રીજામાંથી બાદ કરે તો ઉચા પદને પામવાનો અર્થ થાય.

અર્થ શ્લેશ વક્રોકિતનું ઉદાહરણ.

શાર્દુલવિક્રિડિતવૃત.

ભીક્ષાર્થી પતી ક્યાં અરે ગૌરી સુતા, તે તો બળી યજ્ઞમાં
ક્યાં છે તાંડવ નૃત્યકાર સખી હે, વંદ્રાવને મગ્નમાં,
ક્યાં છે બાઇ કુરંગ છેક કહી દે, વારા હતો ક્યાં થયો,
ક્યાંનંદી ધરડોગયોજ અહિંથી, ગોવાળિઓ ક્યાંગયો. ૩૨૭

પાર્વતીને લક્ષ્મીના સંવાદમાં—પાર્વતીને લક્ષ્મીજીએ પુછયું કે—ભીક્ષાર્થી—શંકર ક્યાં ગયા છે. તો કહે એતો બળી રાજાના યજ્ઞમાં ગયા છે. (બળી રાજાનાં યજ્ઞમાં વિશ્નુ માગવા ગયા હતા) ત્યારે કહ્યું કે—તાંડવ નૃત્ય કરનાર—શંકર ક્યાં છે. ત્યારે પાર્વતી કહે કે એતો વંદ્રાવનમાં મગ્ન—આનંદ પામે છે. ક્રશ્ને પણ રાસ લીલાનો નાચ કીધો હતો) ત્યારે કહે પેલો કુરંગ મૃગલો ક્યાં છે. (મતલબ મૃગલા સારૂં તને ખોઇ હતી તે ક્યાંછે) તો કે એ તો કોણ જાણે વારાહ—ભુંડ ક્યાંઇ છે (વિશ્નુએ વારાહ અવતાર લીધો હતો) ત્યારે કહે ધરડો પોઠીઓ ક્યાં છે. તો-કહે એતો કોણ જાણે ગોવાળીઓ ક્યાં ગયો છે. એમ કહી લક્ષ્મીને ચુપ રાખી.

કાકુવક્રોક્તિનું ઉદાહરણ.

દોહરો.

જોયા વિચાર્યા વિના, નથી કોપ આ ઠીક;
એ સુણી માળા મારતી, કહે કેમ અઠીક.? ૩૨૮

કોઇ પુરૂષે તેની સ્ત્રીને કહ્યુ કે—જોવા વીચારવા વીના કોપ કરવો તે ઠીક નથી ત્યારે માળાથી સામી મારીને કહે શું ત્યારે અઠીક છે?

૯૩ સ્વભાવોક્તિ—જાતી સ્વભાવ જે રહ્યા હોય તેનું યથાસ્થિત વર્ણન આપે તેને સ્વભાવોક્તિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

લોચન ચંચળ ફેરવી, કાન સ્તબ્ધને અંગ,
જો પેલાં જુએ ખરે, નાજુક એમ કુરંગ. ૩૨૯

ચંચળ નેત્ર સ્તબ્ધને કાનને શરિરથી એકાગ્ર દ્રષ્ટિએ જો પેલાં હરણ જુએ છે તેમાં તેના જાતી સ્વભાવનું વર્ણન આપ્યું.

યથાવા. દોહરો.

નવાં દંપતિ બારમાં, સામા સામાજાય;
આમ તેમ આટોપિને, લાજ ભર્યાં મુસ્કાય. ૩૩૦

નવું પરણેલું વર વહુનું જોડું ઘરના બારણામાં સામું મળ્યું તેથી એક બીજું આમ તેમ ફરતાં અટકી પડી પછી મનમાં રાજી થઈ શરમાઈ જઇ એક જણને માગ દઇ ચાલે છે.

૯૪ ભાવિકાલંકાર—જ્યાં થઇ ગયેલી વસ્તુનું સાક્ષાત વર્ણન થાય તેને ભાવિક કહે છે.

ઉદાહરણ. દોહરો.

આતો સ્થાનક જોઈને, સ્મૃતિમાં આવિ જાય,
સુંર અસુરનું યુધ્ધ તે, જાણે હમણાં થાય. ૩૩૧

આ સ્થાનક નજરે જોઇને દેવતાનું ને રાક્ષસોનું જાણે હમણાં યુદ્ધ થતું હોય તેમ જણાય છે.

યથાવા. ઉપજાતિવૃત.

માનોક્ત વાણી થકી વસ્ત્ર ચારૂ,
લીધું કહી જે પળ મારૂં મારૂં,
બાળે કર્યું જે સ્મિત હાસ્ય જેવું,

રમી રહ્યું નેત્ર વિશેજ તેવું. ૩૩૨

તે બાળક સ્ત્રીને મનોક્ત વાણીથી મેં તેનું પડી ગયેલું વસ્ત્ર આપ્યું ત્યારે તેણે મારૂં વસ્ત્ર છે મારૂં છે એમ કહીને લેતી વખતે જે સ્મિત હાસ્ય કર્યું છે તે હજુ મારી આંખોમાં રમી રહ્યું છે.

૯૫ ઉદાત્તઅલંકાર—સ્મૃદ્ધીનું અથવા કોઈનાં ચરીત્રનું વખાણ કરવું તેને ઉદાત્ત કહે છે.

ઉદાહરણ. દોહરો.

જે પવતના શિખરમાં, થયું યુદ્ધ જે ઠાર;
ઉમા પતિ અર્જુનનું, ધન્ય ઘડી પળવાર. ૩૩૩

જે પર્વતના શીખરમાં અર્જુનનું ને શંકરનું જે ઠેકાણે યુદ્ધ થયું તે પર્વતને તે ઘડીને ધન્ય છે.

યથાવા. ઉપજાતિવૃત

રત્નો જડેલા મણિસ્તંભ પાસે, લંકા પતિનાં પ્રતિ બીમ્બ ભાસે,
અનેક રૂપો વિચ શુદ્ધ જાણ્યું, તત્વે કરીને કપિએ પ્રમાણ્યું. ૩૩૪

રત્નો જડીત સ્તંભમાં રાવણ બેઠોછે તેમાં તેનાં એક સરખાં અનેક રૂપો ફરતાં થઇ ગયાં છે તેમાં ખરૂં રૂપ હનમાને તત્વે કરીને ઓળખ્યું. એમાં સ્મૃધ્ધીનુ વર્ણન આપ્યું.

૯૬ અત્યુકિત—જ્યાં અંત્ય મીથ્યા અને અંત્યત અદ્દભૂત શૌર્યતા આદીનું વર્ણન આવે તેને અત્યુકિત કહે છે.

ઉદાહરણ. દોહરો.

યાચક તારા સર્વઓ, તું દાતા છે રાય;
કલ્પતરૂ સરખા દિસે, એજ તુજ મહિમાય. ૩૩૫

હે રાજા તું દાતા છે તેથી તારા સર્વ યાચક કલ્પતરૂ જેવાછે.

એજ તારો મહીમા છે. એમાં યાચક કલ્પતરૂ જેવા એ અત્યુક્તિ થઇ

યથાવા. **ઇંદ્રવજાવૃત.**

પ્રતાપ તારા શુભ રાય જાણ્યા; સાતે સમૂદ્રો અવની સુકાણા,
વૈરી તણી સ્ત્રી રૂદને કરીને, આંસુ થકી તેજ ભર્યા ફરીને. ૩૩૬

હે રાજા તારા પ્રતાપથી—પરાક્રમથી સાતે સમુદ્રો પૃથ્વિ ઉપર સુકાઈ ગયા હતા પણ તારા વૈરીની સ્ત્રીઓનાં આંસુથી ફરીને ભરાણા છે. એમાં આંસુથી ભરાણા'ને સુકાણા એ અત્યુક્તિ છે.

૯૯ નિરૂક્તિ અલંકાર--કોઈ યોગે કરીને શબ્દની ઉક્તી થાય તેમાં અન્ય અર્થની કલ્પના કરે તેને નિરૂક્તિ કહે છે.

ઉદાહરણ. **ઇંદ્રવજાવૃત.**

હે ચંદ્ર તું માણુસને પીડેછે, એવાં ચરીત્રો કરતો ફરેછે,
તેથીંજ દોષાકર તું થયો છે, આકાશમાં જેથી જઈ રહ્યો છે. ૩૩૭

હે ચંદ્ર તું માણસોને પીડેછે ને એવાંજ ચરીત્રથી તું આકાશમાં રહ્યાછે ને તારૂં નામ દોષાકર પડયુંછે--દોષા—રાત્રી. કર—કરવા વાળો. રાત્રી કરવા વાળો અથવા દોષાકર—દોષની ખાણ વાળો છું.

યથાવા **ઉપજાતિ**વૃત.

પુર્વે કવિને ગણતાં વિલાસ, કનીષ્ટિકામાં કવિ કાળીદાસ;
તે તૂલ્ય બીજું નહીં કોઈ આવ્યું, અનામિકા સાર્થક નામ કાવ્યું ૩૩૮

અનામીકા—અંગુઠાથી ચોથા નંબરની આંગળીનું નામ શા ઉપરથી પડયું. કે પ્રથમતો કાળીદાશ કનીષ્ઠિકામાં ગણ્યો ને તે તૂલ્ય બીજો કોઇ ન જડયો એટલે અનામિકા' નામ પડયુંજ એટલે નામ વિનાની થઈ.

૯૮ પ્રતિષેધ—જ્યાં પ્રસીધ નિષેધનું અનુકિર્તન—એટલે પુનરોક્તિ આવે તેને પ્રતિષેધ કહે છે.

ઉદાહરણ. **દોહરો.**

રેકીતવ નથી દ્યૂત એ, તીક્ષણ બાણે યુદ્ધ,
સમજી રાખો ધ્યાનમાં, માટે નથી વિરૂદ્ધ. ૩૩૯

અરે કીતવ—પાસાની વિદ્યા જાણનાર આ કાંઈ દ્યૂત–જુગાર નથી આતો તીક્ષણ બાણનું યુદ્ધ છે. એમ સમજજો માટે એ રીતે વિરૂદ્ધ નથી. એમાં દ્યૂતનો નિષેધ કરી કીતવ કટી પુનરોકતી કરી પ્રસ્તુત બાણ વિદ્યા મુકી.

યથાવા. **ઊપજાતિવૃત.**

દુષ્ટી પણાનો ન ઉપાય લાવી, સ્ત્રીએ કરીને પણ સ્ત્રી બનાવી,
ઝેરે કરીને નહીં શસ્ત્રથીરે, અજ્ઞાન મૃત્યુ ન કશાય થીરે. ૩૪૦

આ સ્ત્રી જાતી ઝેરે કરીને કે અગ્ની અથવા મૃત્યુથીં બનાવી નથી કેમકે તેની દુષ્ટતાનો ઉપાય તે કાંઇ આ જગતમાં લાવી નથી માટે ઈશ્વરે સ્ત્રીએ કરીનેજ સ્ત્રી બનાવી છે.

૯૯ વિધિઅલંકાર–જ્યાં સીધ્ધતા પ્રગટ થાય તેને વિધિકહેછે

ઉદાહરણ. **દોહરો.**

પ્રગટ થાય પંચમ સ્વરો, તે ટાણેજ જણાય;
કોયલ તે સૌ પક્ષીમાં, કોયલ તે નવ થાય. ૩૪૧

જ્યારે પંચમ સ્વર પ્રગટ થાય ત્યારે સર્વે પક્ષીમાં કોયલ તે તો કોયલજ થાય.

યથાવા. **ઉપજાતિવ્રત.**

જેણે સિતા ગર્ભવતી તજીછે, જેની ભૂજા રાવણને ભજીછે;
તેવી ભૂજા હે હણુ શુદ્રને તું, તપશ્વીનું કાર્ય નથી કહેતું. ૩૪૨

૧૦૦ હેતુઅલંકાર—કાર્યની સાથે કારણનું વર્ણન થાય તેને હેતુ અલંકાર કહે છે.

ઉદાહરણ. દોહરો

રૂડાં મુખની સ્ત્રી તણાં, માન છેદવા કાજ;
ઉગેછે એ ચંદ્ર જો, સમય જાણીને આજ. ૩૪૩

રૂડા મુખવાળી સ્ત્રીના માન છેદતને અર્થેજ આ ચંદ્રમા ઉગે-છે. એમાં ચંદ્રનું ઉગવું કારણ ને માન છેદન કાર્ય તે બેઉ સાથે પ્ર-ગટ થાય છે.

કાર્યને કારણનું એક પણું હોય તે ને પણ હેતુ કહે છે.

ઉદાહરણ. દોહરો.

કટાક્ષ વેંકટ દેશનાં, રાય તણાં જે યાર;
વિદ્વાનો ને લક્ષ્મીના, વિલાસનું આગાર. ૩૪૪

હે મીત્ર વેંકટ દેશના રાજાનાં કટાક્ષ છે તે વિદ્વાનોને લક્ષ્મી-ના વિલાસનું ઘર છે. એમાં કટાક્ષ તે કારણ છે અને વિલાસ એ કાર્ય છે પણ બંને ને ઐક્યતાથી વર્ણવ્યાં છે.

એ પ્રમાણે ૧૦૦ અલંકાર કહી બતાવ્યા જે પુર્વેના કવિને સાં-પ્રત કાળના કવીના મતને જોઈને કરવામાં આવ્યા છે.

એ શીવાય પંદર અલંકાર બીજા કહ્યા છે એમાં મુખ્ય રસ-વાન તે પ્રમાણ અલંકાર છે. રસવાનના સાત અને પ્રમાણના બીજા આઠ પેટા ભાગ તે મળી પંદર તેને અનુક્રમ પ્રમાણે નીચે આપ્યાછે.

રસ નવ પ્રકારના છે ૧ શ્રૃંગાર ૨ હાસ્ય ૩ કરૂણા ૪ રૌદ્ર ૫ વીર ૬ ભયાનક ૭ બીભત્સ ૮ અદ્દ્ભૂત ૯ શાંત આ નવ રસનો દરેકનો અકેક ભાવ થાય છે કે જે ભાવથી એ રસો પ્રકટ થાય છે તેનાં અનુક્રમવાર નામો નીચે પ્રમાણે. **१ रती** (૧) **२ हास** (૨) **३ शोक** (૩) **४ क्रोध** (૪) **५ उत्साह** (૫) **६ भय** (૬) **७ जुगुप्सता** (૭) **८ विस्मय** (૮) **९ निर्वेद** (૯) એ પ્રમાણે કાં-

સમાં આપેલા રસનો અનુંક્રમનો દરેક ભાવ થાયછે.

૧૦૧ **રસવાન** શ્રંગાર હાસ્ય વીગેરે નવમાંનો એક રસ બીજાના અંગમાં આવતો હોય તેને રસવાન કહે છે.

ટીકા—રસ એટલે ભાવના આલમ્બન અને ઉદ્દીપન રૂપ કાવ્યમાં વર્ણવેલ જે નાયકા ચંદ્રોદયાદિક કારણ તેને પ્રગટ કરે તેને વિભાવ કહે છે અને કટાક્ષ અને રોમોગદમાદિક ને પછીથી ઉત્પન્ન કરે તેને અનુભાવ કહે છે. આ બે ભાવથી રતી હાસ આદિક જે ચીતની વ્રતી થાય તેને રસ કહે છે.

રતી—એટલે આસક્તિ અને હાસ-વિદૂષક કે વિકૃત પુરૂષની ચેષ્ટાથી ચીત વ્રતીના વિકાર બહાર પ્રગટ થાય તેનેહાસ કહે છે. ઇષ્ટનો નાશ અને અનિષ્ટનો લાભ થવાથી જે ચીતવ્રતી થાય તેને શોક કહે છે એ પ્રમાણે દરેક ચીતવ્રતી નવ પ્રકારમાંની થાય તે ભાવ કહેવાય છે.

ઉદાહરણ **દોહરો**

કુંભ સૂત અગસ્ત જે, મોટું મન વરતાય;
મચ્છ કચ્છ દીઠા જહાં, એક અંજલી માંય. ૩૪૫

કુંભ—ઘડાથી ઉત્પન્ન થયેલા અગસ્ત મુની જે મોટા મનથી વરતે છે તેણે મચ્છ અને કચ્છ એક અંજલીમાં જોયા. એમાં અદભૂત રસ આવે છે.

યથાવા. **ઇંદ્રવજ્રાવૃત.**

આ હાથ પૂર્વાનુભવી થયેલો, કાંચી કટી ગ્રંથન મુકત ઘેલો;
માંસ સ્તનો મર્દન જંઘ કામી, ભૂરીશ્રવા પત્નિ વિલાપ પામી. ૩૪૬

ભુરીશ્રવા રાજાની સ્ત્રીઓ યુદ્ધમાં પડવા પછી તેનો હાથ લઈ તેના હાથને કહે છે કે—આ હાથ પુર્વેનો અનુભવ લીધેલો છે જે કાંચી

કટી મેખળા કેડનું વસ્ત્ર તેની ગાંઠોને ઘેલો થઈ છોડી નાખતો અને માંસ વાળાં સ્તન, જંઘાને મર્દન કરી કામ ઉત્પન્ન કરતો એમ કહી ભૂરીશ્રવાની સ્ત્રીઓ વિલાપ કરે છે.

૧૦૨ પ્રેયાલંકાર—વિભાવ અને અનુભાવથી પ્રકાશીત અને વૈરાગ આદિક જે તેત્રીશ ભાવને દેવતા ગુરૂ શીષ્ય આદિ સાથે પ્રીતી તે કોઇ બીજા રસનું અંગ થાય તેને પ્રેય કહે છે.

ટીકા—એ ત્રીશ ભાવ મુખ્ય ઉપર કહેલા નવ રસમાંથી પ્રકટ થાય છે તેમનાં નામ.

૧ નિર્વેદ. ૨ ગ્લાની. ૩ શંકા. ૪ આખ્યા. ૫ અસુયા ૬ મદ ૭ શ્રમ ૮ આળશ ૯ દૈન્ય ૧૦ ચીંતા ૧૧ મોહ ૧૨ સ્મૃતી ૧૩ ધૃતિ ૧૪ વ્રિડા અથવા, લજ્યા ૧૫ ચપળતા ૧૬ હર્ષ ૧૭ આવેગ ૧૮ જડતા ૧૯ ગર્વ ૨૦ વિષાદ ૨૧ ઔત્સુકય ૨૨ નિદ્રા ૨૩ વિસ્મૃતિ ૨૪ સ્વપ્ન ૨૫ વિબોધ ૨૬ અગર્ષ ૨૭ અવહીત ૨૮ ઉગ્રતા ૨૯ મતિ ૩૦ વ્યાધિ ૩૧ ઉન્માદ ૩૨ મર્ણ ૩૩ વિતર્ક. (લજ્યાદીના વિકારનું સંગોપન કરે તેને અવહીત કહે છે)

પ્રેયનુઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

ગંગા તિરે કોપિન ધારી રે'વું, જોડી કરોને સ્તુતીથી કહેવું;
ગૌરીપતી શંભુ પ્રસંન થાઓ, કયારે લઊં હું શૂભ એજલાવો ૩૪૭

કોઇ વૈરાગવાન પુરૂષ કહે છે કે—ગંગા નદીને કાંઠે કોપીન–લંગોટી વાળીને રહેવુ અને બે હાથ જોડી માથે રાખી શંકરની સ્તુતિ કરી હે ગૌરીપતી–હે શંભૂ પ્રસન થાઓ એવો લાવ કયારે હું લઇશ.

એમાં શાંતીરસમાં "કયારે" એ શબ્દ આવવાથી ચીંતા ભાવ

અંગ થાયછે.

યથાવા ઇંદ્રવજ્રાવ્રત.

મોટા ગિરી સાગર ધારનારી, થાકી નહીં તે ગણિ સ્તૂત્યકારી;
તે ધારનારો તુજ હાથ એક, થાયે સ્મ્રતી કે તજી વાણી છેક. ૩૪૮

કોઈ કવી રાજાને કહે છે કે—મોટા પર્વતો અને સમુદ્રને ધારણ કરનાર પૃથ્વિ થાકતી નથી તે જોઈ તે કામ હું સ્તુતીકારક ગણુંછું તેવામાં તેજ પૃથ્વિને તારો એકજ હાથ ધારણ કરતો મને યાદ આવવાથી મેં સ્તુતી કેવળ બંધ કરી.

૧૦૩ **ઊર્જસ્વિતઅલંકાર**—અયોગ્યતાએ જે રસભાવ પ્રવર્તે તેને રસાભાસ અથવા ભાવાભાસ કહે છે ને એ આભાસ જ્યારે બીજાનુ અંગ થાય ત્યારે ઉર્જસ્વિત કહેવાય છે.

ઉદાહરણ. ઉપજાતિવ્રત.

શત્રૂ તરૂણી જતિ ત્રાસ માંને, પડ્યા ભિલો પાછળ લૂટવાને;
કંપે ઊરો ચંચળ નેત્ર તેનાં, ભિલો પડ્યા બંધજ જોઈએનાં.૩૪૯

હે રાજા—તારા શત્રુની સ્ત્રીઓ વનમાં ત્રાસ પામીને ત્રાસમાં નાસે છે તેની પાછળ ભીલો તેને લુંટવાને દોડે છે પણ તેની છાતી કાંપતી ને ચંચળ નેત્ર જોઇ ભીલો પાછળ દોડતા બંધ પડી ગયા.

એમાં રાજા ઉપરનાં રતી ભાવનું અંગ શ્રંગારનો આભાસ થયો અને શ્રંગારની રતી ભીલોને થઈ છે તેનો આભાસ રાજા ઉપર પ્રીતીનો થયો છે.

ઉદાહરણ. દોહરો.

હે રાજા તું જાય છે, સંગ્રામે જે વાર;
શત્રુ ગણ સમજે સહુ, થયો સફળ અવતાર. ૩૫૦

કવી રાજાને કહે છે કે હે રાજા તું જે વારે સંગ્રાગમાં જાય

છે ત્યારે શત્રુનાં ગણુ એમ સમજે છે કે અમારો જન્મ સફળ થ-
યો કે દર્શન થયાં.

એમાં કવીની રાજા ઉપરની પ્રીતીના ભાવનું અંગ શત્રુના ગ-
ણુની પ્રીતી થઈ.

૧૦૪ **સમાહિતઅલંકાર**—ભાવની શાંતી પામતી અવસ્થા
તે જ્યારે બીજાનું અંગ થાય ત્યારે તેને સમાહિત કહે છે.

ઊદાહરણ. **માલિનિવૃત**

તરૂણિ નજર જોઇ, મુખથી શું કહેશે,
ધરિ ધિરજ રહ્યો હું મૌન્ય થઈ ક્રોધ વેશે;
કપટ કરિ પછી મેં, હાસ્ય જેવુંજ કીધું,
રૂદન ધિરજ મૂકે, તેમ આંસુથી કીધું. ૩૫૧

કોઇ નાયક પોતાનાં મિત્રને નાયકા વૃતાંત કહે છેકે—હે
મિત્ર તે સ્રીને મેં જોઇ કે તે મુખમાંથી શું બોલે છે તે સાં-
ભળવાને હું ધીરજ રાખી મુંગો ઉભો રહ્યો ત્યારે તેણે મુ-
રખ જાણી મારાપર ક્રોધ કીધો પણ જ્યારે મેં કપટથી હાસ્ય
કીધું ત્યારે તેણે ધીરજ મુકાને તેવું રૂદન કરી આંસુ મુકયાં.

એમાં શ્રંગાર રસનું ક્રોધને શાન્તી અંગ થયું.

૧૦૫ **ભાવોદય**—ભાવોની પ્રગટ થતી અવસ્થા તેને ભા-
વો દય કહે છે.

ઉદાહરણ. **વસન્તતિલકાવૃત.**

હે રાય શાંન્ત થઈ એક દયાળુ થાજે,
જોઇ તને દિવસ છેક ગયાજ આજે;
એવા વિચાર કરતી એકલિ બેઠી આંહી,
આ હંસ રૂપ લખી આગળ આપ્યું ત્યાંહી. ૩૫૨

નળ રાજાને દમયંતી કહે છેકે—હે રાય શાન્ત થા અને એક દયા રાખી રહે તને જોઈ મેં મારા દિવસ નિર્ગમ્યા છે. એમ બોલું છું તેવામાં આ હંસે તમારા જેવો પુરૂષ લખીને આગળ મુક્યો.

એમાં દમયંતીનો ઉત્સાહ રૂપ ભાવનો ઉદય છે તે શ્રંગાર રસનું અંગ છે.

૧૦૬ ભાવસન્ધી—એ વિરૂદ્ધ ભાવની પરસ્પરની ચડાચડી તેને ભાવ સંન્ધી કહે છે.

ઉદાહરણ. ઉપજાતિવૃત.

રાણી જુવે છે સ્મર ચાપ ધારી, વિયોગથી પીડિત તારી નારી,
યુદ્ધ રૂવાં થાય કપોળ ભારે, બીજી ગમે મંગળ પાળિકારે. ૩૫૩

કવી કહે છે કે—હે રાજા તારી રાણી તારા વિયોગથી પીડિત છે તે જેમ કામદેવનું ધનુષ હોય તેવું ચડાવી એક તરફના લમણાથી જુવે છે ને તારૂં યુદ્ધ ભારે થાય છે તે જોઇ બીજી તરફનો લમણો મંગળ પાળિકા (મંગળ સ્તંભ કેળના સ્તંભ વીગેરેનો માંડવો) રચે તેવો કરે છે.

એમાં સ્ત્રીનો પ્રેમ ને રણનો ઉત્સાહ એ બેની સાથે સ્પર્ધા થઇ.

૧૦૭ ભાવશબળ—ઘણાક ભાવ એક પછી એક મળી સાથે ઉત્પન્ન થાય તેને ભાવ સબળતા કહે છે.

ઉદાહરણ. શાર્દૂલ વિક્રિડિત.

ક્યાં મારૂં કુળ ચંદ્રવંશ અધિકું, ક્યાં બ્રહ્મા કન્યા ગુના;
કીધું સામું કટાક્ષ દોષ નથી જો, કીધી કદી યાચના;
કોપે છે વળી કાંન્તી કાંઈ મુખની, શોભેજ રૂડી અતી;
છે તો દુર્લભ પામવી તરૂણને, જો ભ્રષ્ટ મારી મતી. ૩૫૪

શુક્રાચાર્યની દીકરીને રાજા જોઈ કહે છે કે—આ મારૂં ચંદ્રવંશનું રૂડું કુળ ક્યાં અને આ બ્રહ્મ કન્યામાં મારી આસક્તી ક્યાં એ તો ગુનોહ છે. તો પણ મારા સામું તે કટાક્ષ કરેછે માટે વરવાને યાચના કરવામાં કાંઇ દોષ નથી પણ તે કોપાયમાન છે તેની કાંન્તીને મુખ બહુ શોભે છે. એને પામવું એ દુર્લભ છે એમ કહીને વળી કહે છે કે—અરે મારી મતી કેવી ભ્રષ્ટ છે. એમાં ઘણા ભાવ આવી જાય છે.

૧૦૮ પ્રત્યક્ષઅલંકાર—પ્રત્યક્ષ વાતનું વર્ણન આવે તેને પ્રત્યક્ષ કહે છે.

ઉદાહરણ. ઊપજાતિવ્રત.

સ્વાદીષ્ટ થંડુ શુભ મદ્યપાન, મોરે સુગંધી અલિ શબ્દ માન,
સ્વામીતણું ત્યાં પ્રતિબીમ્બ ભાળી, રસેંદ્રિયી નીવૃત થાય બાળી ૩૫૫

થંડુ અને સ્વાદીષ્ટ મદ્યપાન છે તેમાં આંબાના મોરો નાખ્યા છે તેથી સુગંધીમાન છે વળી ફરતા ભમરાઓ ગુંજારનો શબ્દ કરી રહ્યા છે તે મારા સ્વામીનું પ્રતિબીમ્બ પડેલું જોઇને પીને રસેંદ્રિઓથી જુવાન સ્ત્રીઓ નીવૃતીને પામે છે.

એમાં આંખ, નાક, જીભ, ત્વચા અને કર્ણેંદ્રીનુ પ્રત્યક્ષ પણું બતાવ્યું છે.

યથાર્વા. દોહરો.

તળાવમાં એ કમળ છે, કે એ સ્ત્રીનું મુખ;
નિશ્ચય કીધો જોઈને, પુરૂષ જઈ સન્મુખ. ૩૫૬

તળાવમાં કમળ છે કે સ્ત્રીનું મુખ એનો માણુસ મોકલી પ્રત્યક્ષ નિશ્ચય કીધો.

૧૦૯ અનુમાનઅલંકાર—જ્યાં કોઈ વસ્તુનો અનુમાનનું

થી નિશ્ચય થાય તેને અનુમાન કહે છે.

ઉદાહરણ. ઈંદ્રવજ્રાવૃત.

આ કામની આગળ કામ ચાલે, એવું વિચારે અનુમાનથી લે;
જે સ્થાનકેથી ભૃકુટી ચલાવે, ભેદીજ મર્મસ્થળ પાર આવે. ૩૫૭

આ સ્ત્રી છે તેની આગળ કામદેવ ચાલે છે એમ અનુમાન કરૂં છું કેમકે જે સ્થાનકેથી તે ભૃકુટી ચલાવે છે તે મર્મસ્થાન ભેદી પાર ઉતરી જાય છે.

યથાવા. ઉપજાતિવૃત.

જો માલતી ડોલર મલ્લીકાનાં, ફુલો ખિલ્યાંને કમળો બીડાણાં,
પક્ષી ગયાં સૌ લય પામી જેથી, સૂર્યાસ્ત પામ્યોજ જણાય એથી. ૩૫૮

માલતી, ડોલર ને મલ્લીકાનાં ફુલો ઉઘડ્યાં છે અને કમળનાં ફુલ બીડાઇ ગયાં તથા પક્ષીઓ સૌ સૌને સ્થાનકે લય પામ્યાં તેથી સૂર્ય અસ્ત થયો જણાય છે.

૧૧૦ ઉપમાઅલંકાર—જ્યાં શુદ્ધ ઉપમાને કરી અર્થ જણાવાય ત્યાં ઉપમાન કહે છે.

ઉદાહરણ. દોહરો.

તારા મંડળ માંહી જે, શકટાકાર જણાય;
તેજ રોહિણી માનજે, તનવી તુંજ સદાય. ૩૫૯

હે સ્ત્રી આ તારા મંડળમાં જે ગાડાંના આકારે જણાય છે તેજ રોહીણી નક્ષત્ર છે"એમ તું નકી જાણજે.

યથાવા. ઉપજાતિવૃત.

વિસ્તુ સમો દીવ્યજ તેજ વાળો, અત્યંત તે સુન્દર કામ ભાળો;
જે ધૈર્યમાં હેમગિરી પ્રમાણે, તેવો ખરે તું નળરાય જાણે. ૩૬૦

વિસ્તુ જેવો દીવ્ય તેજવાળો, કામદેવ જેવો અત્યંત સું-

દર અને ધૈર્યમાં હેમાચળ જેવો દૃઢ એવો નળ રાજા છે એમ તું જાણજે.

૧૧૧ શબ્દ પ્રમાણ અલંકાર—શ્રુતી સ્મૃતિનાં વાક્યથી પ્રમાણ થાય તેને શબ્દ પ્રમાણ કહેછે.

ઉદાહરણ. ઉપજાતિવૃત.

બ્રહ્મા તણું કારણ શંભુએ છે, વેદોકત તે વાકય તું સત્ય કેછે;
બાકી નહીં બોલતું દોષ તેનાં, ઊત્પતિ તે કારણ કયાંથી એના.૩૬૧

શંકર બટુક રૂપ થઇને પાર્વતીને ઠગવા આવેલ છે ત્યારે બટુકે પાર્વતીને કહ્યું છે કે-શંકરમાં ઘણા દોષછે અને તે તો આ દુનિઆમાં જન્મ પામેલ છે. ને બ્રહ્માનું કારણ તેછે એમ કહ્યું છે ત્યારે પાર્વતી કહે છે કે બ્રહ્માનું કારણ શંકર છે એ વાકય તું સપ્રમાણ બોલે છે. તેથીજ શંકરને જન્મ છે નહીં.

યથાવા. દોહરો.

બળાત્કારે પાપ તે, કર્યું નહીં કર્યું થાય;
એવા પાપ કહે મનુ, કર્મ ન કાંઇ ગણાય. ૩૬૨

બળાત્કારે કરેલાં પાપ તેનું કર્મ લાગતું નથી એમ મનું કહેછે માટે એવા બળાત્કારથી કરેલા પાપથી કર્મ લાગતું નથી.

એમાં મનું સ્મૃતિનું પ્રમાણ આપ્યું છે.

૧૧૨ અર્થાપત્તિ—અર્થે કરીને જે ખસુસ હોવું જોઈએ તેને અર્થાપતિ કહે છે.

ઉદાહરણ. દોહરો.

નીર્ણય કરવા યોગ્ય છે, મધ્ય ભાગ છે એમ;
નહિં તો સ્તનના ભારથી, સ્થીતી ન થાતી તેમ. ૩૬૩

હે સ્ત્રી તારો મધ્ય ભાગછે એમ નિર્ણય કરવાને યોગ્ય છે. ન-

હીં તો સ્તનના ભારથી જે રીતી થાય છે તે થાત નહીં.

યથાવા દોહરો.

તીરસ્કાર સાગર તણો, કર્યો ન ગંગા હોય;

કાળું જળ સાગર વિશે, થાત ન તે વિણ કોય. ૩૬૪

આ સમુદ્રનાં પાણીનો ગંગાના જળે તીરસ્કાર ન કર્યો હોય તો તેનું પાણી કાળું ક્યાંથી–હોય? માટે તે તીરસ્કારથી કાળુંછે.

૧૧૩ અનુપલબ્ધિ—કોઇ વસ્તુનો ખરો પાર વિચારવાથી પણ ન પમાય તેને અનુપ લબ્ધિ કહે છે

ઉદાહરણ. ઉપજાતિવૃત.

વિચાર શિળો નહીં મધ્ય માને, તેથી નથી એમ સહુ પ્રમાણે;

નિરાળવા આ સ્તન ગીરિ રે'છે, તે કામની ઇંદ્રની જાળ કે'છે. ૩૬૫

હે સ્ત્રી--વિચાર શીળ પુરૂષો મધ્ય માનતા નથી ને દેખી શકતા નથી તેથી મધ્ય ભાગ નથી એમ કહે છે અને સ્તન રૂપી જે બે પર્વતો છે તે અધર જે રે'છે એતો કામદેવની ઇંદ્રજાળ છે એમ નિશ્ચય કરે છે

૧૧૪ સંભવ અલંકાર—કોઇ પણ સંભવિત વસ્તુનું વર્ણન કરવું તેને સંભવ કહે છે

ઉદાહરણ. ઇંદ્રવજ્રાવૃત.

અદ્રશ્ય જે છે દુખ પામવાનું, ભાવી ગણી સ્હેજ સહુજ માનું;

શર્ણા ગતીને પણ પીડવાએ, અયોગ્ય તે આપ તણુ ગવાએ ૩૬૬

હે પ્રભુ–જે દુખ જોયું નથી ને ભોગવવાનું છે તે થાવાકાળ એમ માની સ્હેજ ગણી સહન કરીશુ પણ તમારે શરણે આવેલ પણ પીડાય ત્યારે તે વાત તમને અયોગ્ય છે એમ કહેવાય.

યથાવા. ઊપજાતિવૃત.

રસીક મારી કવિતા રૂપાળી, અજ્ઞાની સારૂ નથિ યત્નવાળી;
કાળે થશે ધર્મ સમાન ક્યારે, થશે પછી સાર્થક એજ ત્યારે. ૩૬૭

કોઇ કવિ કહે છે કે—આ મારી સુંદરને રસીક કવિતા છે. તે અજ્ઞાનીને રસહીન પુરૂષોને વાસ્તે આ મારો યત્ન નથી પણ કોઇ કાળે સમાન ધર્મવાળો જાણ પુરુષ થશે તેને વાસ્તે છે ને ત્યારેજ તેનું સાર્થક થયું ગણાશે.

પૃથ્વિ મોટી છે માટે ક્યાંઈ સમાન ધર્મ થશે ને કાળની અવધી નથી માટે કોઇ સારો પુરૂષ થશે એમ સંભવ છે

૧૧૫ ઐતીહ્ય અલંકાર--લોક વાણીનું પ્રમાણ આવે તેને ઐતીહ્ય કહેછે

ઊદાહરણ. ઇંદ્રવજાવૃત.

કલ્યાણ કારી મનરંજ થાયે,
જે લોક વાણી જગમાં ગવાએ;
જે જીવતો તે નર ભદ્ર પામે;
આનંદ એવાક્ય વિશેજ જામે ૩૬૮

હે મિત્ર જે લોક વાણી જગતમાં બોલાય છે તે કલ્યાણ કારી લાગે છે કેમકે—

"જીવતો નર ભદ્ર પામશે" એ વાક્ય બોલતાંજ તેમાં વિશેશ આનંદનો જમાવ થાય છે.

संपूर्ण.

અગાઉથી ગ્રહાક થઇ આશ્રય આપનાર ઉદાર ગ્રહસ્થોનાં મુબારક નામ.

---

૨૦ નેક નામ મિરજાં મહારાઓ શ્રી ખેંગારજી સાહેબ સવાઈ બાહાદુર ભૂજ

કરાંચી

૨૫ મે૦કરશનદાસઅરજણભાઈ
૨૦ એક મિત્ર.

ધ્રાંગધરા

૧૦ રા૦ અમીચંદ વિ. નથુભાઇ. ફોટોગ્રાફર.

દામનગર

૧૦ મે૦ શેઠ દામોદરદાસ જગજીવનદાસ

બીલંખા.

૬ આજમ વાળાશ્રીદેશાબીમા.
૫ મિ૦ પુરૂષોત્તમ કકલભાઇ બોટાદ
૫ રા. ઉમિયાશંકર જીવણરામ કારભારી—કોટડા—સાંગાણી.

૫ નેક નામ રાઓળ શ્રી હરી સિંહજી—રૂપસિંહજીભાઇ સીહોર.
૫ કવિ૦ ગોવીંદ ગીલાભાઇ સીહોર.

ધરમપુર.

૪ મહારાણા૦ કુમારશ્રી બળદેવજી

રાજકોટ.

૨ મે૦ કુવરજી કોયાજી શેઠ.
૨ મે૦ મનોરમહાદેવ રેવન્યુ કમીશ—નરસાહેબ સ્વ.ધ્રાંગધરા.
૨ મહન્ત નાયણ ભારતીય શવંત ભારતી. પાટણ

મુંબઈ.

૨ મે. મનમુખરામ સૂર્યરામ ત્રિપાઠી

જુનાગઢ.

૨ રા૦ ગોવીંદજી નાનજી પુ-
કશેલર

વઢવાંણ શીવીલ સ્ટેશન

૨ રા૦ દામોદરદાસ ભગવાન-
દાસ વકીલ.
૧૦ મિ૦ ભગવાનજી કેશવજી
મારફત.

અકેવાળીયા.

૧ કુમારશ્રી અભેસીંહજી મા-
ધવસીંહજી

લાઠી.

૧ કુમારશ્રી જશવંતસીંહજી
પૃથુરાજજી

મેંગણી.

૧ કુમારશ્રી ભગવાનસીંહજી

છોટાઉદેપુર.

૧ કુમારશ્રીખુમાનસીંહજી દાદા

રાજપુરા.

૧ કુમારશ્રી ગુમાનશીંહજી

વણા.

૧ કુમારશ્રી જાલમસીંહજી

છોટાઉદેપુર.

૧ કુમારશ્રી હીમતસીંહજીદાદા

પંચાશીયા.

૧ કુમારશ્રી કેશરીસીંહજી
૯ મે૦ વાલજીભાઇ મારફત.

વળા.

૧ રા. ગુલાબચંદવિ.જીવાભાઈ
૧ રા૦ ડાયાલાલ હરજીવનદા-
સ દવે.
૧ રા૦મણીશંકરઘેલાભાઇઆ.

પછેગામ.

૧ મુખી રણછોડભાઇ રામેશ્વ-
ર પો. ૫.
૧ રા૦ પાઠકજટાશંકરરતનજી
૧ વૈદ૦ અંબાશંકરજટાશંકર
૧ રા. નાગરદાસઇશ્વરભાઇભટ
૧ રા૦મહાશંકર રામશંકરભટ

થોરડી.

૧ રા૦ ગીરજાશંકર કરૂણા-
શંકર ભટ.
૯ રા૦ માણેકલાલ મારફત.

અંજાર.

૧ રા૦ માણેકલાલ વિ. કાશી રામ વહોરા.
૧ રા૦ રંગીલદાસ પ્રજારામ
૧ રા૦ લાધાલાલ દલપતરામ ભૂજ

જામનગર.

૧ રા૦ મગાશંકર કલ્યાણજી આચાર્ય
૧ રા૦ કાશીરામ વિ. બજીભાઈ પંડ્યા.
૧ રા૦ નથુલાલ વિ. મોતીલાલ આચાર્ય
૧ રા૦ ભગવાનજી સોગજીભાઇ શુક્લ
૧ રા૦ વિશ્વનાથ વિ. કૃપાશંકર પંડિત
૧ રા૦ વજેરામ વિ. અંબારામ પાઠક
૭ મિ૦ વૃજલાલ મારફત

હળવદ.

૨ મે૦ ડા૦ નારાયણ સ્વામી બાળકૃષ્ણ.
૧ મિ૦ વૃજલાલ વિ. પીતામ્બર ભટ
૧ શાહ પાનચંદ પુરૂષોત્તમ.
૧ રા૦ ઇશ્વરલાલભાઇ
૧ રા૦ આદીતરામભાઈ
૧ રા૦ લીલાધર શીવશંકર

પલસાણા.

૪ રા૦ જીણાભાઇ મારફત.
૧ રા૦ જીણાભાઇ અમૃતરામ દેશાઈ
૧ રા૦ હરરાયગોપાળરાયદેશાઈ
૧ રા૦ ગુલાલભાઈ રગનાથજી દેશાઈ
૧ રા૦ વશનજીદયાલજીદેશાઈ

પાળીતાણા.

૩ મિ૦ પોપટલાલ મારફત.
૧ રા૦ મહાશંકર ગંગારામ છા. મે.
૧ રા૦ મુગટરાય માધવરાય શે. ફોજદાર
૧ રા-પોપટલાલદયાલજીભાઈ

વીરમગામ.

૩ મિ૦ તૈયબઅલી મારત
૧ મિ૦ જેરામ ઇચ્છારામ
૧ રા૦ છોટાલાલ રામભાઈ
૧ મિ૦ તૈયબઅલીઇશમાલજી

બાટવા.

૧ મે. ઠાકોર દોલતસીંહજી હરીસીંહજી
૧ ધનજીશા લાયબ્રેરી

ધરમપુર.

૧ મહારાણા શ્રી નારાયણ દેવ-
જી લાયબ્રેરી.
૧ ખવાશ૦ છોટુભાઇકાળુભાઇ

ધ્રાંગધરા.

૧ મે૦ કુમારશ્રી વીજયશીંહજી
૧ મે૦ કુમારશ્રીલઘુભારાજકોટ.
૧ રા૦ રણછોડજી નારણજી–
ધરમપુર
૧ રા૦ છગનલાલ રતનજી
સરવૈયર.
૧ રા૦ તુળશીદાસરામજી દવે
૧ મે૦ જમાદાર લાડભાઇ દા-
દમહમદ
૧ મિ૦ મનજી વશરામ
૧ સલાટ ગીરધર પાનાચંદ
૧ મિ૦વૃજલાલરામજીપારેખ.
૧ મિ૦ લક્ષ્મીચંદ વિ. મક-
નભાઇ
૧ મિ૦ મણીશંકર વિ. ગી-
રજા શંકર ત્રવાડી
૧ મિ૦ દેવશી જેરામ
૧ વોરા૦ ઉજમશી વીરજી
૧ દેશાઈ૦ ચતુર દલસુખ
૧ ભાવશાર૦ માણેકચંદપરભુ
૧ રા૦ મુળશંર રાજારામ.
વ. પો. પ.
૧ મિ૦ કૃપાશંકર કાળીદાસ
૧ પરમારરૂપાભાઈઅભેસીંહમુળી
૧ કવિ.પ્રભાશંકરઅંબાશંકર ધ્રા.

૧ મે. જાદજીવહાજીવકીલરાજકોટ
૧ મે. લક્ષ્મીચંદ વહાલજી વકીલ
વઢવાણ
૧ રા. ફુલજીહરીક્રશ્નદવે-વઢવાણ
શ્રી નાગરોત્કર્ષ સભાનીજ્ઞાનકુસુમ
૧ પુસ્તકાલય—જામનગર
૧ નરશંગલાલરેવાશંકરવૈષ્ણવ દ્રાં
લા. સે. દયાશંકર શામજી અંજાર

ભાવનગર

૧ રાજેશ્રી ભગવાનદાશ ઉત્તમદાસ

જશદણ

૧ મે. ભગવાનજી ભોળાનાથ
કારભારી
૧ રા. છગનલાલ બ્રીજભુખ-
ણદાસ ભરુચ
૧ રા. મણીલાલ અંબાલાલ
અમદાવાદ.
૧ રા. ઓઘડલાલ લક્ષ્મીચંદ
મોરબી
૧ રા. દેવચંદ કુરજી ઠકર કુ-
તીયાણા
૧ રા. કળીદાસ, મુળચંદ ઉ-
પલેટા
૧ રા. પરશોતમ અમરજી પં-
ડયા માંગરોળ.
૧ રા. જગનનાથ વહાલજીથળા
૧ રા. ન્યાલચંદ તલકચંદ બા-
લંભા
૧ ઓઝાપુરૂષોતમરવજીદસાડા
૧ વિજયશંકર ચત્રભૂજ

વિજય રંગ.

આ અનુપમ માસિક પત્રમાં હમેશને માટે એક રસાલંકારથી જળહળિત સંસ્કૃત તેમજ વ્રજ ભાષાના ગ્રંથનું ભાષાન્તર ચાલુ રહેશે અને ગુજરાતીમાં મનને રંજક કરે તેવું એક નોવલ્સ અને એક મનહર કાવ્ય નાટકાદીનો ગ્રંથ તેમાં મુકવામાં આવશે. તેમજ બાળલગ્ન, સ્ત્રી કેળવણી વગેરે દેશોન્નતિના અસરકારક-છટાદાર ભાષામાં લખાયલા વિષયો દાખલ થશે. તેમજ હોશીલા કવિઓના રંજનાર્થે કાવ્ય સમસ્યા—પાદપૂર્તી મુકવામાં આવશે. ગ્રાહકોને વરસમાં બેથી ચાર ઉત્તમ ભેટો આપવામાં આવશે.

ચોપાનિયાનું કદ. બુદ્ધિપ્રકાશ જેવડાં મોટા સોળ પૃષ્ટનું થશે. કિમ્મત રૂપિઓ એક પોસ્ટેજ માફ.

ગ્રાહક થવા ઇચ્છનારે પોતાના નામ તાકીદે નિચેને શીરનામે નોંધાવવા.

ધરાંગધરા.
વિજયરંગ ઓફીસ.

લી.
કુંવરજી વિ. વર્દ્ધમાન શાહ.
મેનેજર.

कुरान शरीफ